રાષ્ટ્રીય વિરાસત સંસ્થા શ્રી ગ્રામદક્ષિણામૂર્તિ ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત

# કોડિયું

લોકાભિમુખ નઈતાલીમી કેળવણી દ્વારા સંતુલિત વિકાસ સાધવા પ્રયત્નશીલ સંસ્થા-સામયિક

## શ્રી મનુભાઈ પંચોળી - 'દર્શક' ફાઉન્ડેશન
## એવોર્ડ અર્પણ સમારોહ




તારીખ : ૦૪-૦૪-૨૦૨૪ સ્થળ: શ્રી કસ્તુરબા સ્ત્રી વિકાસ ગૃહ, જામનગર

ગ્રામ પુનર્રચના એવોર્ડ : શ્રી કસ્તુરબા સ્ત્રી વિકાસ ગૃહ, જામનગર

સાહિત્ય એવોર્ડ : શ્રી નરોત્તમભાઈ પલાણ

વર્ષ: ૭૭ અંક : ૧૦ ૧૫ મે, ૨૦૨૪

# પંડિત સુખલાલજી લોકવિદ્યાલય-માઈધાર ખાતે યોજાયેલ વિવિધ ગ્રિષ્મ શિબિરો


















સોનલ પરીખ

# કોડિયું

વર્ષ : ૭૭ મે: ૨૦૨૪ અંક : ૧૦

## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૦૧ | બાપ, હસવું જોઈએ અંદરના કેમિકલ્સ બદલાઈ જાય.<br>મોરારિબાપુ | ...૦૬ |
| ૦૨ | સાધના કા પથ કઠિન હૈ !<br>બિંદુ- પાર્થેશ | ...૦૭ |
| ૦૩ | ભારતભૂમિની ઊર્જાવાન નારીઃ રાણી આબાક્કા ચૌટા<br>ટીના દોશી | ...૧૦ |
| ૦૪ | સમ્યકજ્ઞાન, સમ્યકદર્શનના યાત્રી : ઈસ્માઈલદાદા<br>પ્રવીણચંદ્ર ઠક્કર | ...૧૩ |
| ૦૫ | ઓટલા પરિષદમાં રચનાત્મક આચારો<br>ડૉ. મનહર ઠાકર | ...૧૭ |
| ૦૬ | ક્રિકેટની ટર્મિનોલોજીમાં નિહિત શિક્ષણની ટર્મિનોલોજી<br>ડૉ. સંજય આર. તલસાણીયા | ...૨૨ |
| ૦૭ | માતૃભાષા અને આપણે<br>રજનીકુમાર પરમાર | ...૨૪ |
| ૦૮ | તમને આજની કવિતા કેટલી સમજાય છે?<br>રોહિત શાહ | ...૨૭ |
| ૦૯ | પુસ્તકાલયનું પંચામૃત<br>ડૉ. સી. ટી. ટૂંડિયા | ...૨૯ |
| ૧૦ | શૈક્ષણિક અનુભવનો અનુબંધ<br>કવિતા વ્યાસ | ...૩૨ |
| ૧૧ | શું? માથાં વાઢ્યે વધુ ઉત્પાદન મળે?<br>હીરજી ભીંગરાડિયા | ...૩૪ |
| ૧૨ | નિરાધાર, દીન, હીન, સર્વને સમાવતો ગાંધીજીનો સમાજવાદ<br>સોનલ પરીખ | ...૩૭ |
| ૧૩ | સંસ્થા સમાચાર<br>પ્રશાંત મહેતા | ...૩૯ |

**આદ્યતંત્રીઓ :**

સ્વ. શ્રી નાનાભાઈ ભટ્ટ
સ્વ. શ્રી મનુભાઈ પંચોળી
સ્વ. શ્રી મૂળશંકરભાઈ ભટ્ટ
સ્વ. શ્રી અનિલભાઈ ભટ્ટ

**તંત્રી :**

ડૉ. અરુણ દવે
(મો. ૯૪૨૬૪૬૧૨૭૭)

**સહતંત્રી :**

ડૉ. દિનુ ચુડાસમા
(મો. ૯૯૭૯૧૮૭૫૮૭)

**સંપાદક-મંડળ:**

સોનલ પરીખ
(મો. ૮૩૬૯૭૭૭૦૮૬)
વિશાલ ભાદાણી
(મો. ૯૪૨૬૮૮૫૩૮૭)
તારક ઓઝા
(મો. ૯૮૭૯૨૧૩૬૯૬)
પ્રશાંત મહેતા
(મો. ૯૮૭૯૪૦૭૫૮૨)

**મુદ્રક-પ્રકાશક :**

શ્રી સુરસંગભાઈ ચૌહાણ
(મો. ૯૯૨૫૬૩૨૩૦૪)

**માલિક :**

ગ્રામદક્ષિણામૂર્તિ ટ્રસ્ટ

**મુદ્રણ-સ્થાન :**

ચામુંડા પ્રિન્ટિંગ પ્રેસ,
રેલવે સ્ટેશન રોડ,
સોનગઢ,
ફોન : ૨૮૪૬-૨૪૪૦૫૦

**પ્રકાશન-સ્થળ :**

ગ્રામદક્ષિણામૂર્તિ, આંબલા


## ◆ સૂચના ◆

- 'કોડિયું' દરેક મહિનાની પંદરમી તારીખે પ્રગટ થાય છે. તા. ૨૫ સુધીમાં અંક ન મળે તો ટપાલમાં તપાસ કર્યા પછી જ કાર્યાલયને જણાવવું.
- પત્રવ્યવહારમાં ગ્રાહક નંબર અવશ્ય લખવો. સરનામામાં ફેરફાર થાય તો કાર્યાલયને તરત જાણ કરવી.
- ગમે તે મહિનાથી ગ્રાહક બની શકાય છે. લવાજમ મ.ઓ. ડિમાન્ડ ડ્રાફ્ટ અથવા ઓનલાઈનથી સ્વીકારવામાં આવે છે.

Ac Name: ગ્રામદક્ષિણામૂર્તિ, Ac No.56016001728,
IFSC Code : SBIN0060016, Branch: SBI, Amargadh

## ◆ લેખ મોકલવા માટે ◆


'કોડિયું' કાર્યાલય,
લોકભારતી, સણોસરા,
જિ. ભાવનગર ૩૬૪૨૩૦
kodiyusanosara@gmail.com


## ◆ લવાજમ અને અંક વિષેની ફરિયાદ માટે પત્રવ્યવહાર ◆


શ્રી રવિભાઈ પંડયા
(મો. ૯૮૨૪૮૧૨૫૬૫)
ગ્રામદક્ષિણામૂર્તિ લોકશાળા,
મુ. આંબલા- ૩૬૪૨૧૦
pandyavrp532@gmail.com


## ◆ લેખકોને ◆

અહીં લેખોમાં રજૂ થયેલા વિચારોની જવાબદારી લેખકની છે.
લેખ સાથે સરનામું અવશ્ય લખશો.

## ◆ લવાજમ ◆

| | |
|---|---|
| વાર્ષિક | રૂ. ૨૦૦/- |
| પાંચ વર્ષના | રૂ. ૧૦૦૦/- |

## તંત્રીસ્થાનેથી...

રાષ્ટ્રીય શિક્ષણનીતિ- ૨૦૨૦નો હેતુ વિદ્યાર્થીઓ તર્કસંગત અને કાર્ય કરવામાં પારંગત થાય તેવા વ્યકિતત્વનો વિકાસ કરવાનો છે. તેનામાં સત્ય, પ્રેમ, કરુણા, સેવાભાવ અને સંવેદના હોય. નિર્ભયતા અને સાહસિકતાની સાથોસાથ વિદ્યાર્થીમાં વૈજ્ઞાનિક અભિગમ વિકસેલો હોય. વળી, સર્જનાત્મક વલણોની કેળવણી નૈતિક મૂલ્યોને દઢ કરતી હોય. સર્વાંશે વિદ્યાર્થીમાં વિકસેલા આ સદ્‌ગુણો આપણા બંધારણમાં સૂચવેલ સમાનતા અને બંધુત્વના આધારે આપણા વૈવિધ્યસભર સમાજને સમરસતા ભણી દોરી જઈ, સર્વોદયલક્ષી સુરાજ્યની સ્થાપનામાં પોતાનું સર્વોત્તમ યોગદાન આપી શકે તેવું શિક્ષણ આપવાનું છે.

બોલો લ્યો, આવું બત્રીસ લક્ષણું શિક્ષણ કેમ કરીને આપીશું? ચાંદલીયો ફોડવાની ત્રેવડ નથી અને સુતળી બોંબ ફોડવાની ડંફાસ જેવો ઘાટ લાગે ! આ સમગ્ર કેળવણીના ક્ષેત્રમાં સૌથી આશાજનક બાબત એ છે કે ભલે આ બહુ મોટી આદર્શની વાત કહી નાખી હોય પણ આ અશક્ય તો નથી જ, આ શક્ય છે !

અત્યારે આપણી બધી સંસ્થાઓમાં સખત ગરમી વચ્ચે બાળકો માટેની ગ્રીષ્મશિબિરો કાર્યરત છે. બાળકો જગત ભૂલી જઈને વિવિધ પ્રકારની રમતો અને સર્જનાત્મક પ્રવૃત્તિઓમાં રમમાણ છે. ગમતાના ગુલાલના ગોટે ગોટા ઉડાડે છે. આ રમતાં બાળકોની આંખો અને ચહેરા પરના ભાવ જો વાંચી-જોઈ શકાય તો આપણો પણ દિવસ સુધરી જાય ! NEP-૨૦૨૦માં સૂચવાયેલ પૂર્વ પ્રાથમિક, પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણની પ્રવૃત્તિઓ ખૂબ જ અસરકારક અને માવજત સાથે અપનાવા જેવી છે. જો આ પૈકી ૫૦ ટકા પ્રવૃત્તિઓ પણ કોઈ શાળા કરી શકે તો ચમત્કારી પરિણામ મેળવી શકે. આપણા માટે આનંદ-સંતોષની બાબત એ છે કે આપણી સંસ્થાઓમાં આ બધુ આઠ આઠ દાયકાઓથી ગુણવત્તાસભર અમલમાં છે.

ચિત્રકળા, સંગીત, નૃત્ય અને સૌંદર્યના માધ્યમથી શિક્ષણકાર્ય કરાવવાના આગ્રહી કવિવર ટાગોર અને સમાજોપયોગી ઉત્પાદક શરીરશ્રમ દ્વારા જીવનલક્ષી કેળવણી આપવાની નઈ તાલીમ સ્વરૂપે પોતાની સર્વશ્રેષ્ઠ ભેટ જગતને આપનાર ગાંધીવિચારનો વિવેકપૂર્ણ સમન્વય એ આપણા દેશ માટેની સાચી NEP-૨૦૨૦ કહેવાશે.

પ્રામાણિકતા, પારદર્શિતા, પર્યાવરણ, સ્વચ્છતા, યોગ, શરીરશ્રમ, નિષ્ઠા, પ્રતિબદ્ધતા વગેરેની સ્થાનિકથી લઈને આંતરરાષ્ટ્રીય સ્તરે ખૂબ ચર્ચા-સેમિનાર- સભાઓ વગેરે થાય છે પણ આ બધું જ આપણા સમાજજીવનમાં અને પ્રકૃતિમાં બુલેટવેગથી ઘટી રહ્યું છે. કારણ એક જ છે કે આચરણ થતું નથી. બાળકો આપણે કહીએ તેમ નહીં, આપણે કરીએ તેમ કરતા હોય છે. વિકાસના પ્રચાર-પ્રસારના ઘોંઘાટમાં આચરણનું સૂરીલું સંગીત સંભળાતું નથી.

NEP -૨૦૨૦ની સફળતાની ગુરુચાવી એ પ્રચાર- પ્રસારનો ઘોંઘાટ બંધ કરીને આચરણના ગાણા ગાવામાં રહેલી છે.

## ૦૧ બાપ, હસવું જોઈએ અંદરના કેમિકલ્સ બદલાઈ જાય.

**મોરારિબાપુ**

---

પ્રામાણિકતા વિના વ્યકિત પ્રસન્ન નથી રહી શકતી. આપણે શ્રદ્ધામાં નથી, સ્પર્ધામાં છીએ તેથી અપ્રસન્ન છીએ. પ્રસન્ન રહેશો તો પરમાત્મા મળશે. પ્રસન્ન એ જ રહી શકે જે બીજાના ગુણ જોયા કરે.જીવનનો રસ પામવો હોય તો નફરતોથી ન જીવવું. દુનિયાની કોઈપણ ઘટના મંગલમયી છે, બસ થોડું લાંબું જોવું પડે. પ્રસન્ન રહેવા માંગો છો તો ઉપાય છે, પણ તમારે પ્રસન્ન રહેવું જ નથી તો કોઈ ઉપાય નથી.

બાપ, હસવું જોઈએ અંદરના કેમિકલ્સ બદલાઈ જાય. રામ હસતા હતા, કૃષ્ણ હસતા હતા, શિવ હસતા હતા, ઋષિઓ હસતા હતા, પતંજલિ હસતા હતા, સાધક હસતો હોવો જોએ. મુસ્કુરાહટ હોવી જોઈએ. સ્માઇલ હોવી જોઈએ. આપણે ગંભીર થવાનું કોણ કહી ગયું? હસવું જોઈએ ઉપનિષદ છૂટ આપે છે પછી શું? તમે સ્માઇલ કરી લ્યોને એટલે દરેક ઘટના માઇલ્ડ થઈ જાય. મુસ્કુરાહટ તો જિંદગીના વૃક્ષોનું ફૂલ છે.

શાસ્ત્રોમાં લખ્યું છે કે હસો અને હસાવો તો મુકિત મળી શકે છે. શંકરાચાર્યજીએ પણ કહ્યું છે કેઃ પરમેશ્વરની પ્રાપ્તિ કરવી હોય તો હસતાં રહેવું. સ્માઇલ કોઈપણ વસ્તુને માઇલ્ડ કરી નાખે ! મુસ્કુરાહટમાં એ તાકાત છે, કે કોઈપણ વસ્તુને એ હળવી કરે. તમે હસતાં શીખો,પ્રસન્નતા પૂણ્ય છે, અપ્રસન્નતા પાપ છે. પોતે અપ્રસન્ન રહેવું તેમજ બીજાને અપ્રસન્ન કરવાં એ બંને મોટામાં મોટાં પાપ છે.

ઈશ્વર આનંદ સ્વરૂપ છે તેથી જયાંથી પણ આનંદ પ્રાપ્ત થાય તેમાં ઈશ્વરનો અંશ છે, તે ઈશ્વરનું રૂપ છે. સાધકનું ચિત્ત પ્રસન્ન હોય છે, તો ભગવાનનાં દર્શન માટેના દરવાજા ખૂલી જાય છે. ધર્મમાં દરેક કાર્ય પ્રસન્નતાથી થવું જોઈએ. હસતો ધર્મ, મુસ્કુરાતો ધર્મ,ગાતો ધર્મ, ઘૂંઘરું વગાડતો ધર્મ. ધર્મમાં મંજીરા બહુ વાગ્યા હવે ઘૂંઘરું વાગવા જોઈએ. જે ધર્મ ડરાવે એને હું ધર્મ નથી માનતો,અભય આપે તે ધર્મ.

નૃત્ય પણ એક મારગ છે. પરમતત્ત્વના દ્વાર સુધી પહોંચવાનો. વાણીથી નૃત્ય થતું હોય છે. આંસુઓથી નૃત્ય થતું હોય છે, મુસ્કુરાહટથી નૃત્ય થતું હોય છે. ગાઈને નૃત્ય થતું હોય છે. બેઠાંબેઠાં નૃત્ય થતું હોય છે. સૂક્ષ્મથી પણ સૂક્ષ્મ જો કોઈ નૃત્ય હોય તો એ આત્માનું નૃત્ય છે. આત્મા નાચે છે.

પ્રસન્ન ચિત્ત પરમાત્માને પામવાનું દ્વાર છે. જેમનો નિર્મળ,સરળ સ્વભાવ, સરળ ચિત્ત છે એમને પરમાત્મા સહજ છે. જેટલી પ્રસન્નતા વધે છે, એટલા પરમાત્મા આપણને વિશેષ મહેસૂસ થાય છે. પ્રસન્નતાથી કરવામાં આવેલી પ્રત્યેક દિનચર્યા એ પૂજા છે, એ ભજન છે, એ રામકથા છે. ભજન કરી લેવું હોય અને પ્રસન્નતા પામવી હોય તો બધાંની સાથે એક પ્રામાણિક ડિસ્ટન્સ રાખજો. કારણ વગર તમારું હૃદય પ્રફુલ્લિત હોય એ સ્થિતિનું નામ પરમાત્મા.

## ૦૨ સાધના કા પથ કઠિન હૈ !

**બિંદુ- પાર્થેશ**

---

ગામ સમસ્તની ચડતી પશુ બલી તો સમજદાર ભુવાજીના કારણે હવે સદંતર બંધ હતી.

પણ ગામમાં એક રીવાઝ હતો. સંતાનમાં જે દીકરો મોટો હોય તેના માથાના વાળ પાંચ વર્ષ સુધી ઉતારવા,કાપવાના નહીં. પાંચ વર્ષે ચૌલ સંસ્કાર થાય ત્યારે બે બકરાની બલી ચડે !

દરેક પરિવારના પોતાના એક ભૂવા હોય. બલીની મંજૂરી એ આપે.

આશાને આ રિવાજની ખબર પડી. ગામ સમસ્તની બલી બંધ કરવી સહેલી હતી. કારણકે ગ્રામજનોને ધરપત હતી કે નુકશાન થશે તો આખા ગામને થશે. કુટુંબ દીઠ ચડતી બલી બંધ કરવી અઘરી હતી. કારણ કે તેમાં એક જ પરિવારને સારા માઠા પરિણામનો ભય રહે. આ માટે પ્રાયશ્ચિત વધારવું જોઈએ તેવું આશાને લાગ્યું. તેણે જાહેર કર્યું કે હવે જો કોઈ પરિવાર માતાજીને પશુ બલી ચડાવશે તો અમે ઉપવાસ બેવડાવીશું.

નાના એવા જતીનની બાબરી થઈ. આશા વિકાસે ઉપવાસ કર્યો.

ગામ લોકોને ઉપવાસમાં ન જોડ્યા. ક્યાંક એ કારણે પરિવારો વચ્ચે ખટરાગ પેદા થાય તો? માટે સાવચેતી રાખી.

પારણા કર્યા તેની ખીર જતીનનાં ઘરે પણ મોકલી. પરિવારે હોંશથી લીધી. કારણ કે આ તો એક વિચાર માટે મતભેદ હતો, મનભેદ થોડો હતો !

બીજા જ દિવસે રસિકની બાબરી હતી. પરિવારના ભુવાનાં પંડ્યમાં માતાજી આવે જ નહીં ! ભૂવા જાણતા હતા કે બહેન અને સાહેબને બે ઉપવાસ થશે. આવેલા મહેમાનો અટવાઈ પડયા. આશાને કોઈ કામે ગામમાં જવાનું થયું. ગામમાં ચૌલ ઉત્સવની રોનકના બદલે કોઈનું મરણ થયું હોય તેવી શાંતિ પથરાયેલી હતી. આશા આ જોઈ દુઃખી થઈ. મનમાં બોલી, ‘અમારા કારણે પ્રસંગ રઝળી પડ્યો ! કરી લેશું બે ઉપવાસ પણ’

પરંતુ પરિવારવાળાએ ઉકેલ શોધ્યો. બીજા ગામના ભૂવા લઈ આવ્યા. તેણે મંજૂરી આપી. બે બોકડાનો જીવ એક ઝાટકે ગયો. આશા - વિકાસને બે ઉપવાસ થયા.

ગામના અમથીબેને બોકડાની માનતા લીધેલી. જો પૂરી કરે તો સાહેબ અને બેનને ચાર ઉપવાસ થાય. હવે કરવું શું?

આશા - વિકાસ બહારગામ ગયા હતાં. અમથીબેને રાતના છાનામાના માનતા પૂરી કરી. પણ ખબરી દ્વારા આશાને જાણ થઈ. આ દંપતીને ચાર ઉપવાસ થયા. અમથીબેન આશા પાસે આવી કેટલોય વલોપાત કરી ગયા.

ખબરીના ઘરે જ એક ધાર્મિક પ્રસંગે બોકડો વધેરવાનો આવ્યો. તેણે આશાને જાણ કરી. આશા સાંજે તે પરિવારને મળવા ગઈ. પરિવાર કહે, ‘સારું, નહીં વધેરીએ.’

રાતે ખેતર પર બોકડો વધેર્યો ! ખબરી મૂંઝાયો. કહે તો આઠ ઉપવાસ. ન કહે તો માહિતી છુપાવ્યાનો ડંખ સતાવે..... મન કઠણ કરી જાણ કરી. દંપતીના આઠ ઉપવાસ શરૂ થયા. બલીની મંજૂરી આપનાર ભૂવાજી સામાન્ય રીતે તો આશાના ઘર પાસેથી નીકળે ત્યારે કઈને કંઈ મજાક કરતા જાય. આશા કપડાં સૂકવતી હતી ને ભૂવાજી નીકળ્યા. કશું બોલ્યા વગર, નીચું માથું કરી નીકળી ગયા. આશાને આ ન ગમ્યું. આ રીતે આઠ દિવસ આ માણસે

નજર ઝૂકાવીને ઘર પાસેથી પસાર થવું પડશે?

વિકાસના ભત્રીજાનું ઓપરેશન હોવાથી આશા અને વિકાસને રાજકોટ હોસ્પિટલમાં જવાનું થયું. ઉપવાસના બધા દિવસ હોસ્પિટલમાં પસાર થયા. ગામવાળા માટે 'દેખવુંય નહીં ને દાઝવુંય નહીં' જેવો ઘાટ થયો.

ગામની બહાર ખેતરમાં એક પરિવાર રહે.

તેમને ત્યાં એક ધાર્મિક પ્રસંગે બકરાની બલી ચડવાની હતી. આશા અને વિકાસ મળવા ગયા. ગામ બહાર રહેતા હોવાથી ભુવાને આ દંપતી સાથે કોઈ આત્મીયતા ન હતી. તેથી તે પોતાની વાત પર અડગ રહ્યા. તાર્કિક ચર્ચામાં ભુવાજીનું આધ્યાત્મિક જ્ઞાન ટૂંકું પડ્યું. ફારસ થતું જોઈ ભુવાજીના દીકરાએ દંપતીને હાથ જોડયા. દંપતી ભારે હૃદયે પાછા ફર્યા. સોળ ઉપવાસ શરૂ થયા.

ગામના લોકો આ પરિવાર પર ખૂબ નારાજ થયા. તેમના કારણે બહેન અને સાહેબને સોળ દિવસ ભૂખ્યા રહેવું પડશે. એ વાતનો અફસોસ હતો.

ગાંધીવિચારની એક જાણીતી સંસ્થાના મોવડી મળવા આવ્યા. ગામના લોકોને સમજાવ્યા. થોડો ઠપકો પણ આપ્યો. દંપતીના ઘરના કામ ગામના યુવાનોને ઉપાડી લેવા કહ્યું.

દંપતી નોકરી, મહેમાન બધું સંભાળતા દિવસો પસાર કરવા લાગ્યા. દિવસમાં ત્રણ વાર લીંબુ શરબત લેતા. બાકી કશું જ નહીં. છતાં એક ડર સતત રહેતો કે ભૂલથી કશું ખવાઈ જશે તો?

ભૂખ અને સુગંધને કેટલો ગાઢ સંબંધ છે તે આશાને હવે ખ્યાલ આવ્યો.

એમાયે પાણીપૂરીની રેકડી પાસેથી પસાર થાય એટલે તો પેટના ખૂણે ખૂણો ભૂખ.... ભૂખ.... એમ પોકારી ઊઠે ! આવા વખતે દંપતી લાચાર થઈ જતું.

બોલવામાં કેટલી શક્તિ વપરાય છે તે આશાને ભણાવતાં ભણાવતાં ખ્યાલ આવ્યો. પાંચ વાગે તે થાકીને લોથ થઈ જતી.

ઉપવાસની ચિંતામાં વિકાસના પરિવારવાળા વતનમાંથી મળવા આવે. આશા તેમનાં માટે ભોજન બનાવે. ઘર આખું સુગંધ સુગંધ થઈ જાય. નવમાં દિવસે બંને ખુલ્લા આકાશ નીચે ખાટલા ઢાળી સૂતાં હતાં. વિકાસના પેટમાંથી 'ગુરરરર' અવાજ આવ્યો. આશા ચમકી ! તેનાથી પુછાઈ ગયું, 'ભૂખ લાગી છે વિકાસ?'

વિકાસ કહે, 'નવ દિવસથી ભૂખ્યા છીએ. તમે મહેમાનો માટે મને ભાવતા શાક, ભાખરી , થેપલાં બધું બનાવો છો. ને પાછા પૂછો છો કે ભૂખ લાગી છે?'

બંને આ વાત પર ખડખડાટ હસી પડ્યા.

આ દિવસોમાં દંપતીને ધ્યાન પડ્યું કે માણસની દિનચર્યામાં ૫૦% થી વધુ સમય તો રસોઈને લગતા જ કામ હોય છે. કરિયાણા , શાકભાજી, દૂધ વગેરે ખરીદવું, સાફ કરવું, દળાવવું, ભરવું, ધોવું, સમારવું, રાંધવું, જમવું, વાસણ ઘસવા, ગોઠવવા...... કેટલા કામ !

આશાનું ધ્યાન પડયું કે જ્યારે પણ પ્રાયશ્ચિત માટે ઉપવાસ કરે ત્યારે ગુસ્સો બિલકુલ નહોતો આવતો. વળી ભૂખમાં ઊંઘ ખૂબ સારી આવતી.

સોળમાં દિવસે વિકાસને બીજા રાજ્યમાં જવાનું હતું. તેથી આ દંપતીએ પારણાં કર્યા. તેમના વતી ગામના બે યુવાનોએ ઉપવાસ કર્યો.

**પશુબલી નાબૂદ થઈ :**

'કાપવો હોય તો મને કાપો, બાકી બકરાની બલી નહીં ચડે. આ કહી દઉં છું.'પ્રદીપના દાદા આવેશમાં બોલી રહ્યા હતા. પ્રદીપ સાતમા ધોરણમાં ભણતો હતો.

તેણે પરિવારને કહી દીધેલું કે, 'આઠમાં ધોરણમાં હું લાંબા વાળ લઈ ભણવા નહીં જાઉં.' એ સમયે આઠમાં ધોરણથી બાજુના ગામ ભણવા જવું પડતું. પ્રદીપની બાબરી બાકી હતી. જો બકરો વધેરે તો સાહેબ અને બહેનને ૩૨ ઉપવાસ થાય. ન વધેરે તો પ્રદીપની બાબરી ન થાય. કરવું

શું?

જબરું ધર્મ સંકટ થયેલું.

પહેલા ધોરણમાં ભણતાં બાળકો સાતમાં ધોરણમાં પહોંચી ગયા. પણ વાલીઓએ સંતાનોની બાબરી નહોતી કરાવી. લાંબા વાળ ઓળવા - ધોવા વગેરેથી બાળકો કંટાળી જતા. માથામાં જૂ પણ ખૂબ પડતી. એ બધું બાળકોએ અને તેના પરિવારોએ સહન કર્યું. પણ બકરો ન વધેર્યો.

આશા અને વિકાસ જાણતા હતા કે આ બધી તકલીફ માટે જવાબદાર અમે છીએ.

આશાને થયું કે, વાલી આટલા હેરાન થાય છે તો ભુવાજી કેમ બકરા માટે ના નથી પાડતા?

કારણ જાણ્યું તો આશા અને વિકાસ પણ દ્વિધામાં પડી ગયા.

બનેલું એવું કે પ્રદીપના પરિવારના જે ભૂવા હતા તેની સાથે ભૂતકાળમાં કૌટુંબિક વાંધો પડેલો. તેથી પરિવારના બીજા સભ્યને ભૂવા બનાવેલા. પરિણામે માતાજી એક અને તેના ભૂવા બે એવું થયું ! એક જ માતાજી ક્યારેક બલીની હા પાડે (પહેલાના ભૂવા દ્વારા) અને ક્યારેક ના પાડે (નવા ભૂવા દ્વારા) તેવું તો બને નહીં. પહેલાં ભૂવાના કારણે જ આશા અને વિકાસને ૧૬ ઉપવાસ કરવા પડેલા. આથી નવા ભૂવા નિર્ણય ટાળ્યે જતા હતા. આવી જ એક બેઠકમાં પ્રદીપના દાદાએ ઘસીને કહી દીધું કે બલી તો નહીં ચડે.

આશા અને વિકાસ ગામવાળાને સમજાવતા કે અમે ૩૨ ઉપવાસ કરી લેશું પણ આ હેરાનગતિમાંથી બાળકોનો છુટકારો કરો. પણ ગામ મક્કમ રહ્યું.

ખેતરમાં રહેતા ભૂવાજી ઉંમર થતાં મૃત્યુ પામ્યા. નવા ભૂવાજીએ ધુણીને નિર્ણય આપી દીધો કે, 'હવેથી બકરાને બદલે સુખડીનો પ્રસાદ ધરવો.'

આખા ગામમાં આનંદ આનંદ છવાયો. પછી તો આ નાનાશા ગામમાં વારા ફરતી ૭ બાળકોની બાબરી થઈ. ૧૪ બકરાનો જીવ બચ્યો અને પરિવાર વાળાને બે બકરા ખરીદવાનો ખર્ચો બચ્યો. તે માટે તેમણે આશા અને વિકાસનો દિલથી આભાર માન્યો. જો કે દંપતીનું ધ્યાન પડયું કે આટલા વર્ષમાં બાબરી નિમિત્તે નવા ખર્ચ પ્રવેશી ચૂક્યા હતા. જેવા કે કંકોત્રી છપાવવી, મોંઘી પહેરામણી કરવી વગેરે.

આખો ઉનાળો ગામમાં ઉજવણી ઉજવણી થઈ રહી. ગામમાંથી કાયમ માટે પશુ બલી નાબૂદ થઈ ગઈ.

આશા અને વિકાસનો નાતો ગામ સાથે વધુ મજબૂત બન્યો.

તે રાતે આશાએ વિકાસને કહ્યું, 'પીડા કદી વાંઝણી નથી હોતી.'

આ સાંભળી વિકાસની આંખો સામેથી આ પ્રથા નાબૂદ થયા પહેલાની બધી ઘટના પસાર થઈ ગઈ.

પીડા અને ખુશીથી વિકાસની આંખોમાં આંસુ ધસી આવ્યા, નાકના ફણા ફૂલી ગયા.

ક્રમશઃ

લિંકન એકવાર સેનેટમાં હાજરી આપવા જતા હતા. રસ્તામાં એમણે એક ભૂંડના બચ્ચાંને કાદવમાં ખૂંપી ગયેલું જોયું. લિંકને ગાડી ઊભી રખાવી અને ભૂંડના બચ્ચાંને કાદવમાંથી બહાર કાઢ્યું. એમનાં કપડાં કાદવથી ખરડાઈ ગયાં. સેનેટરોને એ વાતની ખબર પડી ત્યારે ઘણાંએ લિંકનની જીવદયાનાં વખાણ કર્યા. એ સાંભળી લિંકને કહ્યું: 'કાદવમાંથી એ બચ્ચાંને મેં બહાર કાઢ્યું એમાં એના કરતાંય વધારે લાભ તો મને થયો છે. કાદવમાં એ રીતે એને તરફડતું હું જોઈ શકતો નહોતો, એટલે એને બહાર કાઢ્યું ત્યાર પછી જ મારાં જીવને શાંતિ મળી, મને સુખાનુભૂતિ થઈ.

## ૦૩ ભારતભૂમિની ઊર્જાવાન નારીઃ રાણી આબાક્કા ચૌટા

**ટીના દોશી**

---

રાણી આબાક્કા ચૌટા... ચૌટા રાજવંશની આ રાણી સોળમી સદીમાં મેંગલોર નજીકના નાનકડા રાજ્ય ઉલ્લાલની શાસક હતી. અત્યંત લોકપ્રિય રાણી હતી એ. શ્યામવર્ણી પણ સોહામણી. દીર્ઘદ્રષ્ટા અને પ્રતિભાશાળી. ઉલ્લાલના લોકગીતો અને લોકકથાઓમાં રાણી આબાક્કાના શૌર્ય અને પરાક્રમની ગાથા વણી લેવાઈ છે. આજે પણ રાણીની સ્મૃતિમાં ઉલ્લાલમાં દર વર્ષે 'વીર રાણી આબાક્કા ઉત્સવ'નું આયોજન કરવામાં આવે છે. આ પ્રસંગે કોઈ એક પ્રતિષ્ઠિત મહિલાને વીર રાણી આબાક્કા પ્રશસ્તિ પુરસ્કારથી સન્માનિત કરાય છે. ૧૫ જાન્યુઆરી ૨૦૦૩ના રોજ ભારતીય ટપાલ ખાતાએ રાણીના સ્મરણમાં વિશિષ્ટ પરબીડિયું બહાર પાડ્યું. ઉલ્લાલ અને બેંગલોરમાં રાણીની કાંસ્ય પ્રતિમાઓ મૂકવામાં આવી. ભારતીય સમુદ્રતટના પ્રથમ ચોકિયાત જળયાન- ICGS-નું રાણીને શ્રદ્ધાંજલિરૂપે રાણી આબાક્કા નામકરણ કરવામાં આવ્યું.

સ્વાભાવિક પ્રશ્ન થાયઃ રાણી આબક્કાએ વીરતાનું એવું તે શું કામ કરેલું?

કોઈપણ ઉલ્લાલવાસી કહી દેશેઃ રાણી આબાક્કા યુરોપિયન સંસ્થાનવાદીઓ સામે લડત ચલાવનારી પ્રથમ સ્ત્રી સ્વતંત્રતા સેનાની હતી. એણે પોર્ટુગીઝોને ભારે પછડાટ આપેલી. પોતાની કુનેહ અને કોઠાસૂઝથી રાણીએ પોર્ટુગીઝોને હરાવેલા. પોર્ટુગીઝો સામેનો એકમાત્ર પડકાર હતી એ. પોતાના નિર્ભિક સ્વભાવને કારણે અભયારાણીનું બિરૂદ મળેલું એને !

એકવીસમી સદીમાં પણ સ્ત્રીપુરુષ સમાનતા માટે ચળવળો ચાલે છે, ત્યારે કલ્પના કરી જુઓઃ પાંચસો વર્ષ પહેલાં, સોળમી સદીમાં રાણી આબાક્કાએ કટ્ટર પુરુષપ્રધાન સમાજ વ્યવસ્થામાં કઈ રીતે શાસન કર્યું હશે અને કેટલો સંઘર્ષ કરવો પડ્યો હશે?

રાણી આબાક્કાની જીવનકથા પર નજર કરીએ તો આ તમામ સવાલના જવાબ મળી જશે.રાણીની જીવનકથા એક રીતે તો વીરતાની જ કહાણી છે. એ મૂળ દિગંબર જૈન સંપ્રદાયની. બારમી સદીમાં રાણીના પૂર્વજો ગુજરાતથી સ્થળાંતર કરીને મેંગલોર જઈ વસેલા. મેંગલોરથી દસ કિલોમીટરના અંતરે કર્ણાટકના દરિયા કિનારે પ્રાચીન બંદર ઉલ્લાલ આવેલું. ઉલ્લાલનો ઉલ્લેખ બે હજારવર્ષ પહેલાં રોમન પ્લીની અને એલેકઝાંડ્રિયન ટોલેમીએ પણ કર્યો છે.

પંદરમી સદીના અંતમાં અને સોળમી સદીના આરંભે વિજયનગર સામ્રાજ્યનો સુવર્ણકાળ હતો. કર્ણાટકમાં અરબી સમુદ્રતટના શાસકો વિજયનગર સામ્રાજ્યના જાગીરદારો હતા. જોકે તેઓ સ્વતંત્ર રીતે જ કામ કરતા. પરંતુ પોર્ટુગીઝોએ સમુદ્રીમાર્ગે ભારતમાં પગ મૂક્યો અને પછી પગદંડો જમાવ્યો. થોડાં જ વર્ષોમાં ચિત્ર સમૂળગું બદલાયું. પોર્ટુગીઝોએ ભારતીય દરિયાકાંઠા પર અને દરિયાઈ માર્ગે થતા વ્યાપાર પર સંપૂર્ણ વર્ચસ્વ જમાવી દીધું. ૧૫૬૫માં તાલિકોટાની લડાઈમાં વિજયનગર સામ્રાજ્યનું પતન થવાથી દરિયાકાંઠાના જાગીરદાર રાજાઓએ પોતાનો રક્ષક ગુમાવી દીધો. તેમણે પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવા પોતપોતાની સૂઝ અને આવડત મુજબ દખ્ખણની સલ્તનત, ડચ અને પોર્ટુગીઝો સાથે વાતચીત અને વાટાઘાટ કરવાના સંજોગો ઊભા થયા.

એ સમયે ઉલ્લાલમાં ચૌટા રાજવંશનું શાસન હતું. રાણી આબાક્કાના પૂર્વજો શાસકો હતા. તેઓ પણ મહાન વિજયનગર સામ્રાજયના જાગીરદારો હતા અને

વિજયનગરના પૂર્વ જાગીરદારો એવા કલ્દિના નાયકોની દેખરેખ હેઠળ હતા. મેંગલોર વિજયનગર સામ્રાજ્યનું અત્યંત મહત્ત્વનું બંદર હતું. આ બંદરેથી તેઓ પ્રાચીનકાળથી અરબી ઘોડાઓની આયાત કરતા અને તેજાના તથા કાપડની નિકાસ કરતા.

તેજાના પકવતી આ ફળદ્રુપ જમીન પર પોર્ટુગીઝોએ ૧૪૯૮માં પગ મૂક્યો. પોર્ટુગીઝો પ્રથમ યુરોપિયન હતા, જેમણે વાસ્કો-દ-ગામાના નેતૃત્વમાં ભારત સુધી પહોંચવાના જળમાર્ગની શોધ કરેલી. પોર્ટુગીઝોની ઉત્તમ દરિયાઈ પ્રાદ્યૌગિકીને કારણે તેમણે અત્યંત ઝડપથી ભારતના સાગરતટ પર વર્ચસ્વ જમાવી દીધું. વાસ્કો-દ-ગામાના પ્રવાસના વીસ વર્ષમાં જ પોર્ટુગીઝોએ ભારતીય સમુદ્ર પર પ્રભુત્વ જમાવીને મોઝામ્બિકથી શ્રીલંકા, અને પછી પશ્ચિમ બંગાળ, મલાક્કા, ઈન્ડોનેશિયાના દ્વીપસમૂહ, ચીનમાં મકાઉ અને જપાનમાં કિલ્લાઓનું વર્તુળ રચ્યું. સોળમી સદીમાં પોર્ટુગીઝોએ દરિયાઈ માર્ગે થતા ભારતીય વેપાર પર કબ્જો જમાવી દીધો. અન્ય કોઈ યુરોપિયન સત્તાએ તેમને પડકારવાનું સાહસ ન કર્યું. પોર્ટુગીઝોએ પેટમાં પેસીને પગ પહોળા કર્યા. પોતાના પરવાના વિના કોઈપણ વહાણ કે જહાજને ભારતના સમુદ્રતટે વેપાર ન કરવા દેતા. જ્યાં આરબ, ઈજિપ્ત, પર્શિયા અને ભારતીય જહાજ મુક્ત વ્યાપાર કરતા હતા, એ ભારતીય સમુદ્ર પોર્ટુગીઝોની જાગીર બની ગયો. આ ગાળામાં, ભારતીય નૌકાદળ સાથે પોર્ટુગીઝોની અનેક લડાઈઓ થઈ, પણ શ્રેષ્ઠ હથિયારો અને એટલી જ શ્રેષ્ઠ અસ્ત્રશસ્ત્ર પ્રાદ્યૌગિકીને કારણે વિજયશ્રીની વરમાળા પોર્ટુગીઝોના કંઠે જ આરોપાતી.

દરિયાકાંઠે આવેલાં નાનાં રાજ્યો પોર્ટુગીઝોની જોહુકમીનો જોરદાર વિરોધ અને પ્રતિકાર કરતાં. ઉલ્લાલ અને કાલિકટ-અત્યારનું કોઝિકોડે, હજુ હમણાં સુધી આરબો સાથે સીધો વ્યાપાર કરતાં હતાં. તેમણે પોર્ટુગીઝો સામે નમતું જોખવાનો ઈનકાર કરી દીધો. એથી પોર્ટુગીઝો ઘણી વાર તેમની સાથે દરિયાઈ લડાઈઓ કરતા અને તેમનાં શહેરો પર હુમલાઓ કરતા. પરંતુ ઉલ્લાલ અને કાલિકટ ટસથી મસ ન થયાં. દરમિયાન, ૧૫૨૬માં વાઈસરોય લોપો વાઝ દે સામપાયોની આગેવાનીમાં પોર્ટુગીઝોએ મેંગલોર બંદર કબ્જે કરી લીધું. ઉલ્લાલ સામે કિનારે આવેલું. એ સમયે ઉલ્લાલમાં ચૌટા રાજવંશના તિરુમાલારાય ત્રીજાનું શાસન હતું. ચૌટા રાજવંશમાં માતૃમૂલક વંશપરંપરાથી રાજગાદીનો વારસ નીમાતો. રાજમુગટ તો માતૃવંશના પુરુષને માથે જ મુકાતો, પણ જે રાજા હોય તેની બહેનનો દીકરો સિંહાસનનો વારસદાર બનતો. જોકે તિરુમાલા રાયની બહેનને દીકરો નહોતો. એથી બહેનની દીકરી અને પોતાની લાડકી ભાણી આબાક્કાને રાજાએ રાજકુળની પરંપરાઓની તાલીમ આપવાનું નક્કી કર્યું. આબાક્કાને લશ્કરી વિદ્યાની, તીરકામઠું ચલાવવાની કળામાં અને તલવારબાજીમાં નિપુણ બનાવી. તિરુમાલા પછી એ ઉલ્લાલની રાણી બની.

હવે ઉંમરલાયક થયેલી આબાક્કાના વિવાહ મેંગલોરના રાજા લક્ષ્મપ્પા બંગરાજ સાથે થયાં. માતૃમૂલક સમાજની પરંપરા પ્રમાણે આબાક્કા લગ્ન પછી પોતાના પિયરમાં જ રહી. આબાક્કા અને તેના પતિ પ્રસંગોપાત મળતાં. તેમનાં ત્રણ સંતાન થયાં. ત્રણેય આબાક્કા સાથે જ રહેતાં. આબાક્કા લડાયક મિજાજની હતી. પોર્ટુગીઝો સામે ઝૂકવાનું એને મંજૂર નહોતું. પરંતુ લક્ષ્મપ્પા બંગરાજ પોર્ટુગીઝો સાથે સમાધાન કરવાને પક્ષે હતો. રાણીએ ઘરમાં જ વિરોધનો સામનો કરવાનો આવ્યો. રાણી આબાક્કાને ઘર કરતાં રાજ્યના રક્ષણની વધુ ચિંતા હતી. વિદેશીઓનો પ્રતિકાર કરવાનું સાહસ ખેડનારી રાણીએ પોતાના પતિનો પણ મક્કમતાથી વિરોધ કર્યો. પરિણામે દાંપત્યમાં તિરાડ પડી. જોતજોતામાં તિરાડ પહોળી થઈને ખાઈ બની ગઈ. સંબંધો એટલી હદે વણસ્યા કે આબાક્કાએ સાસરી તરફથી મળેલાં સઘળાં આભૂષણો પાછાં વાળ્યાં. લક્ષ્મપ્પા બંગરાજ પોર્ટુગીઝો સાથે ભળી ગયો. ઘર ફૂટે ઘર જાય. પરંતુ રાણીને

તેની પરવા નહોતી. તેનો રાજમંત્ર અને મુદ્રાલેખ હતોઃ રાજ્ય પહેલું, બીજું બધું પછી !

રાણી આબાક્કા દેવીએ ૧૫૪૪થી ૧૫૮૨ સુધી ઉલ્લાલ પર, ઉલ્લાલવાસીઓના હૃદય પર રાજ કર્યું. તેના રાજ્યમાં સર્વ ધર્મના લોકો વસતા હતા. રાણી પોતે જૈન હોવા છતાં, એની પ્રજામાં અને વહીવટીતંત્રમાં હિંદુ અને મુસ્લિમો બહોળી સંખ્યામાં હતા. ચાર હજાર કુશળ યોદ્ધાઓનું સંખ્યાબળ ધરાવતા લશ્કરમાં પણ બધી જ કોમના લોકો હતા. ખાસ કરીને મોગાવીરા મુસ્લિમ માછીમાર કોમ પોર્ટુગીઝો સાથેની સમુદ્રી લડાઈઓમાં અત્યંત મહત્ત્વની તાકાત પુરવાર થતી.

પોર્ટુગીઝોએ રાણી આબાક્કાના જહાજોને વેપાર માટે અરેબિયાની દરિયાઈ સફર ખેડવા પર પ્રતિબંધ મૂકેલો. એથી રાણી નિરાશ કે હતાશ ન થઈ. એણે કાલિકટના ઝામોરિનની મદદથી તેજાના અને કાપડનો વ્યાપાર શરૂ કર્યો. પોર્ટુગીઝો લગાતાર રાણીનાં જહાજો પર હુમલા કરતા હોવા છતાં, સમુદ્રકાંઠાની રાણી આબાક્કાએ પોર્ટુગીઝોને ખંડણી ચૂકવવાનો ધરાર ઈનકાર કરી દીધો.

આબાક્કાના, એક સ્ત્રીના પડકારથી ઘવાયેલા પોર્ટુગીઝોએ એડમિરલ ડોન અલ્વારો દા સિલ્વેરિયાને રાણીને પાઠ ભણાવવા મોકલ્યો. રાણીએ જરાય પાછીપાની ન કરી. બહાદુરીથી ઝઝૂમી. પોર્ટુગીઝોને પાછા ધકેલ્યા. વેરની વસૂલાત કરવા પોર્ટુગીઝોએ ૧૫૬૭માં જનરલ જોઓ પિક્ષોટોના નેતૃત્વમાં ઉલ્લાલ પર આક્રમણ કર્યું. પોર્ટુગીઝો વિજયી થયા. પોર્ટુગીઝોએ ઉલ્લાલ અને રાજમહેલ પર કબજો કર્યો. આવા કપરા સંજોગોમાં પણ રાણીએ ધૈર્ય જાળવી રાખ્યું. 'સિંહ ક્યારેય ઘાસ ન ખાય'ની નીતિ મુજબ રાણી શરણે ન થઈ. એ ભાગી છૂટી. ધર્મની બાબતમાં ભેદભાવ ન કરતી રાણીએ એક મસ્જિદમાં આશ્રય લીધો. એ જ રાત્રે ૨૦૦ સૈનિકોને એકત્ર કરીને તેણે જનરલ જોઓ પિક્ષોટો પર હુમલો કર્યો. જનરલ અને ૭૦ પોર્ટુગીઝ સિપાહીઓનાં ઢીમ ઢાળી દીધાં. પોર્ટુગીઝ આક્રમણખોરો પોતાના જહાજ તરફ દોડ્યા. રાણીએ પીછો કર્યો અને જે હાથમાં આવ્યા તેમને મોતને ઘાટ ઉતાર્યા. એવું કહેવાય છે કે તે અગ્નિબાણ ચલાવવામાં પારંગત હતી અને પોર્ટુગીઝો સામે તેણે અગ્નિબાણ વરસાવેલાં પણ ખરાં !

માતૃભૂમિના રક્ષણ માટે રાણી આબાક્કાએ ૧૫૭૦માં પોર્ટુગીઝો વિરુદ્ધ બીજાપુર અને અહમદનગરના સુલતાન તથા કાલિકટના ઝામોરિન સાથે સંધિ કરી. જોકે ૧૫૮૧માં ગોવાના વાઈસરોય એન્થની ડી.નોરોનાએ વિશાળ સૈન્ય સાથે ઉલ્લાલ પર હુમલો કર્યો. દંતકથા મુજબ, રાણી અને તેના યોદ્ધાઓએ દુશ્મનોને પાછા દરિયા ભણી ધકેલ્યા, પણ ઉલ્લાલ આ હુમલા સામે ટકી ન શક્યું. ઉલ્લાલ પડી ભાંગ્યું અને રાણી આબાક્કા પણ લડતાં લડતાં શહીદ થઈ ગઈ.

આસમાનમાં ગ્રહો છે, નક્ષત્રો છે અને તારાઓ અસંખ્ય છે, પણ સૂર્ય તો એક જ છે, એમ દરિયા કિનારે શાસકો અનેક હતા, પણ ભારતના ગૌરવસમી રાણી આબાક્કા વિદેશી વસાહતવાદ વિરુદ્ધ પ્રથમ સ્ત્રી સ્વતંત્રતા સેનાનીરૂપે ભારતની આઝાદીના આકાશમાં સૂર્ય બનીને ઝળહળી એમ કહીએ તો કાંઈ ખોટું નથી!

એક મુસલમાન રસ્તાની બાજુ પર બંદગી કરતો હતો.

નમાજ પઢતો ત્યાં એક યુવતી ઉતાવળે એની આગળથી પસાર થઈ ગઈ થોડી વાર

ઠપકોઃ કોઈ બંદગી કરતું હોય ત્યારે તેની આગળથી પસાર થવાની ગુસ્તાખી તેં કેમ કરી

યુવતીઃ હું તો મારા પ્રિયતમને મળવા જઈ રહી હતી તેથી મારી નજર તમારા પર પડી નહી. પરંતુ તમે તો પરમપ્રિય અલ્લાહની બંદગી કરી રહ્યા હતા તોય તમારી નજર મારા પર શી રીતે પડી?

## ૦૪ સમ્યકજ્ઞાન, સમ્યકદર્શનના યાત્રી : ઈસ્માઈલદાદા

**પ્રવીણચંદ્ર ઠક્કર**

---

**(૧) પ્રાસ્તાવિકઃ-**

સમગ્ર વિશ્વમાં સમાનતા, બંધુતા, એકતા સાધી શકાય છે, અદ્વૈતભાવના નિર્માણ દ્વારા. અદ્વૈત એટલે સૃષ્ટિના તમામ જીવજંતુઓ, પશુઓ, પંખીઓ, પ્રાણીઓ, મનુષ્યમાં કોઈ ભેદભાવ વિના એક માત્ર ઈશ્વરના દર્શન. આ સંદર્ભમાં ઈશ ઉપનિષદનો અદ્ભૂત મંત્ર છે : 'ઈશાવાસ્યમ્ ઈદમ્ સર્વમ્ યત્કિંચિત જગત્યાંમ્ જગત.' આ સૃષ્ટિના કણે કણમાં, દૃશ્ય–અદૃશ્ય જીવમાં સર્વત્ર ઈશ્વરનો આવાસ છે. આપણા સૌના પરમપિતા પરમાત્મા છે. ઉપનિષદની આ વિભાવનાને સમજીને, જીવ, જગત અને જગદીશ સાથે એકત્વ સાધનારા એક ઋષિપુરુષ હતા લોકભારતીના બાગાયત વિષયના અધ્યાપક ઈસ્માઈલભાઈ નાગોરી (૧૯૬૧ થી ૧૯૭૩). સંવેદના અને સ્નેહના સાગરસમા, સમત્વના મશાલચી, ૧૯૪૨ના સત્યાગ્રહી, જેલવાસી, અનાસકત ઈસ્માઈલભાઈ(જેનો હવે દાદા તરીકે ઉલ્લેખ કરીશું)નો સંક્ષિપ્ત પરિચય કોડિયુંના જિજ્ઞાસુ વાચકો માટે અહીં પ્રસ્તુત છે.

વાકાનેરના ખાનદાન પિતા આલમભાઈ અને માતા આયશાબાનુના સંતાન. જન્મ : તા. ૪/૧૧/૧૯૦૪. બે ભાઈઓ : અલીભાઈ ડૉકટર, અકબરભાઈ બી.ઈ. સિવિલ(ખંભાત રાજયના ઈજનેર, ગુજરાત રાજયમાં ગુજરાત પબ્લિક સર્વિસ કમિશનના ચેરમેન). પરિવારની ઈચ્છા તેમને વકીલ બનાવવાની પણ તેઓ તો કાવ્ય અને સાહિત્યના રસિયા. બહાઉદ્દીનન કૉલેજ જૂનાગઢમાંથી અરબી, ફારસી(પર્શિયન) વિષય સાથે સ્નાતક થયા. તત્કાલીન વાકાનેર રાજયમાં તેમને સારા પગારે મોભાદાર નોકરી સહજ મળી જાય પણ તેમની મનીષા,સંકલ્પના હતી સમાજસેવા કરવાની. તે માટે ગ્રામીણ પ્રદેશના પ્રમુખ વ્યવસાય ખેતીનું જ્ઞાન સંપાદન આવશ્યક ગણાય. તેથી રાજયની શિષ્યવૃત્તિ સાથે ખેતીવાડી કૉલેજ પૂનામાં અભ્યાસ કરવા ગયા. દરેક વિષયમાં ઊંડા ઉતરવાનું. સ્મૃતિ અત્યંત તેજ. અંગ્રેજી સાહિત્યમાં ભારે રસ. 'ગિતાંજલી' જેવા પુસ્તકોની આરપાર નીકળી ગયા. બેચલર ઓફ એગ્રિકલ્ચરની પદવી મેળવી. ફળવિદ્યામાં એફ.આર.એચ.એસ.ની માનદ્ પદવી પ્રાપ્ત કરી. હાલાર પ્રદેશમાં ૧૬૨૦થી સ્થાપિત વાકાનેર પ્રગતિશીલ રાજય. તેના રાજા અમરસિંહ કૃષિ ક્ષેત્રે ટેકનોલોજીકલ સુધારાઓ દાખલ કરવા ઉત્સુક. દાદાની ૧૯૩૦માં બાગાયત અધિકારી પદે નિમણૂક કરી.

**(૨) સ્વાવલંબી, આનંદી જીવનઃ-**

તેમણે પાંચેક વર્ષ સંનિષ્ઠ સેવાઓ આપી પણ તેમનું સોનેરી સ્વપ્ન હતું ટોલ્સટોય ફાર્મ જેવા આદર્શ એકમની સ્થાપના કરવાનું, સ્વાવલંબી, પરિશ્રમી જીવન જીવવાનું એટલે અમરેલી જિલ્લાના નાનકડા તરવડા ગામે પહોંચી ગયા.

આ પંથક એટલે અનેક રચનાત્મક અગ્રણીઓનું થાણું. મુંબઈ, સૌરાષ્ટ્ર અને ગુજરાત રાજયની ધારાસભાના સભ્ય અને મંત્રી અખંડ સત્યાગ્રહી રતુભાઈ અદાણી તે સમયે તરવડામાં શિક્ષણ, આરોગ્ય, ખેતી, ગોપાલન, ચર્મોદ્યોગ જેવી અનેકવિધ પ્રવૃત્તિઓના સુકાની.

ખાદી ગ્રામોદ્યોગ દ્વારા કરુણામય, અહિંસક સમાજરચનાના પુરસ્કર્તા નાગરદાસ દોશીએ ચલાલામાં સંસ્થાનો પ્રારંભ કરેલો. લાલચંદભાઈ વોરાએ બગસરામાં

બાળકેળવણી મંદિરની શરૂઆત કરેલી. બાલુભાઈ અને ગુણવંતભાઈ પુરોહિત જાળીયા, બાબાપુરમાં ગ્રામોત્થાનના કામમાં ખૂંપી ગયેલા.

સંસ્કારી, શાલીન ખદીજાબા સાથે દાદાને ગ્રામજીવનના અનુભવો થવા લાગ્યા. તેમને આરોગ્ય, આયુર્વેદશાસ્ત્રની ઊંડી જાણકારી. દર્દીમાં નારાયણના દર્શન કરવાના. કોઈ ફી લેવાની નહીં. એક વડિલ મોડી રાત્રે આવીને કહે 'દાદા, મારા દીકરાને સખત તાવ છે. તમે તાત્કાલીક આવો.' દાદાનો પ્રત્યુત્તર 'હું સવારે આવીશ' સાંભળીને ખદીજાબા કહે, 'જો આપણા પુત્ર સલીમને તાવ આવ્યો હોત તો તમે સવાર સુધી રાહ જોઈ હોત ખરી?' ઓલિયા પુરુષ ચાલવા માંડયા. ખેતી, બાગાયત અને વનસ્પતિશાસ્ત્રના સૈદ્ધાંતિક જ્ઞાન, પ્રત્યક્ષકાર્યના તેઓ જ્ઞાતા. એટલે મનુભાઈ પંચોળીએ કૃષિ વિજ્ઞાન શીખવા તેમને ગુરુ માનેલા. ગ્રામદક્ષિણામૂર્તિ આંબલાની ૧૯૩૭માં સ્થાપના થઈ. નાનાભાઈ અને મનુભાઈ બંને તપસ્વી પણ કોઈને ખેતીનું જ્ઞાન નહીં. માધ્યમિક શિક્ષણના અભ્યાસક્રમમાં કૃષિના વિષયો તેથી નાનાભાઈએ મનુભાઈને ખેતીનું સૈદ્ધાંતિક પ્રત્યક્ષ શિક્ષણ મેળવવા તરવડા મોકલ્યા. તેઓ છ મહિના ત્યાં રોકાયા. સાત કલાક અભ્યાસ અને ત્રણ કલાક ખેતરમાં કામ કરવાનું. ગુરુ અને શિષ્ય બંને અસામાન્ય. આંબલા, મણાર, લોકભારતી, માઈધાર, નવાગામ અને અરણેજમાં ખેતી- બાગાયતનો જે અભૂતપૂર્વ વિકાસ થયો છે તેમાં 'દર્શક'ના કૃષિદર્શનનો પણ સિંહફાળો છે.

દાદા તરવડાની લીલીછમ વાડી સાથે કેટલા ઓતપ્રોત થઈ ગયા હતા તેની પ્રતીતિ માટે તેમનું અદ્‌ભૂત પુસ્તક 'વાડી પરના વ્હાલાં' આપણે અવશ્ય વાંચીશું. આ પ્રકાશન દ્વારા તેમની સૂક્ષ્મ, રસિક દૃષ્ટિના દર્શન થાય છે. જીવજંતુઓ, પંખીઓ, પ્રાણીઓ કઈ રીતે આશ્રય, આવાસ મેળવે છે, આકાર પામે છે. ઉધઈ, કીડીની કરામતો, કાંકીડાના રંગો, સાપના યુદ્ધો, ઢેલના ઈંડા, બુલબુલના માળા, ઘઉંના પાળા, સાંતી જેવા કામોમાં સ્વૈચ્છિક લોકસહયોગ, નવરાશના દિવસોમાં ગ્રામજનોના આનંદ માધ્યમો જેવા લલિતનિબંધો વાચકને સ્પર્શી જાય છે. દાદાને વ્યાપક લોકશિક્ષણમાં રસ તેથી જૂનાગઢ પાસે દિલાવરનગરમાં જ્યારે ગ્રામસેવક વર્ગો શરૂ થયા ત્યારે તેઓ વર્ગો લેવા જતા. એજ રીતે શાપુરમાં સર્વોદય આશ્રમ(જ્યાંના અધ્યાપનમંદિરમાં પૂ. મોરારિબાપુ તાલીમ લેવા ગયેલા)ની સ્થાપનામાં તેમની ભાગીદારી.

**(૩) લોકભારતીના પ્રાણતત્ત્વઃ-**

દાદાએ લોકભારતીમાં અધ્યાપક તરીકે બારેક વર્ષ સેવાઓ આપેલી. અહીં તેઓ માત્ર અધ્યાપનકાર્ય પૂરતાં સિમિત નહોતા રહયાં. લોકભારતીની સ્થાપના થઈ ૨૮ મી મે ૧૯૫૩ બુદ્ધજયંતીના પવિત્ર પર્વે. સૌરાષ્ટ્ર સરકારે લીઝ ઉપર આપેલ ૧૫૩ એકર જમીન, આવળીયાટ, સૂકી, પથરાળ કોઈ વૃક્ષો નહીં. અત્યારે સેંકડો વૃક્ષો, વેલીઓ લતામંડપથી સમગ્ર પરિવેશ સુશોભિત છે તેના મૂળમાં છે દાદા જેવા કાર્યકરોનો અથાગ વૈજ્ઞાનિક પુરુષાર્થ. અહીં દરેક વિદ્યાર્થીને વર્ષે ૩૫૦ કલાક શ્રમ અનિવાર્ય (અત્યારે ૨૫૦ કલાક) પણ માત્ર શારીરિક શ્રમ નહીં વિષય શિક્ષણ સાથે પ્રત્યક્ષ અનુબંધ. દાદા બાગાયત વિષય ભણાવે. પ્રત્યક્ષ માહિતી આપવા વિદ્યાર્થીઓ પાસે છોડ, કલમનું આરોપણ કરાવે. તે પૂર્વે તેમની આનંદયાત્રા શરૂ થાય. દરેક છોડની પૂરી માહિતી વય, સ્વરૂપ, સંવર્ધન પ્રક્રિયા, માવજત, ઉપયોગિતાની ચર્ચા કરે. મુદ્દાને રસિક બનાવવા ગાલીબ, કલાપી કે વર્ડઝવર્થની ગદ્ય-પદ્ય પંકિતઓ ટાંકતા જાય અને અંતે ઉમેરે આ બધા આપણા દેવમંદિર છે. તેમાં ઈશ્વર છે. તમે પૂજારી છો. તમારે નિત્ય પૂજા કરવાની છે. સૌમાં આજીવન સંસ્કારસિંચન થઈ જાય.

દરેક વિદ્યાર્થીએ એક વૃક્ષ દત્તક લેવાનું. તેમને સમજાવે

જુઓ બેટા, આપણા નિધન સમયે બાળવા માટે એક વૃક્ષ જેટલું લાકડું જોઈશે. તો તે માટેનું પૂર્વ આયોજન અત્યારે કરી લઈશું ને? દાદાને બાળકો સાથે બહુ લગાવ. એટલે એમને વિવિધ છોડનો પરિચય થાય સાથે તેના ફળ જાતે ચૂંટીને આસ્વાદ કરી શકાય તે હેતુથી કાર્યકરના વાડોલિયામાં ફાલસા, આંબલી, શેતુર વગેરેનું વાવેતર કરાવે. દાદા દરરોજ પ્રાંગણ પર ફરવા નીકળે ત્યારે નાના મોટા દરેક છોડ, વૃક્ષ પાસે નિરાંતે ઊભા રહે. તેના થડ, ડાળી, પાન, ફૂલ, ફળનું સૂક્ષ્મતાથી નિરીક્ષણ કરે. સંતાનની જેમ વાતો કરે. તેના વિકાસ માટે કાળજી સેવે. અહીં નોંધવું જોઈએ કે કેમ્પસને નૈસર્ગિક પર્યાવરણથી વિકસાવવામાં દાદા પછીના અધ્યાપકો પ્રભાતસિંહ બારોટ, પ્રવીણભાઈ મશરૂવાલા, મહિપતસિંહ ઝાલા, સતિષભાઈ પટેલ, ઝીણાભાઈ માળી જેવાએ પણ પોતાનું યોગદાન આપેલ છે.

**(૪) સર્જનકાર્યઃ-**

દાદા ગુજરાતી, હિન્દી, અંગ્રેજી, સંસ્કૃત, અરબી, ફારસી અને ઉર્દુ એમ સાત ભાષાના જાણકાર. વિવિધ વિષયોના નિરંતર સ્વાધ્યાય, ચિંતનના પરિપાકરૂપ તેમણે ગદ્ય, પદ્યના સમન્વય સમાન, પ્રાસાદિક શૈલીમાં આલેખિત ૧૩ પુસ્તકોની બક્ષીશ આપી છે. તેમાં સર્વધર્મ સમભાવને અભિવ્યક્ત કરતાં બે પુસ્તકો ‘મુસ્લિમોનો ધર્મ’ તેમજ ‘ઈસ્લામદર્શન’, ધર્મની શાસ્ત્રીય વ્યાખ્યા ‘ધારયતિ ઈતિ ધર્મ’ માનવીય કર્તવ્યને ઉજાગર કરે છે. અન્ય ૧૧ પુસ્તકો ‘પુષ્પફળવિદ્યા’, વનસ્પતિવિશ્વ સંબંધિત, કૃષિ કે ગ્રામવિદ્યા મહાવિદ્યાલયના વિદ્યાર્થીઓ માટે સંદર્ભગ્રંથ જેવા છે. તેમનું ચિરંતન યાદગાર પુસ્તક છે ‘વનસ્પતિ જીવનદર્શન’. ૧૯૫૪માં લોકભારતી મુકામે અખિલ ભારતીય નઈ તાલીમ સંમેલન આયોજન થયેલું. તે સમયે નઈ તાલીમને પૂરક વિવિધ પ્રદર્શન પૈકી એક વનસ્પતિ વિભાગના આયોજનની જવાબદારી દાદાએ સંભાળેલી.

તેમણે ૬૦ જેટલા શબ્દચિત્રોના ચાર્ટસ્ તૈયાર કરેલા. વેડછીના જુગતરામકાકા જેવાએ તેની પ્રસંશા કર્યા પછી તેમણે ૧૭૨ ભાવસભર શબ્દચિત્રો તૈયાર કરેલા. જેનું પુસ્તક સ્વરૂપે પ્રકાશન કર્યું મનુભાઈ પંચોળીએ, સર્વોદય પ્રકાશન સહકારી સંઘ લોકભારતી દ્વારા જ્યારે તેમના સ્નેહી રતુભાઈ અદાણીએ તેની મૂળ હિન્દી આવૃત્તિનું પ્રકાશન કર્યું ૧૯૭૮માં અક્ષયગઢ ક્ષય નિવારણ સમિતિ કેશોદ દ્વારા.

કલા અને સૌંદર્યથી આકર્ષક પોથી આકારના આ પુસ્તકને દાદાએ ખદીજાબહેનને અર્પણ કર્યું છે. પ્રેમાળ, સુવાસિત ફોરમ વ્યકત કરતાં તેમના જે શબ્દો છે તેમાં ખદીજાબહેનનું સત્ત્વગુણી વ્યકિતત્વ પ્રગટ થાય છે. સમગ્ર પરિવારના બા, કુશળ, ઉદ્યમી, સજાગ સુકાની, કઠીન સંજોગોમાં પણ અડગ તપસ્વીની સન્મિત્ર, સહયાત્રી. ગુજરાતના ગણનાપાત્ર વિદ્વાન કે.કા. શાસ્ત્રીજીએ જે પુસ્તકની સજાવટ માટે મૂલ્યવાન સૂચનો કરેલા. તેના પ્રકાશક રતુભાઈ આ પુસ્તકનો ઉદ્દેશ સ્પષ્ટ કરે છે;

‘દાદાએ અક્ષયગઢના સૂકાભઠ પરિસરને રંગબેરંગી ફૂલો, વનસ્પતિ, વૃક્ષોથી રમણીય, દર્શનીય રીતે રૂપાંતરણ કરવામાં જે સહયોગ આપ્યો છે તેની કૃતજ્ઞતારૂપે આ પ્રકાશન છે. ઈસ્માઈલભાઈ પોતાની કાવ્યમય શૈલીમાં વનસ્પતિ જગતના રૂપ, રંગ, રસ, વૈભવ, વિશેષતાનું નિરૂપણ કર્યું છે જેના ફલસ્વરૂપ તેઓ આપણને આનંદ, ચૈતન્યના મહાસાગરમાં, મંગલ આધ્યાત્મિક ભૂમિકાએ દોરી જાય છે.’

મૂર્ધન્ય સારસ્વત કાકાસાહેબ કાલેલકર આ પુસ્તકની પ્રસ્તાવનામાં નોંધે છે, ‘આ વનસ્પતિ સૃષ્ટિ સમગ્ર સજીવ પશુ-પંખી-પ્રાણી માનવજાતનો આધારસ્તંભ છે. તેની સાધના-આરાધના કરવા, તેની ચેતના સાથે એકાત્મકતા કેળવવા વનસ્પતિ વિજ્ઞાનનો ઊંડો, સપ્રમાણ, સમતોલ આંતરિક પરિચય મેળવવો આવશયક છે. વિદ્યાવ્યાસંગી મર્મજ્ઞ ઈસ્માઈલભાઈએ આ પુસ્તક દ્વારા વનસ્પતિવિશ્વ

તરફ વાચકોના આસ્થા, પ્રેમ, કુતૂહલ ઉત્સાહને જાગૃત કર્યા છે. આ પુસ્તકમાં સૌંદર્ય અને સંવાદિતાથી પ્રારંભીને આવતી કાલ આપણે દેવ બનવું છે કે દાનવ સુધીના ૧૭૨ શબ્દચિત્રો માણવા-જાણવા જેવા છે.'

**સમાપન :**

દાદાના પુત્ર સલીમભાઈનું પણ ઉમદા આભિજાત્ય વ્યક્તિત્વ. વર્ષો સુધી તરવડાની ખેતી સંભાળી. તેમના પુત્ર અસીમભાઈ લોકભારતીના સ્નાતક, અનુસ્નાતક. અત્યારે પાલીતાણામાં પોતાના વ્યવસાયમાં પ્રવૃત્ત છે. દાદા ૧૪મી જાન્યુઆરી ૧૯૮૩માં પંચમહાભૂતમાં વિલીન થઈ ગયા. ઈસ્માલભાઈ સ્મારક સમિતિ તરવડા દ્વારા દાદાના શતાબ્દિ વર્ષમાં તરવડા ગામે તેમની મઝાર નિર્મિત કરવામાં આવી છે. પણ તેઓ સનાતન આત્મા સ્વરૂપે, વનસ્પતિના દેવતા તરીકે આપણી સમક્ષ પ્રગટ થતા રહે છે. સમાજમાં જયારે ભોગવાદને પરિણામે સમત્વને બદલે મમત્વની અહંકારવૃત્તિ વિકસતી જાય છે તે સમયે તેઓ સમગ્ર સમાજને, વિશેષતઃ લોકભારતીના વિશાળ પરિવારને દીવાદાંડીની જેમ દિશા દર્શાવે છે કે આપણી જીવનનૌકાને કઈ બાજુ હંકારી જવાની છે.

અલ્લા બેલી અલ્લા બેલી
જાવું જરૂર છે બંદર છો દૂર છે
બેલી તારો, બેલી તારો
બેલી તારો તું જ છે
- સુંદરજી બેટાઈ

સંદર્ભ :


૧. 'વનસ્પતિ જીવનદર્શન' – ઈસ્માઈલભાઈ
૨. 'ઈસ્માઈલદાદા' – મનસુખ સલ્લા
૩. 'સદ્‌ભિઃ સંગ'– મનુભાઈ પંચોળી



(ડી–૨૦૪, અભિષેક એન્ટિલિયા, સમા સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ સામે, પુનિત નગર, ન્યુ સમા રોડ, વડોદરા – ૩૯૦૦૨૪, મો. ૯૪૨૬૪૬૧૦૯૦)


બાળકો તમારી માલિકીનાં, કે તમારાં મમત્વનાં કે અધિકારના વિષય નથી.

પરમેશ્વર પોતે પોતાને અનેક રીતે વ્યક્ત કરવા માગે છે અને તેનું પોતાને વ્યક્ત કરવાનું એક સાધન તમે છો. અને તે તમારી સોડમાં રહે છે, છતાં તે તમારાં નથી.

તમે એમને તમારો પ્રેમ ભલે આપો પણ તમારી કલ્પનાઓ નહીં;

કારણ, તેમને એમની પોતાની કલ્પનાઓ છે. તમે ભલે એમના દેહને ઘર આપો,

પણ એમના આત્માને નહીં; કારણ, તેમના આત્મા તો ભવિષ્યના ઘરમાં રહે છે,

જેની તમે કદી સ્વપ્નમાંયે ઝાંખી કરી શકવાના નથી. બાળકોરૂપી સજીવ બાણો છોડવાનાં તમે ધનુષ્યો છો. અનંતના માર્ગ પર રહેલું કોઈ લક્ષ્ય તાકી ધનુર્ધર તમને નમાવે છે,-જેથી એનાં બાણો ઝડપથી અને દૂર જાય. એ ધનુર્ધરના હાથમાં તમારું નમવું આનંદમય હો; કારણ, જેમ ઊડીને જનારું બાણ એને પ્રિય છે, તેમ સ્થિર રહેનારું ધનુષ્ય પણ એને વહાલું છે.

-ખલિલ જિબ્રાન

---

જાગરણ એટલે પદાર્થની મૂર્ચ્છામાંથી અને ટેવોની નિદ્રામાંથી જાગવું. જાગવું એટલે, જડમાંથી ચેતનમાં,ચેતનમાંથી પ્રેમમાં,પ્રેમથી પ્રકાશમાં અને પ્રકાશથી આનંદમાં જાતરા કરવી.

- સુભાષ ભટ્ટ

## ૦૫ સઓટલા પરિષદમાં રચનાત્મક આચારો

**ડૉ. મનહર ઠાકર**

---

એક ગામડાંને પાદર ગામના દસેક આગોવાનો ઓટલા પરિષદમાં દરરોજ બેસે છે. ' ગ્રામોદ્ધાર વિના રાષ્ટ્રોદ્ધાર શક્ય નથી' નો જે વિચાર છે તે આજે ઓટલા પરિષદમાં ચર્ચાયો. તેમાં લોકવૈજ્ઞાનિક ડૉ. શ્રી અરૂણભાઈ દવેના રચનાત્મક આચારો વિશેના લેખનો આધાર લેવાયો. 'ગામડાં તરફ પાછા વળો'ની જે હાકલ પડેલી અને ગામડું બેઠું થાય, વિકાસ પામે તે માટેનું રચનાત્મક વલણ પ્રગટ થાય તેવા બોધપ્રદ અને વિકાસાત્મક કાર્યો વિશેની અસરકારક રજૂઆત અહીં થવા પામી, જે દરેક ગામડાંનુ હાર્દ છે.

**સરપંચઃ**- આપણા ગામમાં એકતા, સંપ, સહકાર, સંગઠન, સેવા, સ્વચ્છતા, ઉદ્યમ, ભાઈચારો,સમાનતા, સૌમાં સન્માનની લાગણી એવાં બધાં ગુણો, લક્ષણો, ક્ષમતાઓ અને વિશેષતાઓ જળવાઈ રહે અને તેથી ગામનો વિકાસ થાય તેના માટે આજે કોઈ વિચારણા કરીએ તો?

**મુખી બાપાઃ**- હમણાં આપણે સૌ પાંચેક ટ્રેક્ટર ભરીને લોકભારતી, સણોસરા ખાતે રામાયણની કથા સાંભળવા ગયેલા ને? એ કથાના સારરૂપે લોકવૈજ્ઞાનિક ડૉ .શ્રી અરૂણભાઈ દવેએ બાવીશ જેટલાં રચનાત્મક આચારોની નોંધ કરીને પ્રગટ કરી છે, જેની નકલો કઢાવીને હું લાવ્યો છું. અત્યારે દરેકને એ આપું છું. તેના આધારે સરપંચની જે વાત છે, તેને બળ મળશે. એ બાવીસે મુદ્દા પર આપણે સમજ કેળવવી છે અને તે પ્રમાણે આપણા ગામમાં આચાર ઊભો કરવો છે.

**માસ્તરઃ**- આ તો ઘણું સારું લખાણ તમે લઈ આવ્યા, મુખી બાપા ! આમાં પહેલો મુદ્દો જુઓ. 'બધાંનો સ્વીકાર કરવો. કોઈની નિંદા કે ઈર્ષા ન કરવી.' એટલે બધાં પ્રત્યે સમાન ભાવ રાખવો. દરેકને પોતાનાં માનીને સ્વીકારવાં જોઈએ. આખા ગામને પોતાનું માનવું. ઊંચનીચ, ગરીબ,અમીર, શેઠ,નોકર, નાનો,મોટો એવાં કોઈ ભેદભાવ વગર દરેકનો હૃદયથી સ્વીકાર, આવકાર અને સહકાર. જો આ પ્રકારનો આચાર આખા ગામમાં જળવાઈ રહે તો કોણ, કોની નિંદા કરે ! બધાં જ પોતાનાં છે. દરેકના વિકાસની ચિંતા હોય ત્યાં કોણ, કોની ઈર્ષા કરે ! એટલે સમભાવનો આચાર ઊભો થાય. જ્યાં સમભાવ હોય ત્યાં ક્લેશ થતો નથી. એટલે ગામમાં એકતા, સંપ, સહકાર, સંગઠન, સેવા, સ્વચ્છતા, ઉદ્યમ, ભાઈચારો, સમાનતા, સૌમાં સન્માનની લાગણી જન્મે કે નહીં? તેના આધારે ગામનો વિકાસ થાય કે નહીં?

**ઈચ્છુકાકાઃ**- આ લખાણમાં બીજો મુદ્દો 'નિશાળ અને તેમાં ભણાવનારે અને ભણનારે વર્ગમાં સમયસર આવવું' એવી, વાતનો છે. તેના પરથી આપણે તો ગામના વિકાસ માટે બધું સમયસર કરવું તેમ ઉપદેશ લેવાનો છે. સમયસર દરેક કામ કરવું. જેમ કે ખેતીમાં વાવણી, ખાતર, સિંચાઈ, નિંદામણ, લણણી, ખેતીપાક લીધા પછી જમીન તપે એટલે સમયસર ખેડ વગેરે. એ તો આપણા વ્યવસાયની સમયબદ્ધતા થઈ પણ તેની સાથે દૈનિક કાર્યો, જીવન વ્યવહાર વગેરે પણ સમયસર થવા જોઈએ. અનિયમિતતા જ અકસ્માત સર્જે છે. એટલે સમયની નિયમિતતાનો આપણે દરેકે ખ્યાલ રાખવાનો છે.

**પરસોતમઃ**- આમાં ત્રીજો મુદ્દો 'અભ્યાસવૃત્તિ અને શ્રોતા અભિવ્યક્તિ કરવી' એવો લખ્યો છે. એટલે આપણે

શું કરવાનું એ વાત સમજાવોને માસ્તર સાહેબ !

**માસ્તરઃ**- આપણે જે કામ કરવાનું છે તે શ્રેષ્ઠ રીતે થાય તે માટે સતત એનો મહાવરો એટલે કે અભ્યાસ કરવાની વૃત્તિ રાખીને તેની ટેવ પાડવી. વ્યાવસાયિક કાર્ય, દૈનિક કાર્ય, વ્યાવહારિક કાર્ય, સામાજિક કાર્ય, જીવન કાર્ય એમ દરેક કાર્યમાં અભ્યાસ વૃત્તિ રાખવી. આપણે કરવાનાં આ પ્રકારનાં દરેક કાર્ય વિશે બધી દિશાએથી મળતા ઉત્તમ વિચારોને દરેક પાસેથી સાંભળવાની ટેવ એ શ્રોતા અભિવ્યક્તિ છે. એટલે દરેકને સાંભળવાની ટેવ પાડવી જોઈએ.

**પદમશીઃ**- ઈચ્છુકાકા, અહીં ચોથી બાબત એવી છે કે, 'આપણે નહીં, આપણા કામને બોલવા દેવું.' તેમાં શું કહેવાયું છે?

ઈચ્છુકાકાઃ-સાંભળ પદમશી, આપણે ઘર માટે, ગામ માટે, જ્ઞાતિ માટે કે સમાજ માટે ભલું થાય તેવાં જે કામો કરતા હોઈએ તે કરેલાં કામો વિશે પોતે પોતાનાં મોઢે જ્યાં ત્યાં એનાં ગાણાં ગાવાં નહીં. કારણ કે આપણે કરેલું કામ તો સૌની નજરે ચડતું જ હોય છે. જેની લોકોને ખબર પડ્યા વગર રહેતી નથી. એટલે માણસ નહીં પણ તેણે કરેલું કામ જ બોલે છે. કરેલું કામ દેખાય છે પછી આપણે એનો ઢંઢોરો પીટવાની શી જરૂર?

**ઈકબાલઃ**- 'શ્રદ્ધા અને વિશ્વાસમાંથી પ્રેમ-ચાહત જન્મે છે, આથી શ્રદ્ધાળુ અને દયાળુ થવા પ્રયત્ન કરવો.' માસ્તર સાહેબ, આ પાંચમા મુદ્દામાં લખ્યું છે ઈ સમજાવોને.

**માસ્તરઃ**- ઈ જે લખ્યું છે ને ઈકબાલ , ઈ જ આપણા જીવનમાં મહત્ત્વનું છે. કારણ કે સબસે ઊંચી પ્રેમ સગાઈ. જીવ પ્રાણીમાત્ર પ્રત્યે પ્રેમ ભાવ જાળવવાની તેમાં વાત છે. દરેકને ચાહો. એ ચાહત દરેક પ્રત્યે શ્રદ્ધા ધરાવવાથી આપણા મનમાં પ્રગટ થતી હોય છે. તે માટે દરેકમાં વિશ્વાસ રાખવો તો શ્રદ્ધા ટકી રહે છે. તેથી પ્રેમ એટલે કે ચાહના જળવાઈ રહે છે. એટલે આખા ગામ માટે આપણે આ પ્રકારનો ભાવ જાળવવાની વાત છે .

**રાઘવઃ**- છઠ્ઠા મુદ્દામાં તો ડૉ. અરૂણભાઈએ લખ્યું છે કે, 'કથામાં ગામડાંઓ લોકભારતીમાં ઠલવાણાં હવે લોકભારતીએ ગામડાંઓમાં ઠલવાવાનું છે.' ઈચ્છુકાકા ! આમાં શું કહેવાનું હશે?

**ઈચ્છુકાકાઃ**- ભાઈ, રાઘવ ! મોરારિબાપુની કથા વખતે સણોસરા, લોકભારતીમાં આખાં ને આખાં ગામડાંના લોકો પહોંચી ગયા હતા ને. વાહનોમાં જઈને લોકો ત્યાં ઠલવાયેલા. લોકભારતીને ગ્રામવાસીઓથી ભરી દીધેલી. આ લોકભારતી ગ્રામાભિમુખ કેળવણીનું કામ કરતી સંસ્થા છે. ગામડાંઓમાં વિજ્ઞાન અને ટેકનોલોજી દ્વારા વિકાસ કરવાની તાલીમ આપતી સંસ્થા છે. એટલે હવે લોકભારતી દ્વારા ગ્રામોદ્ધારના કાર્યક્રમો લઈને ત્યાંના કાર્યકરોએ ગામડાંઓમાં ઠલવાવાનું એટલે કે જવાનું છે. કારણ કે ગ્રામોદ્ધાર વિના રાષ્ટ્રોદ્ધાર શક્ય નથી. જે કામ કથા પછી બમણા વેગથી લોકભારતીએ કરવાનો સંદેશ છે.

**માસ્તર-ઃ** ક્રમશઃ મુદ્દાઓમાં છઠ્ઠા મુદ્દા સુધીની વિચારણા કરી હતી. હવે સાતમાં મુદ્દાને સમજીએ.

**મોહનઃ**- સાતમાં મુદ્દામાં એવું લખ્યું છે કે, 'સમાજે લોકભારતીને ટકાવવા ટેકો કર્યો છે ત્યારે લોકભારતીએ સમાજનું અંગિભૂત અંગ બની રહે તેવા સંસ્કારી વિદ્યાર્થીઓ તૈયાર કરવાના છે.'

**માસ્તરઃ**- લોકભારતી એવી શિક્ષણ સંસ્થા છે કે જેની ગ્રામાભિમુખ કેળવણીથી ગ્રામોદ્ધારનો મંત્ર સાકાર થાય છે. એટલે આ સંસ્થાના વિકાસ માટે મોરારિબાપુની કથા દ્વારા સંસ્થાને ટકાવી રાખવા માટે સમાજનો ટેકો મળ્યો છે. હવે લોકભારતીએ કેળવણી આપીને સમાજનું એક અંગ બનીને રહે તેવા સંસ્કારી વિદ્યાર્થીઓ તૈયાર કરવા માટે સમાજનું ઉત્તરદાયિત્વ નિભાવવાનું છે.

**મુખીબાપાઃ**- 'સાદાં, સરળ, સસ્તાં અને સહજ ઉપલબ્ધ એવાં ટી.એલ.એમ. વાપરવા.' એવો આઠમો

મુદ્દો છે. એટલે શું માસ્તર સાહેબ?

**માસ્તરઃ**- ટી. એલ. એમ. એ અંગ્રેજીમાં ટીચિન્ગ લર્નિંગ મટીરીયલ એવા શબ્દોનું ટૂંકું રૂપ છે. ટીચિન્ગ એટલે ભણાવવું, લર્નિંગ એટલે ભણવું અને મટીરીયલ એટલે તે માટેની સાધન - સામગ્રી એવો અર્થ થાય છે. એટલે કે ભણાવવા અને ભણવા માટેની સાધન સામગ્રીની વાત છે. જે સાદાં, સરળ, સસ્તાં અને સહજ કહેતાં સહેલાઈથી પ્રાપ્ત થાય તેવાં સાધનો - સામગ્રી વાપરવાની વાત છે.આના ઉપરથી આપણે એવું સમજવાનું છે કે આપણા ગામડાંઓમાં ખેતી વ્યવસાય, દૈનિક જીવનશૈલી, વ્યવહારો વગેરે શીખવવા કે શીખવામાં સાદાં, સરળ, સસ્તાં અને સહેલાઈથી મળી રહે તેવાં સાધનો અને સામગ્રીનો ઉપયોગ કરવો જોઈએ.

**સરપંચઃ**- નવમો મુદ્દો તો આપણા ગામના સેવાકાર્યો માટે ઉપયોગી થાય તેવો છે. તેમાં લખ્યું છે, 'બહુ મોટી સંખ્યામાં સાવ ગરીબ અને શ્રમિક લોકોએ કરેલી મુંગી સેવાની જેમ આપણે પણ ખિસકોલી સેવાકાર્યને આપણો સ્વભાવ બનાવીએ.'

**ઈચ્છુકાકાઃ**- આ વાત સાવ સાચી છે. લોકભારતીમાં કથા વખતે સેવાનું આટલું મોટું ભગીરથ કાર્ય થયું કે જેમાં નવ દિવસ સુધી હજારો માણસોનો જમણવાર, ચા-પાણીની વ્યવસ્થા, મંડપ સફાઈ, બેઠક વ્યવસ્થા, રસોઈ બનાવવી, વાસણની વ્યવસ્થા, પીરસવાની વ્યવસ્થા, સમયસર બધું વ્યવસ્થિત ચાલે તેનું વ્યવસ્થાપન એમ દરેક પ્રકારની સેવા માટે સ્વેચ્છાએ જોડાયેલા સામાજિક ગરીબ વર્ગના લોકો, મહેનત મજૂરી કરનારા શ્રમિક લોકોએ મુંગા મુંગા-મૂકસેવક બનીને જે સેવા આપી છે, તેની વાત છે. એ એવું ભાવનાશીલ સેવાકાર્ય છે, જેવું ખિસકોલીએ રામસેતુ બંધાયો ત્યારે કરેલું. એમ આપણે સૌ આપણા ગામ માટે એવા ખિસકોલી સેવાકાર્યને સ્વભાવમાં ધારણ કરીએ, એવો સંદેશ આમાંથી મળે છે.

**ઈકબાલઃ**- 'સોંપેલ જવાબદારી વફાદારીથી નિભાવીએ.' એવી વાત દસમાં મુદ્દામાં મૂકી છે.

**મોહનઃ**- કોઈપણ કામને સફળતાપૂર્વક પૂરું પાડવામાં જવાબદારી અને વફાદારી જ મહત્ત્વનાં છે. માણસો દ્વારા ગામનાં સેવાકાર્યો કે સામૂહિક કામ સૌના સહિયારા પુરુષાર્થથી કરવાનાં થાય છે ત્યારે જેને જે જવાબદારી સોંપવામાં આવી હોય તે જવાબદાર વ્યક્તિ તરીકે પોતે જે તે કામને વફાદાર રહીને નિભાવે તેવી વાત છે.

**માસ્તરઃ**- આગિયારમો મુદ્દો, 'બોલવા કરતાં પણ એકચિત્તે શ્રવણ કરવું એ ચડિયાતું છે.' મોટેભાગે લોકોને બોલ બોલ કરવાની જ ટેવ હોય છે. સામે સૌ તેને સાંભળ્યા જ કરે, એવું પોતે માનતા હોય છે. એટલે માત્ર વક્તા જ બની રહેવામાં લોકોને વધુ રસ હોય છે. તેને બદલે એકચિત્તે લોકોને સાંભળવા જોઈએ. એટલી ધીરજ રાખવી જોઈએ. વાતે વાતે પોતાનો જ કક્કો સાચો એમ બોલ બોલ કરવા કરતાં અન્યને સાંભળવાની ટેવ પાડવી જરૂરી છે.

**ઈચ્છુકાકાઃ**- બારમો મુદ્દો તો માનવજીવન તરીકે આપણે કેળવવા જેવો અને અગત્યનો છે. 'સત્ય, પ્રેમ, કરુણા અને સેવા આપણા જીવનવ્યવહારમાં વિકસે તેમ કરવું.' આ બાબત આપણા સાચા અને સારા આચરણ માટે જરૂરી છે. સત્યનું આચરણ, દરેક પ્રત્યે પ્રેમ અને જીવ પ્રાણીમાત્ર પરત્વે કરુણાનો ભાવ આપણાં જીવનમાં પ્રગટવો જોઈએ. જો આ ત્રણનો આચાર આવી જાય તો ચોથું, સેવાનો ભાવ વિકસાવવાનો છે. કારણકે 'સેવા પરમો ધર્મ.' એટલે સત્ય, પ્રેમ અને કરુણાના આચરણ થકી આપણે સેવાધર્મ નિભાવીએ.

**માસ્તરઃ**- બાર જેટલા મુદ્દાઓમાં આપણે સારી એવી પ્રેરણા મેળવી હવે તેરમો મુદ્દો જોઈએ. 'સ્વચ્છતા ત્યાં પ્રભુતા છે. લોકભારતીની સ્વચ્છતા જળવાઈ રહે એવો સૌ કોઈ સભાનતાથી વ્યવહાર- આચાર કરે.' આ મુદ્દો આપણા ગામ માટે પણ આચરણમાં મૂકીએ. સ્વચ્છતા જ પ્રભુતા

પ્રાપ્ત કરવાનો ગુણ છે. જે ગામ સ્વચ્છ તે સ્વસ્થ બને. જે વ્યક્તિ આંતર,બાહ્ય સ્વચ્છ રહે તેનો આચાર શુદ્ધ બને છે, તે પ્રભુતા મેળવે છે. એટલે લોકભારતી જેવી કેળવણીની માતબર સંસ્થા અને કાર્યકરોની સ્વચ્છતા જળવાઈ રહે તે માટે સૌને સભાનતાપૂર્વક વ્યવહાર-આચાર કરવાની અપીલ કરી છે. આપણે પણ ગામ માટે આ અપીલ કરીએ છીએ.

**ઈચ્છુકાકાઃ**- ચૌદમાં મુદ્દામાં લખાયું છે કે, 'આપણા દાદાઓ જ સક્ષમ, ઋષિવર્ય, સત્ય-પ્રેમ-કરુણાની મૂર્તિ સમાન છે ત્યારે બીજે ક્યાંય જવાની જરૂર નથી. ઘરે જ ગંગા વહી રહી છે. આપણા દાદાઓના સાહિત્ય-સર્જનનો નિયમિત અભ્યાસ કરવો જોઈએ.' આ દાદાઓ એટલે ગ્રામાભિમુખ કેળવણી અને લોકશિક્ષણનો જેણે પાયો નાખ્યો, એને સદ્ધર બનાવ્યું અને ઉત્તમ આચાર ઊભો કર્યો એવા નાનાભાઈ ભટ્ટ, મૂળશંકરભાઈ ભટ્ટ, મનુભાઈ પંચોળી, ન.પ્ર. બુચ વગેરે સક્ષમ એવા ઋષિતુલ્ય લોકભારતીના પૂરોગામીઓ જે સત્ય, પ્રેમ અને કરુણાની મૂર્તિ સમાન હતા. એટલે લોકભારતી ગંગાના એ પવિત્ર પ્રવાહો એમનાં સાહિત્ય-સર્જન દ્વારા પામી શકાય છે. જેનો સૌએ નિયમિત અભ્યાસ કરવો જોઈએ.

**મોહનઃ**- 'પ્રયોગો કરવા જ જોઈએ પણ સાથોસાથ પ્રયાગ થતા રહેવા જોઈએ.' આ પંદરમો મુદ્દો શું કહેવા માગે છે? માસ્તર સાહેબ !

**માસ્તરઃ**-'પ્રયોગ' અને 'પ્રયાગ' એવા બે શબ્દોની વાત છે . બન્ને વિશે મારી સમજણ પ્રમાણે વાત કરું તો જીવનમાં અને આપણા વ્યવસાય કૃષિકાર્યમાં અથવા ગ્રામવિકાસમાં આપણે પ્રયોગશીલ રહેવું જોઈએ. હવે એ બધાંમાં વિકાસ માટે પ્રયોગો કરવા જોઈએ. હવે હું જે સમજ્યો છું તે પ્રયાગ એટલે ગંગા, યમુના અને સરસ્વતીનો સંગમ. એ ત્રણ મહાન અને પવિત્ર નદીઓની જેમ આપણામાં પણ સત્ય, પ્રેમ અને કરુણાનો પ્રયાગ થતો રહેવો જોઈએ. એ પ્રમાણેનું જીવન ઘડતર કરવાની વાત છે.

**પદમશીઃ**- સોળમો મુદ્દો, 'સેતુયજ્ઞ અને ખિસકોલીકાર્ય જીવનમાં વણાઈ જાય તેવું કરીએ.' એમાં કયો આચાર જાળવવાનો છે?

**સરપંચઃ**- પદમશી, સાંભળ. સમુદ્ર પર રામસેતુ બંધાયો ત્યારે નાની એવી ખિસકોલીએ બે પથ્થરોની જગ્યા વચ્ચેથી પાણી વહી ન જાય તેમ આડે ગોઠવાઈને રામકાર્યમાં સેવા કરી હતી ને. તેવી રીતે આપણે પણ એવા સેવાકાર્યોમાં આપણી હેસિયત પ્રમાણે ખિસકોલી જેવું સેવાકાર્ય જીવનમાં વણાઈ જાય તેવું કરવાનું છે.

**મુખીબાપાઃ**- આ સત્તરમાં મુદ્દાને વાંચો, 'બાપુએ આપણી બધી ઈચ્છાઓ-વિનંતી જે પ્રેમથી સ્વીકારી અને પોતાની કથા ગૂંથી તેવું સૌનું સન્માન- ગૌરવ જાળવીને જીવતા શીખીએ.' એમાં મોરારિબાપુની વાત કરી છે કે તેમણે લોકભારતીના વિકાસ માટે જે કથા કરીને સારું એવું આર્થિક ભંડોળ ઊભું કરવામાં સખાવતીઓને અપીલ કરી. પ્રેમથી એ કાર્યનો સ્વીકાર કરીને તે પાર પાડ્યું. કથા દરમિયાન સૌનું સન્માન અને ગૌરવ જાળવવાનો એમના જીવનનો આચાર સૌને પ્રેરણા આપી ગયો એવી રીતે આપણે સૌ જીવવાનું શીખીએ.

**પરસોતમઃ**-અઢારમાં મુદ્દામાં લખ્યું છે કે, 'એકોક્તિના પાત્રોમાંથી જબરી શીખ મળી છે, તેને પામીએ, પચાવીએ' એટલે શું?

**ઈચ્છુકાકાઃ**- ભાઈ, પરસોત્તમ ! ત્યાં કથા દરમિયાન નવ દિવસ રાતના સાંસ્કૃતિક કાર્યક્રમો વખતે સંસ્થાના વિદ્યાર્થીઓ અને કાર્યકરોએ રામાયણનાં જુદાં જુદાં પાત્રોની એકોક્તિ ભજવેલી. જેમાં શબરી, કેવટ, ભરત વગેરેનાં જીવન વિશેનો બોધ પ્રાપ્ત થતો હતો. એટલે તે દરેક જીવન માટેની જબરી શીખ આપે તેવો રહ્યો. તે શીખને પામવાની અને પચાવીને જીવન વ્યવહારમાં ઉતારવાની વાત છે.

**માસ્તરઃ**- ઓગણીશમો મુદ્દો તો જીવનમાં મૂલ્યો તથા

ઊંચા ગુણો ધરાવનારા માટે સારી શીખ આપી જાય છે. તેમાં લખ્યા પ્રમાણે, 'સત્ય, અહિંસા, સાધનશુદ્ધિ, સેવા, શાંતિ, પ્રકૃતિનું જતન, સંસ્કૃતિનું સંવર્ધન અને મનુષ્યત્વને ઉજાગર કરવાની વૃત્તિ અને પ્રવૃત્તિઓના આગ્રહીઓને આજે સમાજ ભલે અવ્યવહારુ કે આદર્શવાદી ગણે, પણ તે ભૂલ ભરેલું છે.' એટલે કે આમાં જણાવેલાં ગુણો, લક્ષણો, ક્ષમતાઓ અને વિશેષતાઓ ધરાવનારા લોકોની સમાજ જો ટીકા કરે તો એવી ટીકા કરનારાઓની ભૂલ છે, એમ સમજવું.

**પદમશીઃ**- વીસમા મુદ્દામાં લખ્યું છે કે, 'પૂ. બાપુએ પાનબાઈના હવાલાથી વારંવાર જે 'વિવેક'ની મહત્તા સમજાવી છે તે વિવેકને આપણે આચરણમાં મૂકીએ.' એટલે આપણે શું આચરણમાં જાળવવાનું થાય?

**ઈચ્છુકાકાઃ**- મોરારિબાપુએ લોકભારતીમાં જે 'રામચરિત માનસ'ની કથા કરી, તેમાં ગંગાસતીએ ભજનોની વાણી જે પાનબાઈને સંભળાવેલી એની વાત છે. તે ભજનમાં 'વચન વિવેકી જે નર ને નારી..' વિશે કહેવાયું છે. રામાયણમાં તુલસીદાસજી વિવેક શબ્દ જ્ઞાન માટે પણ ઉપયોગમાં લે છે. પાનબાઈને સંભળાવીને ગંગાસતી એ વિવેક, જે જ્ઞાન તરીકે તેને તથા વાણી, વર્તન, વ્યવહારમાં જે વિનય, નમ્રતા રાખવાનો ખ્યાલ છે; તેને પણ આચરવાનું કહે છે. આમ તો જ્ઞાન હોય તો જ વિનય, નમ્રતા, વિવેક આચરણમાં પ્રગટ થાય છે. એટલે કથામાં વિવેકની મહત્તા સમજાવી છે, તે વિવેકને આપણે જીવાતા જીવનમાં આચરણમાં મૂકીએ.

**માસ્તરઃ**- એકવીસમો મુદ્દો જોઈએ તો, 'આપણે કાર્યકરો પરસ્પરના સાથ-સહકારથી એકબીજા પાસેથી શીખતા રહીએ અને સારપનો સરવાળો કરીએ.' આ મુદ્દો આપણને સૌને ઊંચા પ્રકારની શીખ આપી જાય તેવો છે. એ મુદ્દા અનુસાર આપણે સૌ ગ્રામજનો અરસપરસ એકબીજાના સાથ અને સહકારથી પરસ્પર શીખતાં રહીએ. જેમાં વ્યવસાય, જીવન, વ્યાવહારિક કાર્યો, ગ્રામોદ્ધાર વગેરે આવી જાય છે. એમ એકબીજાને પૂરક બનીને સારાં કાર્યો કરીએ, સારા આને સાચા માણસ બનીએ. એવી રીતે આખા ગામની સારપનો સરવાળો કરીએ.

**સરપંચઃ**- છેલ્લા અને બાવીસમાં મુદ્દાને સૌ સાંભળો. 'ગ્રામચેતનાને પૂનર્જિવિત કરવા માટે ઓછામાં ઓછા ૯૦૦ વર્ષ રાહ જોઈ શકીએ એવું ધૈર્ય કેળવીએ.' આમાં તો ગ્રામોદ્ધાર માટે ગામડાંઓમાં ચેતના જગાડવામાં એટલી હદે ધીરજ રાખીને નવસો વર્ષો ભલે થાય, એટલી રાહ જોઈને પણ ઉપરના એકવીસ જેટલા મુદ્દાઓને આજથી જ આચરણમાં લાવીને મથવાનું છે.

**ઈકબાલઃ**- ધીરજનાં ફળ મીઠાં એ વાત પણ છે ને. હવે આપણી પાસે સદાચારની ગુરુચાવી આવી ગઈ છે. ચાલો, આપણા ગામની ગ્રામચેતનાને સંકોરીને પુનર્જીવિત કરીએ.

**રહીમઃ**- જાગ્યા ત્યારથી સવાર એમ માનીને આપણું આખું ગામ વિકાસ પામે તે માટેના આ રચનાત્મક આચારોમાં દર્શાવેલાં ગુણો, લક્ષણો, ક્ષમતાઓ અને વિશેષતાઓ હાંસલ કરવા માટે મથીએ.

**મુખીબાપાઃ**- હા, હો. જે મથે એને જ મળે. આખા ગામ માટે કાંઈક મેળવવું હશે તો સૌએ મથવું પડશે. લોકવૈજ્ઞાનિક ડૉ. શ્રી અરૂણભાઈ દવેના લેખમાં પ્રગટ થયેલાં બાવીસ મુદ્દાઓ આપણને ઉપયોગી થયા છે. એમનો આભાર માનીને હવે ઊભા થઈએ. સાંજ ઢળી ને પંખીઓ પણ પોતાના માળા ભેળાં થઈ ગ્યાં છે.

(૪૦, શ્રીનાથજી નગર-૩, ભરતનગર પાછળ, ભાવનગરઃ ૩૬૪૦૦૨, મો.૯૪૨૬૮૫૧૨૯૦)

## ૦૬ સ ક્રિકેટની ટર્મિનોલોજીમાં નિહિત શિક્ષણની ટર્મિનોલોજી

**ડો. સંજય આર. તલસાણીયા**

---

વહાલા વિદ્યાર્થી મિત્રો, સામ્પ્રત સમયમાં ડોકિયું કરીએ તો જણાય છે કે પરીક્ષાની સાથે ક્રિકેટ (IPL) નો માહોલ પણ રાજ્ય તેમજ દેશમાં વ્યાપક બનતો જાય છે. ક્રિકેટ ચાહકો અને પરીક્ષામાં અવ્વલ આવનાર તેમજ વર્ષભર મહેનત કરનારને તેની પ્રતીક્ષા હોય એ સ્વાભાવિક છે. એવે વખતે શિક્ષણમાં નિહિત ક્રિકેટની ટર્મિનોલોજીને સમજવાનો પ્રયત્ન કરીએ.

**શબ્દાવલી**

કોચ- આચાર્ય
કેપ્ટન -શિક્ષક
વાઈસ કેપ્ટન -વિષય શિક્ષક
પેવેલિયન -શાળા
મેદાન-વર્ગખંડ
પીચ- અભ્યાસક્રમ અને પુસ્તકો
બેટ - વિદ્યાર્થીકર્મ
બોલ - શૈક્ષણિક સાધન, સામે આવતી તક
બોલર- પરીક્ષાઓ
ફીલ્ડર- પરીક્ષાર્થીઓ
અમ્પાયર- પરીક્ષક
સ્કોર- માર્કશીટ
અનેક પ્રકારના સ્કોરીંગ શોટ્સ
સ્ટ્રેઇટ ડ્રાઈવ- સફળતા
લેટ કટ -ધૈર્ય
શોટ કટ- માનસિક પવિત્રતા
કવર ડ્રાઇવ - કૌશલ્ય
હૂક શોટ - હિંમત
આકર્ષક સ્ક્વેર ડ્રાય –રસ-રુચિ
સ્લીપ એન્ડ સ્વીટ શોટ- મૈત્રી

**આઉટ થવાની રીતો**

ક્લીન બોલ્ડ- પરીક્ષામાં ચોરી
કેચ આઉટ - દુર્ગુણો
રન આઉટ-વ્યસનનો
હીટ વિકેટ -સમયનો વ્યય
હેન્ડલ ધ બોલ - સ્વ જાગૃતતાનો અભાવ, આળસ
લેગ બીફોર- કહ્યું ન કરવું (માતા-પિતા, શિક્ષકો )
સેલ્ફ આઉટ-મોબાઈલનો અતિ ઉપયોગ

**સાવધાન?**

- વ્યસનરૂપી રાક્ષસ વિકેટકીપરની જેમ પાછળ બાજુ નજરે ઊભો જ છે
- હેતુ વગરના કાર્યથી શોર્ટ લેગ પર કેચ થઈ શકે છે.
- દૂરદર્શિતા નહીં રાખીએ તો લોગઓન પર પકડાઈ જવાય.
- જાત અને જીભ ઉપર સંયમ નહીં રહે તો સ્લીપમાં ૧,૨, અને ૩ ફિલ્ડરો તાકીને ઊભા જ છે.
- બેલેન્સ નહીં રાખીએ તો મીડોન પર કેચ અપાઈ જશે.
- મને કહેનાર કોણ? એવું વિચારશો તો થર્ડમેનરૂપી SMC અધ્યક્ષ શાળામાંથી આઉટનો આદેશ આપશે.
- સભાનતા નહીં હોય તો ગુણ ઓછા આવી શકે છે.
- વારંવાર મૂડ ઓફ રહેવાથી મીડ ઓફ પર અન્ય ખેલાડી ( વિદ્યાર્થી) થી પાછળ જ રહી શકો છો.

- અયોગ્ય વર્તન બદલ મેચ રેફરી ( આચાર્ય ) દંડ પણ ફટકારી શકે છે

**બોલિંગ**

- નિષ્કાળજીરુપી વલણ અંતર અંતર્મુખતા તરફ દોરી જાય છે.
- અહંકારને નહી પારખી શકો તો સ્વયંનું અહીત થઈ શકે છે.
- સ્મૃતિની સ્વિચ ઓફ કરવી તે અભ્યાસક્રમની બેદરકારી સાબિત કરે છે અને લેગ સ્પીન બોલિંગનો સામનો કરવો પડશે. તેથી અભ્યાસ કરતા રહેવું અનિવાર્ય છે.

  આ ઉપરાંત મનની મૂંઝવણનો ગુગલી બોલ તો ફેંકાતો જ રહેશે.

ચારેય કૌશલ્યમાં અલગ અલગ રન સ્કોરિંગ

**જ્ઞાન**

ઉપર ઉપરથી સમજ - ૨ રન (અભ્યાસમાં સારા ગુણ )
આંતરિક સમજ -૪ રન (અભ્યાસમાં ઘણા સારા ગુણ )
ઉચ્ચકોટિના જ્ઞાનપ્રાપ્તિ-૬ રન ( અભ્યાસમા ઉત્કુસ્ટ ગુણ)

**સમજ**

અસાધારણ સમજ -૧ રન ( અભ્યાસમાં સામાન્ય ગુણ )
ચિંતન સાથે મનન- ૨ રન (અભ્યાસમાં સારા ગુણ )
ઊંડી સમજ -૪ રન (અભ્યાસમાં ઘણો સારો દેખાવ )
આંતર ગુહ્ય સમજ -૬ રન (અભ્યાસમાં ચિતન )

**ઉપયોજન**

- જ્ઞાનનો સામાન્ય ઉપયોગ -૩ રન ( અભ્યાસ ઉપરાંત વ્યવહારુ સમજ )
- જ્ઞાનનો વિવિકપૂર્વક ઉપયોગ-૪ રન ( અભ્યાસ ઉપરાંત સ્કુલમાં માન-પાન )
- જ્ઞાનનો ઉચ્ચકોટીનો સમન્વય - ૬ રન ( અભ્યાસ ઉપરાંત વ્યવહારમાં અનન્ય દેખાવ)

**સર્જનશીલતા**

- લેખિત અભિવ્યક્તિ -૨ રન ( લેખનમાં સારો દેખાવ)
- મૌખિક અભિવ્યક્તિ -૪ રન ( મૌખિક અને વાચિક અભિવ્યક્તિમાં ખૂબ સારો દેખાવ)
- ચિંતનાત્મક અભિવ્યક્તિ -૬ રન ( તાર્કિક ચિંતનમાં સારો દેખાવ)

**રીઝલ્ટ**

- મેન ઓફ ધ મેચ- જિલ્લા અને રાજયમાં પ્રથમ રેન્ક
- મેન ઓફ ધ સીરીજ – વર્ગખંડમાં પ્રથમ રેન્ક
- વિજેતા ટીમના સભ્યો- વર્ગખંડના વિદ્યાર્થીઓ
- મેદાન પરના દર્શકો - SMC સભ્યો
- ટીવી દર્શકો - વાલી અને ગ્રામજનો
- કોમેન્ટરો – બીઆરસી, સીઆરસી,ટીપીઓશ્રી ઈનામ વિતરણ- અનન્ય સિદ્ધિ બદલ જિલ્લા , રાજ્ય અને નેશનલ કક્ષાએ પ્રોત્સાહિત ઈનામ વિજેતા અને પ્રસિદ્ધિ.

વિદ્યાર્થી દોસ્તો, ક્રિકેટરૂપી અભ્યાસમાં જો ધારી સફળતા પ્રાપ્ત કરવી હોય તો અનેક પ્રકારના સ્કોરીંગ સ્વરૂપે કુશળતાઓ પ્રાપ્ત કરવી પડશે. આઉટ થવાની શક્યતા પૈકી ઘણી નિર્બળતાઓ ઓળખી બચવું પડશે. સાવધાન કે સતર્ક બની ચારેય કૌશલ્યમાં નિપુણતા પ્રાપ્ત જો કરશો તો સારી સફળતા ( જીત )તમારી રાહ જોઈને ઊભી છે અને તમને ઉત્તમ ઈનામ આપનાર અધિકારીઓ , સ્વજનો તમારી રાહ જોઈને બેઠા છે માટે જો શિક્ષણરૂપી ક્રિકેટને સમજશો અને મન લગાવીને અભ્યાસ કરશો તો તમને શિક્ષણના માસ્ટર બ્લાસ્ટર સચિન તેન્ડૂલકર બનતામાં કોઈ રોકી શકશે નહીં.

(અધ્યાપક- તાલીમ ભવન ભાવનગર)

## ૦૭ માતૃભાષા અને આપણે

**રજનીકુમાર પરમાર**

---

આપણે સૌ ૨૧મી ફેબ્રુઆરીના દિવસને વિશ્વ-માતૃભાષા દિવસ તરીકે ઉજવીએ છીએ. આંતરરાષ્ટ્રીય સ્તરે દરેક વ્યક્તિમાં સ્વભાષા માટે વિશેષ લગાવ થાય તથા વૈશ્વિક સ્તરે ભાષાકીય, સાંસ્કૃતિક અને બહુભાષીયતાને સમર્થન આપવાના હેતુથી આ દિવસની ઉજવણી કરવામાં આવે છે. ભાષા અને સંસ્કૃતિનું અભિન્નરૂપ લોકોમાં સ્થપાય, તેનું મૂલ્યવર્ધન થાય, નાનકડા પ્રદેશનો ભાષાને પણ સમાદર થાય એવા મુખ્ય આશય સાથે આ દિવસે પ્રત્યેક પ્રદેશમાં માતૃભાષાનું ગુણગાન થતું હોય છે.

૨૧ ફેબ્રુઆરી, ૧૯૫૨ના રોજ ઢાકા યુનિવર્સિટીમાં કેટલાક સામાજિક કાર્યકર્તા અને વિદ્યાર્થીઓએ તત્કાલીન પાકિસ્તાન સરકારની ભાષાનીતિના વિરોધમાં આંદોલન કર્યું હતું. તેમનો વિરોધ પોતાની માતૃભાષાનું અસ્તિત્વ જળવાઈ રહે, બંગાળી ભાષાને સત્તાવાર દરજ્જો મળે તે માટે હતો. માતૃભાષા માટે લડતા એ તમામ વિદ્યાર્થી અને કાર્યકર્તાઓ ઉપર પોલીસે ગોળીઓ વરસાવી હતી, વિદ્યાર્થીઓ-કાર્યકર્તાઓ શહીદ થયા, પરિણામે વિરોધ ખૂબ ઉગ્ર બનતા સરકારે નમતું જોખવું પડ્યું અને તે સર્વની માગણીનો સ્વીકાર કર્યો અને બંગાળી ભાષાને એ પ્રદેશની સત્તાવાર ભાષાનો દરજ્જો મળ્યો. માતૃભાષા માટેના આંદોલનમાં શહીદ થયેલા યુવાનોને શ્રદ્ધાંજલિ આપવા માટે નવેમ્બર, ૧૯૯૯માં યુનેસ્કો દ્વારા વિશ્વમાં માતૃભાષા દિવસ ઉજવવાનો નિર્ણય લેવામાં આવ્યો. ત્યારથી આજ સુધી આ દિવસની ઉજવણી કરવામાં આવે છે. આ દિવસે આપણે સૌ આપણી માતૃભાષા સાથેના અનુબંધને તપાસીએ.

'જનની અને જન્મભૂમિ સ્વર્ગથી પણ મહાન છે.' એમ માનવાની સાથે 'મા અને માતૃભાષા સાંસ્કૃતિક જીવનનું અભિન્ન અંગ છે' એમ પણ આપણે સ્વીકારવું જ પડશે. માતા જેમ દિવસ-રાત સતત બાળકની સંભાળ રાખે તેમજ માતૃભાષા આપણી માવજત કરે છે. માતૃભાષા પ્રત્યેક ક્ષણે સાથે રહી હૃદયસ્થ ભાવોને અભિવ્યક્ત કરવા મોકળું મેદાન આપે છે. દરેક ભાષા આપણા મનમાં વસી શકે પણ હૃદયમાં તો માતૃભાષા જ રહે, રહેવી જોઈએ. મા જીવનનો શણગાર છે તો માતૃભાષા હૃદયનો !

માતૃશિક્ષણ માતૃભાષામાં થાય ત્યારે માતા અને ભાષા બંને સમૃદ્ધ બને છે. માતા સાથેનું જોડાયેલ વાત્સલ્ય ભાષા સાથે પણ જોડાવા લાગે ત્યારે સંસ્કૃતિનો સમાદર થયો કહેવાય. માતા ગમે એટલી જ માતૃભાષા ગમવી જોઈએ. આપણી સામાજિક, સાંસ્કૃતિક કે ધાર્મિક પરંપરાઓનો પ્રાણ માતૃભાષામાં જેટલો જીવંત રહી શકે એટલો અન્ય ભાષામાં જળવાઈ રહેવો શક્ય નથી. માટે જ કહેવાયું છે કે, 'ભાષા જાય તો સંસ્કૃતિ જાય.' , 'હું ગુજરાતી ' એમ ખરા દિલથી બોલવું જ હોય તો માતૃભાષાની જાળવણી કરવા તત્પર થવું જરૂરી છે કેમ કે ગુજરાતની સંસ્કૃતિથી આપણે ઓળખાઈએ છીએ અને સંસ્કૃતિ ભાષાના આધારે ટકેલી છે.

જો કોઈ એમ માને છે કે ભાષા કોઈપણ હોય આપણે તો બોલવાનું કામ, ગુજરાતી નહીં તો બીજી ભાષા બોલીશું, આપણને શો ફેર પડવાનો? પણ આ ફરક નાનોસુનો નથી. ભાષા છે તો સંસ્કૃતિ છે. એક ભાષાના નાશ સાથે સંસ્કૃતિનો પણ સર્વનાશ નિશ્ચિત છે માટે જ સંસ્કૃતિના જતન ખાતર દરેક વ્યક્તિએ માતૃભાષાનું રક્ષણ કરવું અનિવાર્ય છે. બીજી ભાષામાં અભિવ્યક્તિ કરવાની મનાઈ તો નથી જ. ભારતીય બંધારણ લોકોને 'ગમે તે' ભાષા બોલવાની છૂટ આપે છે પણ 'ગમે તેવી' ભાષા નહીં. ભાષાના યોગ્ય માળખામાં વિક્ષેપ ન આણીને ભાષા લખવા-બોલવામાં આવે તો તેનું

બંધારણ શિથિલ નહીં થાય. આ રીતે આપણે એકસાથે બે કામ કરવાનાં છે, ભાષાની અને સંસ્કૃતિની રક્ષા.

ભાષાસજ્જતા માટે સૌપ્રથમ સંતાનમાં થતું ભાષાનું બિજારોપણ અતિ મહત્ત્વનું છે. બાળકને અંગ્રેજી માધ્યમમાં ભણાવીએ તો તે ઉચ્ચસ્થાને પહોંચે એવી ધારણાએ રહેલાં માતાપિતા સંતાનની સંસ્કૃતિનો વિનાશ નોતરી રહ્યાં છે. પછી એ બાળક ગુજરાતી ભાષાનું બની શકતું નથી અને એમ તેના હાથમાંથી પોતાની સંસ્કૃતિ સાથે જીવવાનો અવસર ખોઈ બેસે છે. તેના બદલે એ બાળક માતૃભાષામાં શિક્ષણ પ્રાપ્ત કરીને અંગ્રેજીમાં પણ પાવરધું બને તો તે પોતે પોતાની સંસ્કૃતિમાં અને તેની સાથે માતૃભાષા જીવી શકશે. માતૃભાષા બીજભાષા હોવી ઘટે, એ પછી કાંઈ ન ઘટે.

આજે આપણને માતૃભાષાનું મૂલ્ય તરત નહીં સમજાય કેમ કે તે આપણને ઑક્સિજનની માફક મફતમાં મળી છે. વાસ્તવમાં હજારો વર્ષની ઉચ્ચારણ-સાધનાને પરિણામે ભાષાનું સ્વરૂપ ઘડાઈને આપણા સુધી પહોંચે છે. તેણે જાળવી રાખવામાં આપણો ભાષાપ્રેમ પ્રગટવો જોઈએ. આપણા શિરે ભાષાને ઉચ્ચશિખરો સર કરાવવાની જવાબદારી નથી પરંતુ ભાષાની શુદ્ધ અવસ્થાને ટકાવી રાખીશું તો પણ એ કાર્ય અદકેરું ગણાશે. આ માટે આપણે માતૃભાષાના ઉત્તમ પુસ્તકો સુધી પહોંચવું પડશે. વાંચનને વિસ્તારવું પડશે. ભાષાને પાયામાંથી મજબૂત કરવી પડશે વાર્તાલાપ કરવાથી ખ્યાલ આવે છે કે મોટાભાગના યુવાનો માતૃભાષાના પૂરેપૂરા મૂળાક્ષરો સરખા ક્રમમાં લખી કે બોલી પણ શકતા નથી. પાયો જ કાચો હોય પછી ભાષાની ઈમારતનું થાય શું? સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં માતૃભાષાનું જ્ઞાન ચકાસવામાં આવે તે અત્યંત જરૂરી છે કેમ કે એ બહાને વિદ્યાર્થીઓને ખ્યાલ તો આવે કે પોતે જે ભાષામાં હસે-બોલે, આચાર-વિચાર કરે તે ભાષા વાસ્તવમાં કેવી છે. અલબત આ ખ્યાલ પ્રાથમિક-માધ્યમિક કક્ષાએ જ સ્પષ્ટ થઈ જતો હોય છે.

'ભાષાને શું વળગે ભૂર, જે રણમાં જીતે તે શૂર.' આવું કવિ અખાએ ભલે કહ્યું પરંતુ એમનું આ કથન કદાચ તેમના સમયને અનુરૂપ હોય હાલ તો આપણે રણમેદાને લડવા નથી જવાનું, છતાં આપણી લડત તો છે જ, માતૃભાષાના રક્ષણની લડત કેમ કે વાણી-પાણીની જાગૃતિના અભાવે માતૃભાષાનું મત્સ્ય તરફડી રહ્યું છે. ભાષાપ્રેમીની ફરજ છે આ મત્સ્યને જીવતું રાખવાની. આ સત્કાર્ય એકલે હાથે પાર ના પડે તેથી સ્વભાષાના મહત્ત્વરૂપ લોકજાગૃતિના એક યત્ન રૂપે આપણે વિશ્વમાતૃભાષા દિવસની ઉજવણી કરીએ છીએ પણ એક જ દિવસમાં ભાષાની રક્ષા થઈ જશે? કોઈ ભાષાને તેનાં મૂળ સ્વરૂપમાં સ્થિર થતા વર્ષો લાગ્યા હોય ને તે એક દિવસમાં ઊગરી જવાની? નથી. છતાં પણ આપણને આ એક દિવસની જરૂર છે, કર્તવ્ય ભુલાઈ નહીં એટલે અને નવા પ્રવાહને માતૃભાષાના બચાવકાર્યમાં જોતરવા માટે.

ગુજરાતી ભાષાનું ભવિષ્ય ધૂંધળું છે એવું ઘણીવાર સાંભળવા મળે છે પણ ભાષાને ચશ્મા ન ગણતા આંખનું આંજણ ગણવામાં આવે તો આ હકીકતને ધૂંધળી પાડી શકાય એમ છે. ચશ્માથી આંખને સારું લાગે પણ આંજણથી આંખ સારી લાગે છે. માતૃભાષાને આંખોમાં આંજીને હ્રદયમાં વસાવીશું તો ભાષાનું ભવિષ્ય ચમકવાનું એ નક્કી છે. આપણાં લોકગીતો, લોકકથાઓ, કહેવતો, દુહા-છંદ, સાહિત્યકૃતિઓ સાથે ઘરોબો વધશે તો ભાષા આપણામાં જીવશે અને આપણી પાસે તેનું શુદ્ધ સ્વરૂપ હશે તો સંતાનો પાસે જતાં તેનાં પાયા ડગમગશે નહીં. દરેક વ્યક્તિ પોતાનાં સંતાનોને સમૃદ્ધ વારસો આપવાનું વિચારતી હોય છે. શું વારસામાં સમૃદ્ધ ભાષા ન આપી શકાય? જો આપનો જવાબ 'હા' હોય તો ચાલો, આજથી આપણે નીચે મુજબના કેટલાક સંકલ્પ લઈએઃ

- ગુજરાતી ભાષાના બધા જ મૂળાક્ષરો ઓળખી તેના ઉચ્ચારણસ્થાનથી પરિચિત થઈશ.
- ગુજરાતી વ્યાકરણનો સામાન્ય અભ્યાસ કરીશ.
- દરરોજ માતૃભાષાનો એક નવો શબ્દ શિખીશ અને કોઈ એક વ્યક્તિને શીખવાડીશ.
- શબ્દ લખતા પૂર્વે તેની જોડણી માટે ખરાઈ કરીશ.
- સામૂહિક માધ્યમો પર ફરતું જોડણીદોષ કે

વાક્યદોષવાળું લખાણ સુધારીશ અથવા તો ફેલાવતું અટકાવીશ.

● ઉચ્ચારણ સમયે ગુજરાતી શબ્દો હોય ત્યાં સુધી અન્ય ભાષાના શબ્દો લખવા-બોલવાનું ટાળીશ એટલે કે શુદ્ધ ગુજરાતી ભાષામાં લખીશ અને બોલીશ.

● ઘરમાં તો શુદ્ધ ગુજરાતી બોલવાનો જ આગ્રહ રાખીશ, બાળકો સાથે ખાસ.

'જ્યાં જ્યાં વસે એક ગુજરાતી ત્યાં ત્યાં સદાકાળ ગુજરાત' કવિ અરદેશર ખબરદારની આ પંક્તિ સાંભળી 'નાડીમાં વહેતી નાનેરી નદીઓમાં' ગુજરાતનું ગૌરવ દોડી રહે છે પણ ગુજરાતમાં ગુજરાતી ભાષાનું શું? આટલું જાણતા નદીનો ઘટતો જતો પ્રવાહ વ્યથિત કરી મૂકે એવો છે. એ વ્યથામાંથી બહાર આવવા ઉપરના સંકલ્પો સિદ્ધ થાય તે માટે પ્રતિબદ્ધ બનીશું. આ સાથે વિશ્વાસ રાખીશું કે ગુજરાતી ભાષા તો જીવશે કેમ કે તેના માથે નરસિંહની કરતાલ છે, મીરાંની ઝાંઝરીનો ગાજતો રવ છે, પ્રેમાનંદનું ઉઘાડું માથું છે, દયારામની બંસીના મધુર શબ્દો- ધ્વનિ છે, નર્મદની જુસ્સાવાળી કલમ ને દલપતરામનું પિંગળ છે, ગોવર્ધનરામની સંસ્કૃતિ અને બળવંતરાયનો ધવલ સ્વચ્છ મોગરો છે, ગાંધીજીનું સત્યાગ્રહી વલણ છે ને ઉમાશંકરનું 'ગાંધીગિરા' છે, કાકાસાહેબનું સવાઈપણું છે, મેઘાણીનો કસુંબલ રંગ છે; રાજેન્દ્ર શાહનો ગાજતો ધ્વનિ છે, પન્નાલાલ પટેલનું ગ્રામજીવન છે. સુરેશ જોશીનો આધુનિક રણકાર, રમેશ પારેખનું છ અક્ષરનું નામ છે. જો તમેય માતૃભાષાના ખરા ચાહક છો તો આપણી દોસ્તી પાક્કી. માતૃભાષા અમર રહો. ચાલો આપણે સૌ સાથે મળીને ઉછેરીએ કવિશ્રી તુષાર શુક્લએ વાવેલા શબ્દોને...

'માતા છે ગુજરાતની ધરતી વતનની એ માટી છે,  
એ માટીમાં મૂળ છે મારા ભાષા મારી ગુજરાતી છે.  
આપણે એને સાચવી જાણીએ આપણને સાચવતી એ,  
ધૂળ નથી છે કૂળ આપણું ભાષા મારી ગુજરાતી છે.'  
(મો. ૯૭૩૭૩૧૪૬૩૨)

મારે કબૂલ કરવું જોઈએ કે ગાંધીજીએ સાચું બોલવાની સહજ ઈચ્છાને બહુ મોટું બળ પૂરું પાડ્યું. પરિણામે જયારે જૂઠું બોલાય જાય ત્યારે બાપુ મારા પર ડોળા કાઢતા હોય એવો ભાવ જાગે છે.

મહાત્માને હું વાચન દ્વારા, વિચાર દ્વારા અને વિવેક દ્વારા ફરીફરીને નીરખતો રહ્યો છું.

ગાંધીની હાજરીમાં અપ્રામાણિક બનાવાનું ખૂબ જ મુશ્કેલ છે. મારે ગાંધીજીને માત્ર અગિયાર જ શબ્દોમાં અંજલિ આપવાની હોય તો હું એટલું જ કહું: પૃથ્વી પર પાંગરેલી માનવતાને થયું કે એવરેસ્ટનું આરોહણ કરું. ગાંધીજીએ એ ઈચ્છા પૂરી કરી !

- ગુણવંત શાહ

---

જેઓ મોસમના પહેલા વરસાદની પ્રતીક્ષા નથી કરતા,

જેઓ ઊગતા સૂર્ય તરફ પીઠ ફેરવીને બેઠેલા રહે છે;

જેઓ કોયલના ટહુકા સંભળાતા હોય ત્યારે પણ કામમાં રોકાયેલા રહે છે;

અને જેઓ કોઈ સુંદર કાવ્યપંકિત વાંચ્યા પછી પણ

કોરા ને કોરા રહી જવા જેટલા ચાલાક છે,

તેઓ ખૂબ લાંબું જીવવાનો અભરખો શા માટે રાખતા હશે !

- ગુણવંત શાહ

## ૦૮ તમને આજની કવિતા કેટલી સમજાય છે?

**રોહિત શાહ**

---

સાચું કહું? મને અત્યારની ગુજરાતી ભાષાની પંચોતેર ટકા કવિતાઓ કશી જ ગતાગમ પડતી નથી ! બાકીની જે પચીસ ટકા કવિતાઓ સમજાય છે, એમાંથી પાછી પંચોતેર ટકાને તો કવિતા કહેવાય કે નહીં એ સમજાતું નથી ! મને સમજાયેલી, જેને કવિતા કહી શકાય એવી અને એટલી ઓછી કવિતાઓમાંથીય પાછી પંચોતેર ટકા કવિતાઓ ગમતી નથી ! એટલે કે એમાં કશું રસ પડે એવું હોતું નથી, બોલો ! ટૂંકમાં, એક સારી ગુજરાતી કવિતા સુધી પહોંચવા માટે મારે ઓછામાં ઓછી બસોથી અઢીસો કવિતાઓ વેઠવી પડે છે !

વ્યક્તિગત રીતે હું માનું છું કે સરળતા કવિતાના સ્વરૂપનું કેન્દ્રબિંદુ હોવું જોઈએ. કવિતા એને જ કહેવાય જે સમજવા માટે કશી માથાફોડ ન કરવી પડે, વાંચતાંની સાથે એનો અર્થ અને એનો મર્મ અને એનો ભાવ અને એનો રસ એ બધું સીધું મન-હૃદયને સ્પર્શી જાય ! આપણા ભાવજગતને વિસ્મય-તરબોળ કરી મૂકે. સાથે-સાથે હું દ્રઢપણે એવું પણ માનું છું કે ગદ્ય વાંચીને માણવાની કળા છે, જ્યારે પદ્ય ગાઈને માણવાની કળા છે. કવિતામાંથી ગેયતત્ત્વ દૂર થતું ગયું તેમ કવિતા પ્રાણહીન બનીને પોતાની ઓળખ માટે ઠેર-ઠેર રઝળી રહી છે એવું હું માનું છું... કવિતા સાથે સંગીત અને લય પણ અનિવાર્ય છે.

કેટલીક યાદગાર નવી-જૂની ગુજરાતી કવિતાઓની એક સાવ આછેરી ઝલક અહીં રજૂ કરી છે. જો આવી સરળ અને રસ-છલોછલ કવિતાઓ નહીં લખાય અને અઘરાં પ્રતીકોની ભરમારવાળી કવિતાઓ જ લખાતી રહેશે, તો વાચકો કવિતાથી દૂર થતા જશે અને એ માટે માત્ર અને માત્ર કવિઓ જ જવાબદાર ગણાશે. ઉત્તમ કવિતા તો એ છે, જે એક વખત વાંચ્યા-સાંભળ્યા પછી વારંવાર વાંચવા-સાંભળવાનું મન થાય અને ધીરે-ધીરે ભાવકના હૃદયમાં એ અનાયાસ રમતી થઈ જાય ! સાચી કવિતાને ગોખવી ન પડે, એ તો ગોખ્યા વગર જ ગોખાઈ જાય !

૧. પુષ્પ તણી પાંદડીએ બેસી કરતું કોણ ચિરંતન હાસ?
૨. ઘણ રે બોલે ને એરણ સાંભળે...
૩. પ્રભુજીને પડદામાં રાખમાં પુજારી !
૪. જ્યાં જ્યાં નજર મારી ઠરે, યાદી ભરી ત્યાં આપની!
૫. હો રાજ મને લાગ્યો કસુંબીનો રંગ !
૬. દિવસો જુદાઈના જાય છે એ જશે જરૂર મિલન સુધી !
૭. અસત્યો માંહેથી, પ્રભુ ! પરમ સત્યે તું લઈ જા !
૮. રાખનાં રમકડાં ને મારા રામે રમતાં રાખ્યાં રે !
૯. મૈત્રીભાવનું પવિત્ર ઝરણું મુજ હૈયામાં વહ્યા કરે!
૧૦. નયનને બંધ રાખીને મેં જ્યારે તમને જોયાં છે...
૧૧. વાંસલડી ડોટ કોમ...
૧૨. કર્મનું સંગાથી રાણા, મારું કોઈ નથી...
૧૩. અમૃત ભરેલું અંતર જેનું... (આંધળી માનો પત્ર)
૧૪. શાંત ઝરૂખે વાટ નિરખતી રૂપની રાણી...
૧૫. હુતુતુતુ તુતુ જામી રંગ રમતની ઋતુ...
૧૬. કાળજા કેરો કટકો મારો...
૧૭. તારી આંખનો અફીણી, તારા બોલનો બંધાણી...
૧૮. જુદી જિંદગી છે મિજાજે મિજાજે...
૧૯. સ્વર્ણ અક્ષરે લખશે કવિઓ યશગાથા ગુજરાતની...

૨૦. ભૂલો ભલે બીજું બધું, મા-બાપને ભૂલશો નહિ...

૨૧. ફૂલ કહે ભમરાને, ભમરો વાત વહે ગુંજનમાં, માધવ ક્યાંય નથી મધુવનમાં...

૨૨. હે જી તારાં આંગણિયાં પૂછીને જે કોઈ આવે રે, આવકારો મીઠો આપજે !

૨૩. જળકમળ છાડી જા ને, બાળક ! સ્વામી અમારો જાગશે....

૨૪. જ્યાં જ્યાં વસે એક ગુજરાતી ત્યાં ત્યાં સદાકાળ ગુજરાત...

૨૫. જ્યારે પ્રણયની જગમાં શરૂઆત થઈ હશે...

૨૬. ભોમિયા વિના મારે ભમવા'તા ડુંગરા...

૨૭. જીવન અંજલિ થાજો, મારું જીવન...

૨૮. એક દિન આંસુભીનાં રે, હરિનાં લોચનિયાં મેં દીઠાં...

૨૯. જનનીની જોડ સખી, નહિ જડે રે લોલ !

૩૦. મન મોર બની થનગાટ કરે...

૩૧. અમે રે સૂકું રૂનું પૂમડું, તમે અત્તર રંગીલા રસદાર...

૩૨. આ નભ ઝૂક્યું તે કાનજી ને...

૩૩. ઉબંરે ઊભી સાંભળું રે બોલ વ્હાલમના...

૩૪. ધીમે ધીમે ઢાળ ઊતરતી ટેકરીઓની સાખે તમને ફૂલ દીધાનું યાદ...

૩૫. કહું છું જવાનીને પાછી વળી જા...

તમે માર્ક કરશો તો તમને ખ્યાલ આવશે કે અહીં ઝલક રૂપે રજૂ કરેલી પ્રત્યેક કવિતા એના કવિને ચિરંજીવ કે અમર બનાવવા માટે સમર્થ છે, પૂરતી છે. કોઈપણ ગુજરાતી ભાવક આ કવિતાઓને ક્યારેય વીસરી શકશે નહીં.

કવિનું નામ ભલે ભુલાઈ જાય, પણ કવિતા યાદ રહી જાય અને સૌના હૈયે તથા હોઠે સતત ગણગણાતી રહે એ શ્રેષ્ઠ કવિતા કહેવાય. એમાં વિવિધ રસોનું રસાયણ થયેલું હોય... તમને ખબર હશે પ્રાચીનયુગમાં અને મધ્યકાલીનયુગ સુધી મોટાભાગનું સાહિત્ય માત્ર પદ્યમાં જ લખાયું છે. વાર્તા કહેવા માટે પદ્યવાર્તાઓ લખાઈ તો લાંબી કથાઓ કહેવા માટે આખ્યાન-કાવ્યો લખાયાં. ભક્તિ માટે પદ, ભજન કે પ્રભાતિયાં રચાયાં અને પ્રેમ-પ્રણયની અભિવ્યક્તિ માટે ગઝલ લખાઈ, પારિવારિક સંબંધોની અભિવ્યક્તિ માટે ઊર્મિકાવ્યો અને વીરરસની અભિવ્યક્તિ માટે ગુલબંકી જેવા છંદોમાં કાવ્યો લખાયાં. હાઈકુથી લઈને ખંડકાવ્યો સુધીનો વિસ્તારપટ ધરાવતી અને છંદ વૈવિધ્યથી સજેલી કવિતાઓ જ્યારે સંગીતના બ્યુટિપાર્લરમાં જઈને બહાર આવતી ત્યારે કોઈપણ સાહિત્યપ્રેમી એ કવિતાના પ્રેમમાં પડી જવા મજબૂર થઈ જતો !

કવિતાને ભાવક કે વાચક સુધી લઈ જવી પડે એ કવિતાનું દુર્ભાગ્ય કહેવાય. ભાવક સામે ચાલીને કવિતાના આંગણે દોડી આવે એવી કવિતાઓ લખાય તો કવિતા પણ લોકપ્રિય બનશે તથા કવિતા દ્વારા વ્યક્ત થતી આપણી સંસ્કૃતિ પણ સુગંધિત થઈને મહોરી ઊઠશે અને વિશેષ તો મૃતપ્રાયઃ થયેલી ગુજરાતી ભાષા પણ કદાચ ટકી જશે !

(મો. ૯૪૨૮૫ ૬૮૩૬૮)
rohitshah.writer@gmail.com)

ફક્ત માહિતીઓ આપે એ શિક્ષક નહીં.

જે માણસ પ્રજ્ઞા અને સત્યનો માર્ગ બતાવે એ જ શિક્ષક.

શિક્ષક કરતાં, સત્ય વધારે મહત્ત્વનું છે. સત્યની શોધ એ જ ધર્મ છે.

સત્યની શોધ વિના સમાજનો જલદી વિનાશ થાય છે. નવો સમાજ રચવા માટે, દરેક જણે સાચા શિક્ષક બનવું પડશે.

- જે. કિષ્ણમૂર્તિ

## ૦૯ સ પુસ્તકાલયનું પંચામૃત

### ડો. સી. ટી. ટૂંડિયા

---

કવિ કલાપીએ કહેલું કે, ‘જીવીશ, બની શકે તો એકલા પુસ્તકોથી.’ દરેક શાળામાં પુસ્તકાલય તો હોવું જ જોઈએ, ગામમાં પણ હોવું જોઈએ. ગાંધીજી કહેતા હતા કે, ‘જેને વાંચનનો શોખ હોય તે બધી જગ્યાએ સુખી હોય છે.’ મહોલ્લામાં, શેરીઓમાં કે નગરોમાં ધાર્મિકસ્થાનો હોવા જ જોઈએ, પણ સાથેસાથે ગ્રંથાલયો પણ હોવા જોઈએ. શિક્ષક તરીકે આપણે ‘સત્યના પ્રયોગો’, ‘ઘડતર ચણતર’, ‘દિવાસ્વપ્ન’, ‘તોત્તોચાન’, ‘સમૂહજીવનનો આચાર’, ‘અંગદનો પગ’, ‘ગિજુભાઈની વાર્તાઓ’, ‘હિતોપદેશ’, ‘ઈશપ અને પંચતંત્રની વાર્તાઓ’, ‘સૌરાષ્ટ્રની રસધાર’, ‘અરધી સદીની વાચનયાત્રા’ (ભાગ ૧ થી ૫), ‘અરધી રાત્રે આઝાદી’, ‘ભદ્રંભદ્ર’, ‘દરિયાલાલ’, ‘ઝેર તો પીધાં છે જાણીજાણી’, ‘સોક્રેટીસ’, ‘ જય સોમનાથ’, ‘રાજાધિરાજ’, ‘પાટણની પ્રભુતા’, ‘પ્રવીણસાગર’, ‘સમુદ્રાન્તિકે’, ‘રેવન્યુ સ્ટેમ્પ’, ‘મારી હકીકત’ જેવા પુસ્તકો વાંચેલા હોવા જોઈએ.

કવિતાસંગ્રહોમાં કવીશ્વર દલપતરામ રચિત ‘દલપત ગ્રંથાવલી’, કવિ અમૃત ઘાયલની કવિતાઓનો સંગ્રહ ‘આઠો જામ ખુમારી’, કવિ રમેશ પારેખની સમગ્ર કવિતાઓનો સંગ્રહ ‘છ અક્ષરનું નામ’, કવિ સુન્દરમ, કવિ ન્હાનાલાલ અને કવિ ઉમાશંકર જોશીની કવિતાઓ વાંચવી જોઈએ, માણવી જોઈએ. જેનો રસાસ્વાદ આપણા વર્ગખંડના બાળકોને પણ કરાવવો જોઈએ.

આત્મકથાઓ, નિબંધો, નવલકથાઓ, નવલિકાઓ, ચરિત્રલેખો, લઘુકથાઓ, ઐતિહાસિક, રાષ્ટ્રની અસ્મિતાઓ અને સ્વાતંત્ર્ય સેનાનીઓની કથાઓ, વાર્તાસંગ્રહો અને કવિતાઓ આજે કેટલાં પ્રમાણમાં વંચાય છે, તે પ્રાણપ્રશ્ન છે.

પુસ્તકાલયનું મહત્ત્વ જો આપણે સમજીશું તો આ બધું જ આપણને એક જ જગ્યાએ મળી રહેશે અને તે સ્થાન છે, પુસ્તકાલય. પુસ્તકાલયમાં આપને એકાંત, શાંત વાતાવરણ-ભાવાવરણ અને આપને મનગમતા પુસ્તકોનો રસથાળ મળે છે. પુસ્તકો આપના એકાંતને ભરી દે છે, છલોછલ કરી દે છે.

પુસ્તકાલયના પિતા સ્વામી રંગનાથને પુસ્તકાલય માટે પાંચ સૂત્રો આપેલા છે. જે આ પ્રમાણે છે.

**પુસ્તક ઉપયોગ માટે છે. (Book are for use)**

પુસ્તકો એ સંસ્કૃતિનો વારસો છે. માનવસભ્યતાને ટકાવી રાખવામાં પુસ્તકોનો ફાળો અતિ મહત્ત્વનો છે. માણસે વિકાસયાત્રા કરી અનેક સિદ્ધિઓ મેળવી તે ભૂતકાળના જ્ઞાનવારસાનું પરિણામ છે. પુસ્તકોના ઉપયોગથી માણસ જ્ઞાનનો વિવિધ ક્ષેત્રોમાં સંશોધન અર્થે વિકાસ કરે છે.

**દરેક વાચકને તેનું પુસ્તક મળવું જોઈએ.** (Every Reader his or her book)

વાચકો ભિન્નભિન્ન પ્રકારના અને ભિન્નભિન્ન રસ-રુચિ ધરાવતા હોય છે. પુસ્તક બાળકોને ધ્યાનમાં રાખીને લખાય તો પુસ્તક વ્યવસાયીને ધ્યાનમાં રાખીને લખાય. પુસ્તક મનોરંજનની જરૂરિયાત પોષે, માનવીની જીજ્ઞાસા કે સંશોધનવૃત્તિને પોષે છે. ભિન્નભિન્ન રસ-રુચિ અને વલણ ધરાવતા દરેક વાચકને પુસ્તકાલયમાંથી જોઈતું પુસ્તક મળી રહે છે.

**દરેક પુસ્તકને તેનો વાચક મળવો જોઈએ.** (Every book its reader)

વિશ્વમાં જે પુસ્તકો પ્રસિદ્ધ થાય છે તે દરેક પુસ્તક ચોક્કસ વાચક વર્ગને ધ્યાનમાં રાખીને લખાય છે. જેમ કે વાર્તાઓ, નવલકથાઓ ચોક્કસ વર્ગને ધ્યાનમાં રાખીને લખાય છે. રમતગમતના પુસ્તકો રમતવીરો માટે, વ્યવસાયના વ્યવસાયી લોકો માટે અને ધર્મના ધર્મપરાયણ વાચકોને ઉપયોગી બની રહે છે.

**વાચકનો સમય બચાવો.** (Save the time of the reader)

પુસ્તકોનો જો ઉપયોગ કરાવવો હોય, દરેક વાચકને તેનું પુસ્તક મળી રહે તેમ કરવું જોઈએ અને દરેક પુસ્તકને તેનો વાચક મળી રહે તે માટે પુસ્તકાલયનું સંચાલન એવી રીતે કરવામાં આવે કે વાચકનો સમય બચાવી શકીએ અને તેને પસંદગીનું પુસ્તક પુસ્તકાલયમાંથી મળી રહે.

**પુસ્તકાલય એ વિકસતી જતી સજીવ સંસ્થા છે.** (A library is a growing organism)

આપને ઉપરોક્ત ચાર સૂત્રોનો અમલ યોગ્ય રીતે કરીએ તો પુસ્તકાલયમાં વાચકોની સંખ્યા વધશે, વાચકોની સંખ્યા વધશે તો પુસ્તકોની સંખ્યા પણ વધશે. પુસ્તકાલયમાં વ્યવસ્થા, સંચાલન અને વહીવટના વિકાસની જરૂરિયાત પણ ઊભી થાય. આમ, પુસ્તકાલય એ સતત વિકસતી સંસ્થા છે. વાચકના માનસિક, સામાજિક, ધાર્મિક, રાજકીય, શારીરિક અને વ્યક્તિવિકાસમાં બહુમૂલ્ય ફાળો રહે છે.

પુસ્તકાલય અને વાંચનની પ્રવૃત્તિઓ વિકસે તે માટે ખૂબ પ્રયત્નો અને પ્રયોગો થયા છે. જેમાં સરકારશ્રી, સામાજિક સંસ્થાઓ અને વ્યક્તિગત રીતે પણ સંનિષ્ઠ પ્રયત્નો થયા છે. જેમ કે -

**તરતું પુસ્તકઃ-** શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા ગુજરાતમાં જે તે વખતે મુખ્યમંત્રી તરીકે હતા ત્યારે તેઓશ્રી દ્વારા 'વાંચે ગુજરાત' અભિયાન યોજવામાં આવેલ હતું. જે સમયે તરતું પુસ્તક અભિનવ પ્રયોગ કરવામાં આવેલો, સફળ પણ રહેલો. જેમાં એક પુસ્તક તમારે અન્યને વાંચવા આપવાનું, જે બીજાને.. આમ ક્રમશઃ પુસ્તક વંચાતું રહે.

**પુસ્તક પરબઃ-** ગુજરાતમાં અનેક સંસ્થાઓ સામાજિક પ્રવૃત્તિઓના ભાગ અંતર્ગત આવી પ્રવૃત્તિઓ કરે છે. જેમાં નિઃશુલ્ક પુસ્તક વાંચવા માટે આપવામાં આવે છે. આનંદાલય દ્વારા આવી પ્રવૃત્તિઓ વિશેષ રીતે કરવામાં આવે છે.

**પુસ્તક પ્રદર્શનઃ-** પુસ્તક મેળા સમાજમાં વાંચન પ્રવૃત્તિઓ વિકસે તે માટે વિવિધ સંસ્થાઓ અને પ્રકાશકોના પુસ્તક પ્રદર્શનો અને પુસ્તક મેળા યોજતી હોય છે. પુસ્તક પ્રદર્શનોમાં પુસ્તક વેચાય છે, તેટલાં વંચાય છે કે કેમ તે મોટો પ્રાણપ્રશ્ન છે.

**પુસ્તકયાત્રાઃ-** આનંદાલય કરીને સંસ્થા છે જે આપને નિઃશુલ્ક પુસ્તક મોકલે છે. જે તમારે વાંચીને બીજાને ભેટ આપવાનું હોય છે. પુસ્તકયાત્રા એ વિચારયાત્રા બની રહે છે. આવા પ્રયોગો વિશાળ પ્રમાણમાં થવા જોઈએ. સામાજિક સંસ્થાઓએ પોતાના ભવનમાં પુસ્તકાલયો પણ બનાવવા જોઈએ.

**Bookey નહીં Book:-** સમારંભોમાં બહું મોંઘા Bookey આપવામાં આવે છે. જે પછી જે તે ટેબલ પર જ રહી જાય છે અને પછી કચરાપેટીમાં જાય છે. જેના બદલે Book આપવામાં આવે તો સાંપ્રત સમયમાં વાચન પ્રવૃત્તિ વિકસશે.

**E-Library : -** આધુનિક યુગની સાથે કદમ મિલાવવા માટે સંસ્થાઓમાં E-Library પણ ઊભી કરવી પડશે. જેમાં કૉમ્પ્યૂટર, kios સ્ટેન્ડ, પ્રિન્ટર હોવા જોઈએ. જેમાં wi-fiની સુવિધાઓ હોય. વિદ્યાર્થીએ જે શોધવું છે તેના માટેની માર્ગદર્શિકા પણ હોવી આવશ્યક છે. વિશ્વ હવે endroid અને લેપટોપની સાથે ચાલે છે ત્યારે નવા સંકલ્પો સાથે આગળ વધવું પડશે.

**પુસ્તકાલય અને મૂલ્યોઃ-** પુસ્તકાલય અને મૂલ્યો પરસ્પર જોડાયેલા છે. રાષ્ટ્રીય શિક્ષણનીતિ ૨૦૨૦માં આ બાબતે વિચાર પ્રસ્તુત કરાયેલો છે. રાષ્ટ્રીયતા, સ્વાધીનતા.

સ્વાતંત્ર્યવીરો અને દેશના રાજકીય મહાનુભાવો એ પ્રગટાવેલી દેશાભિમાનની ચિનગારી જગતને માર્ગદર્શિત કરે છે.

સાંપ્રતકાળમાં જ્ઞાતિવાદ, જાતિવાદ, સગાવાદ, પ્રાંતવાદ જેવી બાબતો ચરમસીમાએ પહોંચી છે ત્યારે દેશમાં ભાવાત્મક એકતા અને અખંડિતતા બની રહે તે માટે રાષ્ટ્રપ્રેમ, સમર્પિતતા, વફાદારી, પ્રામાણિકતાને ઉજાગર કરવા માટે પુસ્તકાલય એ દીવાદાંડી સામન બની રહે તેમ છે.

**પુસ્તકાલયનું પંચામૃતઃ-**

૧. પુસ્તકાલય એ જ્ઞાનમંદિર છે.

૨. પુસ્તકાલયમાં તમામ પ્રકારની શૈલીઓના પુસ્તકોનો વિશાળ સંગ્રહ છે, જે વાચકોની રસ-રુચિને પોષે છે.

૩. પુસ્તકાલય બાળકોને પુસ્તકો પ્રત્યે પ્રેમ વિકસાવવામાં મદદ કરે છે અને પુસ્તકાલયની નીરવ શાંતિ વિદ્યાર્થીઓની એકાગ્રતામાં સુધારો કરે છે.

૪. વિદ્યાર્થીઓ ઉધાર લઈ શકે છે અને ઘરેથી પુસ્તકો લઈ શકે છે અને વાંચન પૂરું કર્યા પછી તેને પરત કરી શકે છે.

૭. પુસ્તકાલય ભાવિ લેખકો-કવિઓ માટે ઉત્તમ પ્રારંભિક બિંદુ છે.

**ગુજરાતમાં આવેલા ગ્રંથાલયોઃ-**

હંસાબહેન મહેતા ગ્રંથાલય - વડોદરા, જયસિંહરાવ ગ્રંથાલય - વડોદરા, એન્ડ્રુઝ લાઈબ્રેરી - સુરત, હડાણા ગ્રંથાલય - હડાણા, હેમચંદ્રાચાર્ય જ્ઞાનમંદિર - પાટણ

એમ.જે.લાઈબ્રેરી- અમદાવાદ, સેન્ટ્રલ લાઈબ્રેરી - વડોદરા, બાર્ટન લાઈબ્રેરી -ભાવનગર, ડાહી લક્ષ્મી ગ્રંથાલય - નડિયાદ, લેડી કીકાબાઈ પ્રેમચંદ લાઈબ્રેરી - સુરત,

ભો.જે. વિદ્યાભવન - અમદાવાદ, બ્રિટીશ લાઈબ્રેરી - અમદાવાદ, લા.દ.ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર - અમદાવાદ, ગૂજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય - અમદાવાદ

પ્રાચ્ય વિદ્યામંદિર – વડોદરા, શ્રી મુક્તિકમલ મોહન જ્ઞાનભંડાર- વડોદરા, શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર - કોબા

પુસ્તકાલય એ જ્ઞાનમંદિર છે. જ્યાં અહર્નિશ આનંદ પ્રાપ્ત થાય છે. પુસ્તકાલય એ ધ્યાનમંદિર છે, જ્યાં સમાધિવસ્થાની અનુભૂતિ થાય છે. શૈક્ષણિક સંસ્થાઓ, સામાજિક સંસ્થાઓ અને ધાર્મિક સંસ્થાઓમાં ગ્રંથાલયો હશે તો મને લાગે છે કે જ્ઞાનસાધના માટે એક અવિશ્વસનીય કામ થશે. શ્રી રામકૃષ્ણ આશ્રમ - રાજકોટના પ્રવેશદ્વારે જ પુસ્તકાલય છે. સુરેન્દ્રનગર જિલ્લાની લખતર પ્રાથમિક શાળામાં પુસ્તકપ્રેમી ભરતભાઈ દેવૈયાએ 'ધર્મગંજ પુસ્તકાલય' બનાવ્યું છે. લખતર તાલુકાના ઘણાદ ગામના કાનજીબાપા ગામમાં પુસ્તકાલયની પ્રવૃત્તિઓ ચલાવતા હતા, અને ત્રણ હજાર જેટલાં પુસ્તકો હતા.

ટૂંકમાં.. ગ્રંથાલય યજ્ઞ થવો જોઈએ અને જ્ઞાનના સમિધ હોમવા જોઈએ.

॥ તસ્મે પુસ્તકાલયે નમઃ ॥

પ્રાચાર્ય, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સુરેન્દ્રનગર ( મોબાઈલ : ૯૮૨૪૮ ૨૫૫૬૧)

એવું ન કહો કે મને આત્માનો માર્ગ જડી ગયો છે. પરંતુ એમ કહો કે મને મારા માર્ગ પર ચાલતાં ચાલતાં આત્મા મળી ગયો છે.

- ખલિલ જિબ્રાન

જે દેશમાં અહિંસાનું પર્યાવરણ હોય ત્યાં પુત્ર પોતાના પિતાને અગ્નિદાહ આપે છે. જે દેશમાં યુદ્ધનું પર્યાવરણ હોય ત્યાં પિતા પોતાના પુત્રને અગ્નિદાહ આપે છે.

- હેરોડોટસ

## ૧૦ શૈક્ષણિક અનુભવનો અનુબંધ

**કવિતા વ્યાસ**

---

ભારતીય શિક્ષણ પરંપરામાં સાવ નોખી ભાત પાડનાર અને મૌલિક શિક્ષણ પ્રણાલી પ્રયોજનાર લોકભારતી ગ્રામવિદ્યાપીઠ સંસ્થાના સ્થાપક પૂ.નાનાદાદાએ છેવાડાના માનવી સુધી શિક્ષણની જ્યોત પ્રગટાવવાનું સ્વપ્ન સેવેલું. ગાંધીજીની નઈ તાલીમને ઉજાગર કરવા ત્રણ સંસ્થાઓની સ્થાપના કરી સ્વયં અભિવ્યક્ત થયા એવા પુ. નાનાદાદાએ બાલમંદિરથી લઈને ઉચ્ચશિક્ષણ સુધીના આયામોના સુફળ તત્કાલીન સમાજને ચરણે ધર્યા. આજે પણ એ ચીલે ચીલે ચાર કદમ ચાલતા રહેવાનો આનંદ અહીંની પ્રત્યેક પ્રવૃત્તિમાં છલકાઈ છે.

પરિસર ઉપર અને પરિસર બહાર યોજાતા શૈક્ષિણક કાર્યક્રમોમાં અવાર નવાર પ્રત્યક્ષ જોડાવાનું થાય ત્યારે આ શિક્ષણ પ્રણાલીનું નવી શિક્ષણનીતિના અનુસંધાને મૂલ્ય સમજાય. ગત જાન્યુઆરીમાં અધ્યાપનમંદીર - સણોસરા અને આનંદધારાના સંયુક્ત ઉપક્રમે યોજાયેલ ઇન્ટર્નશીપના અનુસંધાને જ્યારે તાલીમાર્થીની ઇન્ટર્નશીપ ટુકડીઓના માર્ગદર્શન અને મુલાકાત અન્વયે બધે જવાનું,મળવાનું, ફરવાનું થયું ત્યારે ફરી પૂ.નાનાદાદાના ઉપરોક્ત શબ્દો જાણે સાર્થક થતાં લાગ્યા.

'નેસ ને દેશ સુધી' લઈ જવા આ.શ્રી નલિનભાઈ પંડિત સાહેબ ઘણા સમયથી પ્રયત્નશીલ. એમના આ ભગીરથ યજ્ઞમાં અમને પણ આહુતી આપવાનું સદ્દભાગ્ય મળ્યું. ગીર, તુલસીશ્યામ આસપાસના (ઘોડાવડી, ટીંબરવા, જસાધાર, ચિખલકુબા, દલી, રાજગરીયા, ગઢિયા ચાવંડ) નેસમાં જીવાતા જીવનનો એક જુદો જ અનુભવ તાલીમાર્થી ભાઈઓ બહેનો અને અમે સૌ કરી આવ્યા.

જંગલ અને ઝાડીઓમાં, ખેતર અને વાડીઓમાં શિક્ષણ જાણે કોળી ઉઠ્યું. અંતરીયાળ સ્થળોએ તો વાહન પણ ન મળે ત્યાં તાલીમાર્થીઓ ચાલીને પણ હસતા મુખે ગયા અને પ્રવૃત્તિઓ સાથે શિક્ષણકાર્યને મોજીલું બનાવ્યું. ત્યાંના લોકજીવનને જાણ્યું અને માણ્યું. ધુણાની આસપાસ ગવાતા ભજનો અને ધૂનમાં જ્યારે તાલીમાર્થીઓને મોજ કરતાં જોયા ત્યારે એક પ્રશ્નનો ઉત્તર મળી ગયો કે ધાંધલ ધમાલ વાળા DJ નહિ પણ ખરા દિલથી ગવાયેલી ધૂનના તાલમાં અનેરું નૃત્ય સર્જાય, કોઈપણ પ્રકારના મોબાઈલ નેટવર્ક કવરેજ વિના પણ નિજાનંદી સુરો રેલાય. લોકસંસ્કૃતિના ખોળામાં જાણે તાલીમાર્થીઓ પોતાના કૌશલ્યોને કેળવી રહ્યા હતા.

'નેસને દેશ સુધી' તો લઈ જઈએ પણ ખરા અર્થમાં તો દેશને નેસ સુધી લઈ જવાની જરૂર છે. નેસના લોકોની સાદી જીવનશૈલી, મમતાળુ સ્વભાવ, ખુમારી આપણને સ્પર્શી જાય ને થાય કે કેટલી ઓછી વસ્તુઓથી પ્રકૃતિની સાથે તન્મય બની જીવી શકાય. દલીનેસની અને હવે અમારી બોલકી દીકરી જે ગયાં વર્ષની ઇન્ટર્નશીપના સુફળરૂપે અધ્યાપનમંદિરમાં પ્રથમ વર્ષમાં ભણવા આવી એ માધવીના ઘરની અને વાડીની મુલાકાત પણ યાદગાર રહી. 'આવ્યા છો તો સિંહ જોઈને જ જવાયને !' આવા મમતાળુ આતિથ્યભાવને અમે નિહાળી રહ્યા.( જો કે લોકભારતીની નવ સિંહણ ત્યાં રોકાઈ હતી એટલે સિંહ તો દૂર જ રહેને !) હા, રોકાવાનું શક્ય ન હતું, પણ સૌને મળવાની, ત્યાના દુહા અને છંદ સાંભળવાની મજા આવી.

પૂ. મનુદાદા કહે છે તેમ અનુબંધ એટલે પ્રકૃતિ, સ્વ અને સમાજ સાથે વિદ્યાર્થીઓનો શૈક્ષણિક અનુભવ.

આ અર્થમાં પણ આ ઈન્ટર્નશીપ દરમિયાન તાલીમાર્થીઓએ પોતાના કૌશલ્યો અને આજુબાજુની પ્રકૃતિ તથા પ્રકૃતિના ખોળે ખળખળ વહેતા લોકજીવન સાથે અનુબંધ કેળવ્યો..

નેસની જેમ જ છેવાડાના એક વિસ્તાર જ્યાં અગરિયાના બાળકો અભ્યાસ કરે એ ચાંચ બંદરની ભોરાવડ પ્રાથમિકશાળા એ તો સાવ અલગ અનુભવ ધર્યો. ત્યાં સુધી પહોંચવા અમારી ચાર પૈડાની ગાડી ચાલે તેમ નહિ એટલે તેને ત્યજીને અમે નૌકા વિહારથી ગયાં. કિનારેથી વાહનમાં શાળાએ પહોંચ્યા. સરસ રીતે શિક્ષણકાર્ય ચાલે. ત્યાના બાળકો આનંદમાં, આચાર્ય અને શિક્ષકો પણ જાણે તાલીમાર્થીઓ સાથે એકરૂપ. સૌએ રાજીપો વ્યક્ત કર્યો. ભોરાવડ શાળાના આચાર્ય નિષ્ઠાપૂર્વક કાર્યરત દેખાયા તેથી ગમતું થયું. બાળકોના શિક્ષણમાં વાલીઓના સ્થળાંતરનું વિઘ્ન ન આવે તે માટેની તેમની નિસ્બત સરસ હતી.

એવી રીતે જ સિહોર, પાલીતાણા અને માઈધાર આસપાસના ગામોમાં વર્ષોથી ઈન્ટર્નશીપ માટે સુંદર પ્રતિસાદ મળે છે. ભદ્રાવળ -૧ અને ૩, ઘાંટરવાળામાં રાત્રિ સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાયા. ગામના આગેવાનો, આચાર્ય તથા શિક્ષકોએ ગુણવત્તાસભર કામ કર્યાનો આનંદ વ્યક્ત કર્યો.

મનને સૌથી જે વાત ઝંકૃત કરી ગઈ તે તાલીમાર્થીની પ્રસન્નતા. તાલીમાર્થીઓ સાથે પૂછપરછ કરીએ ત્યારે ક્યાંક પ્રશ્નો હોય પણ આ ઈન્ટર્નશીપમાં એકેય પ્રશ્ન ન હતો. સૌના ચહેરા પ્રસન્ન હતા. અગવડતા ન હતી એવું ન હતું પણ કોણ જાણે અંતરથી સાથે એવા જોડાયા કે અગવડતા ને અવસરમાં બદલી. ભોજનમાં ભલે ને રોટલા જ મળે કે ભોજન જાતે બનાવવાના પાઠ શીખવાના હોય તો પણ કોઈ ફરિયાદ નહોતી. જંગલમાં, દરિયામાં અગવડતાઓને પડકારીને સૌના હસતા ચહેરા જોઈને આનંદ..આનંદ.

જંગલમાંથી સીધા દરિયામાં જઈએ ત્યારે સહજ રીતે આ ઊર્મિને પછી કિનારો કયાથી નડે ? પરિસરમાં અંદર કે બહાર જ્યારે કેળવણી કે સંસ્થા કળા, સાહિત્ય કે કોઈ શુભત્વના રંગે વિધાર્થીના સર્વાંગીણ ભાવાવરણમાં રંગાઈ જાય ત્યારે શ્રી અરુણભાઈ દવે કહે છે એમ હૈયે હરખ છલોછલ થઈ આનંદાનુભૂતિ આપી જાય છે. એવી રીતે જ આ અનુભવને ભીતર પામતા જે અનુભૂતિ થઈ તે અહીં રાખું છું:

ખેડી લો, તમે ખેડી લો, ખેડી લો ખેડી લો!
હથેળીમાં હામ ભરી, મોજના હલેસા કરી,
ઈન્ટર્નશીપનો દરિયો ખેડી લો!
ભાતીગળ ભોમકા સાથે...સાથે.
ભોળા બાળગીતો સંગાથે.
ધીંગા મસ્તી લઈ માથે ...માથે.
રમતાં ને ભમતાં જોને મસ્તીની પાઠશાળા,
આનંદધારાને ઝીલી લ્યો !
જંગલમાં કેડી તું શોધી લે, શોધી લે !
સાવજની ડણકો કાને સુણી લે તું સુણી લે !
જીવતા જીવે તું ગીરની ગરીમાને,
ખંતની ખુમારી ભરી લો.
ખેડી લો, તમે ખેડી લો, ખેડી લો, ખેડી લો !
હથેળીમાં હામ ભરી, મોજના હલેસા કરી,
ઈન્ટર્નશીપનો દરિયો ખેડી લો !
(લોકભારત અધ્યાપનમંદિર સણોસરા)

## ૧૧ શું? માથાં વાઢ્યે વધુ ઉત્પાદન મળે?

**હીરજી ભીંગરાડિયા**

---

ચતુર ખેડૂતની શકરાબાજ જેવી નજર જ્યાં જ્યાં ફરે, ત્યાંથી કંઈકને કંઈક નવું પકડી પાડતી હોય છે. સાવ ઝીણી જણાતી વાતોના મૌન સંવાદોને પણ એના કાન બહુ જ બારીકાઈથી સાંભળી લેતા હોય છે, અને પોતાની મીટમાં આવી ગયેલ હરકોઈ બાબતને તેનું પ્રયોગશીલ મગજ બધી રીતે ચકાસી લઈ, જો બરાબર જણાય તો તેનો અમલ કરવામાં વિલંબ કરવા દેતું નથી. એમાંય જો રોજની સમસ્યારૂપ પોષણ, પિયત કે સંરક્ષણ માવજતની ઝાઝી ઝંઝટથી બચાવનારી બાબત હાથ લાગી જતી હોય તો પછી બાકીની બધી બાબતોને કોરાણે રાખી, સૌ પહેલાં એનાં જ પોખણાં કરવા મન રોક્યું રોકાતું નથી. આપણું ખેડૂતોનું ઘડતર જ કર્મપ્રધાન રહ્યું છે ને !

બસ આવી જ એક વાત, કે જેમાં નહીં કરવાનો ખાસ ખર્ચ કે નહીં પળોજણ ખાતર, પાણી કે દવા જેવી બાબતે દરકાર લેવાની. અને છતાં પરિણામ મળે ધાર્યું !

**ચાલ ચાલમાં બહુ ફેરઃ-** તમને તો આવો અનુભવ થયો જ હોય ને? ગાડે જોડેલા બળદ જ્યારે 'રેવાળ ચાલે' ચાલતા હોય ત્યારે ત્રણ વાતનો લાભ ભળાતો હોય છે. એક તો બળદિયાને પોતાનું ગાડું ખેંચવાનો થાક ઓછો લાગે. બીજું, ગાડું અંતર ઝડપથી કાપે, અને ત્રીજું, ગાડામાં બેઠેલાઓને રોદા-હડદોલા ઓછા લાગે. પણ જ્યારે એ જ બળદિયા રેવાળ ચાલ છોડી બીજી ચાલ 'ખદવા' ની ચાલવા માંડે એટલે બળદિયા એના એ, ગાડું પણ એનું એ, છતાં ત્રણ વાતનું દુઃખ શરૂ થાય. પહેલું, આ હાલવાની રીત જ એવી છે કે જેમાં બળદના પગ હાલે એના કરતાં એનું પેટ અને આખું શરીર ઊંચું થઈ પછડાય વધુ ! એટલે કે થાકી વહેલા જાય. બીજું, અંતર પ્રમાણમાં ઓછું કપાય અને રોદે રોદે અંદર બેઠેલાઓને એવા ખાંડે કે પેચોટી ખસી જાય.

એવું જ વનસ્પતિ જગતનું સમજવું. ઝાડવાં કે છોડવાને તેની પોતાની શાંત ઢબે વધવા-વિકસવા અને ફૂલવા-ફળવા દેવાય તો એની રેવાળ ચાલે પોતાની વિકાસયાત્રા ચાલાવ્યે રાખે. જે આપણનેય લાભપ્રદ બની રહે, અને ખરું જોઈએ તો એય પાછો છે તો જીવતોજીવ ને ભૈ ! એની આસપાસની પરિસ્થિતિ અને પર્યાવરણ જ એવું ઊભું કરી દઈએ, કે એ પોતાનું ધાર્યું ન કરી શકે. અને એને પણ એનો સ્વભાવ છોડી, કહોને એની રેવાળ-સમતોલ વિકાસની ગતિ અટકાવીને 'ખદ' લેવરાવીએતો એમાં એનો બિચારીનો શો વાંક?

તમે જોજો ! જ્યારે આપણાં વાડી- ખેતરમાં ઉજરેલા પાકો મનસ્વી રીતે વર્તવા લાગે, ત્યારે એને મળતાં પોષણ, પાણી, સંરક્ષણ , માવજતનો ઉપભોગ તે તેના સમધાત વિકાસ સાધવામાં કરવાને બદલે માત્ર શરીર તગડું અને લોંઠકું બનાવવા માટે કરતા થઈ જાય છે. અરે ! એટલે સુધી શરીર વિકાસ કરવા તરફ એવા ઢળી જાય છે કે એને પુષ્પતા પ્રાપ્ત કરવાનું ભાન થાય , ત્યાં તો ફૂલવા-ફળવાની ઋતુ જ બદલાઇ ગઈ હોય છે ! આખું હવામાન જ પલટાઈ ગયું હોય છે, એટલે છોડવાભાઈ રહી જાય છે વંધ્ય-નિર્વંશ, અને આપણે ભાગે રહે કોરું વૈતરું !

એટલે ખોટી ખદ લેતા બળદોને રોકવાનું કામ જેમ 'નાથ', 'મોરડો' ને 'રાશ' ખેંચવાથી થઈ શકે છે, તેવું કામ સ્વછંદી વિકાસે ચડી ગયેલા છોડવા-ઝાડવાને તેના ધ્યેય બાબતે વાળવાનો રાહ, તેની કૂણી કુંપળની ડોક મરડીને ચીંધી શકાય છે.

**કુંપળ કે માથું મોરી લેવાથી શું થાય?** આમતો વધતા છોડવાનું માથું કાપવું એટલે કોઈની ચડતી દેરડીમાં પત્થર મારવો એવું થાય. તેથી જ વનસ્પતિ પણ તેની ડૂંખ મોરી લેવાથી એક અણગમતી પ્રતિક્રિયા દેખાડી દે છે. ડૂંખ કાપતાં જ તેને થયેલી વેદના બોલીને વ્યક્ત કરી શકતી નથી.તેથી મુંગામોઢે સહન કરી લે છે. પણ માથું કપાયા પછીથી તેના ધડને અનુભવાતો મુંઝારો તેને લગીરેય મંજૂર નથી. તેથીસ્તો તે અંદરથી ખૂબ જ ખીજવાઈને ઈંટનો જવાબ પત્થરથી આપવાનું ગોઠવે છે. થોડા જ દિવસોમાં એક ડૂંખના બદલામાં ઘણી બધી નવી ડૂંખો ઉગાડી દઈને ખીજ વ્યક્ત કરે છે.

અને એવું જ બીજું, ડૂંખ કાપવાથી અથવા તેના મૂળ, થડ, ડાળી જેવા તેના કોઈ અંગોને ક્યાંયે ઈજા પહોંચાડવાથી તેને પોતાની જિંદગી જોખમમાં મૂકાઈ ગયાનો ભય ઉત્પન્ન થઈ જાય છે. અને પોતે ત્વરીત સજાગ બની જઈ અત્યાર સુધી જે મળતી સગવડતાઓનો ઉપયોગ માત્ર વધવા-વિકસવા અને લોંઠકા-તગડા બનવામાં કર્યે જતી હતી તે હવે પડતું કરી, વંશ ચાલુ રાખવા પોતાના છોરું એટલે કે 'બીજ' કેમ જલ્દી બનાવી લેવા એના પ્રયત્નમાં વળગી જાય છે.

**હેતુ સ્પષ્ટ હોવો જોઈએઃ-** એટલે કે વનસ્પતિની આ તાસીરનો લાભ લેવા, આપણી ખેતીની ઉપજ વધારવા માટે કેવી કુંપળો ક્યારે કાપવી તેની જાણકારી કાર્યક્રમ શરૂ કરતા પહેલાં મેળવી લેવી પડે. જેમકે જુદા જુદા હેતુ માટે આ કામ કરવામાં આવતું હોય છે. શું તેનું થડ સીધું બનાવવું છે? કે તેની વધ અટકાવી, ઘટાનો ફેલાવો કરાવવો છે? તેનો શારીરિક વિકાસ ધીમો પાડી, તેનું ધ્યાન ફાલ બાજુ વળે એવું કરવું છે? કે પછી તેની પાસે વધુ ને વધુ કુંપળો મેળવી, વારંવાર વાઢ મૂકી, વધારે લીલોચારો મળે એવો ઉદ્દેશ પાર પાડવો છે? આપણો હેતુ જો સ્પષ્ટ હોય તો પછી કઈ ડૂંખ ક્યારે કાપવી તે નક્કી કરવું ખેડૂતો માટે સરળ બની જાય છે.

**આવા આવા ફાયદા લઈ શકાયઃ-**

**૧- મુખ્ય થડની લંબાઈ વધારવી હોયઃ-** જો આપણે સાગ, સીસમ, ખેર, સરુ, લીમડા સુબાબુલ, યુકેલીપ્ટસ જેવા ઈમારતી ઝાડોમાં થડિયું સીધું બનાવી ,ઝાડ ખૂબ ઉંચાઈ મેળવે એવું કરવું હોય તો ઝાડની ઉંચાઈના ૧/૩ ભાગ સુધી નીચેના ભાગે મુખ્ય થડમાં શાખાઓ ન થવા દેવી. એટલા ભાગ પર નીકળતી શાખાઓની ડૂંખો ને મોરતા રહેવાથી તેના થડની લંબાઈ જરૂર વધશે. અને જો ફળઝાડોમાં પણ તેની ઘટાની નીચે નીંદવા,ગોડવા, ખાતર કે પિયત આપવા અને ફળોની વીણી માટે હરફરમાં તકલીફ ન પડે તેવું કરવું હોય તો ઝાડવા ઉછરતા હોય ત્યારે જ નીચે ૩-૪ ફૂટ ઉંચાઈ સુધી થડ પર નીકળતી ડૂંખોને સતત કાપ્યા જ કરવાનું ચાલું રાખવાથી ઝાડની આપણને જોઈતી ઊંચાઈએ ઈચ્છિત ઘટા બંધાવી શકાશે.

**૨- ઝાડ, છોડને ફાલ વધુ બેસાડવો હોયઃ-** કપાસ જેવા પાકમાં છોડ ત્રણથી સાડાત્રણ ફૂટની ઉંચાઈ પકડી લે એટલે એના મુખ્ય થડ પરની ડૂંખ કાપી લેવી. દસ-બાર દિવસ પછી ફરતી નીકળેલી બધી શાખાઓની ડૂંખો કાપી લેવી.આથી છોડની વધ અટકી જશે, પાંદડાં ઘેરા લીલા અને થોડા મોટા બનશે, ગાંઠો પરથી વધુને વધુ ચાપવા-તમરા આવી ,વધુ ફૂલો ખીલશે. જીંડવાનું કદ પણ મોટું બનશે.અંદરથી કપાસ વધુ જથ્થામાં નીકળશે. સરવાળે ઉત્પાદન વધારે મળશે બોરડી જેવા ઝાડોમાં ફૂલ ખીલવાની ઋતુ ચાલુ થઈ ગઈ હોવા છતાં તે કળી ફૂલ લાવતી જ ન હોય તો તેની દરેક વધતી શાખાઓની ડૂંખો કાપી લેવી. બોરડીનું ધ્યાન ફાલ બાજુ વળશે અને ફૂલો ખીલવા શરુ થઈ ફળો સમયસર મળી જશે.

**૩- ઉચ્ચા થઈ ગયેલા ધરુની રોપણી કરવી હોયઃ-** તમને પણ અનુભવ હશે જ કે કેટલીકવાર મરચી, રીંગણી, ટામેટી, ડાંગર, બાજરી, ડુંગળી જેવાની ધરુની ફેર રોપણીમાં થોડું મોડું થઈ જાય તો ધરુ વધુ પડતું ઉચ્ચું થઈ

ગયાના કારણે રોપણી પછી તે નમી પડતું હોય છે, તેમ ન થવા પામે અને છોડ વાંકા થડિયે વિકાસ ન પામે, અરે ! ઉત્સવેદન દ્વારા છોડની અંદરથી ઉડતો ભેજ પણ થોડો રોકાઈ રહે તે માટે ચોપતા પહેલા ધરુની માત્ર ડૂંખ જ નહીં પણ થોડા વધારે-પાંદ સહિત ડોકા કાપી લેવામાં આવે તો રોપા જલ્દી ચોટી જઈ વિકાસ પણ જલ્દી સાધી શકે છે.

**૪- નવી રોપેલ કલમના ઝડપી વિકાસાર્થેઃ-** બાગાયતી પાકોમાં હવે તો ચીકુ, બોરડી, આંબા, જામફળ, આમળા, ગુંદા, આમલી જેવા બહુબધા પાકોમાં આંખ,ભેટ કે નૂતન કલમ દ્વારા નીચેના જંગલી મૂળકાંડ ઉપર ઉમદા ફળોવાળા વૃક્ષોનું આરોપણ કરવામાં આવી રહ્યું છે. ત્યારે નીચેના જંગલી થડમાંથી શરુ શરુમાં જોરદાર પીલા નીકળી આવતા હોય છે, જે ખૂબ ઝડપથી વધી જઈ ઉપરની કલમનો વિકાસ રૂંધી, પોતે પ્રમુખસ્થાન ન મેળવી લે તે માટે અવાર નવાર બહુ જ ચીવટથી પ્રથમના બે એક વરસ મૂળકાંડ પર ફૂટતી ડૂંખો કાપતા રહેવાથી કલમોનો વિકાસ ઝડપથી સાધી શકાય છે.

**૫-દૂધીના પાકમાં બમણાથી વધારે ઉત્પાદન લેવું હોય તોઃ-** બે કામ કરવા પડે. એક સરખી ૫૦૦ ગ્રામ વજન ધરાવતી દૂધીને ઉતારતા રહીએ અને સાથોસાથ નજર કરતા રહીએ કે આગળ વધતા વેલાના અગ્રભાગે માદાફૂલો પૂરા થઈ નર ફૂલો આવવા લાગ્યા છે કે નહીં? જો હજુ માદા ફૂલો જ ખીલતા હોય તો ડૂંખને ન વતાવીએ. પણ માદા ફૂલો બંધ થઈ,એક-બે નર ફૂલો આવી ગયા હોય તો વેલાની ડૂંખ કાપી લઈએ. દૂધીના વેલામાં જે નવી શાખા ફૂટે તેમાં શરુઆતના ૩-૪ કે વધીને પાંદ સુધીજ માદાફૂલો આવે છે. પછી કેવળ નરફૂલો જ ખીલતા રહે છે.આ દૂધીના વેલાની ખાસિયત હોઈ કેવળ નરફૂલો ખીલવતા વેલાને આગળ લંબાતો રોકી, નવી શાખાઓ ઉત્પન્ન કરવાની ફરજ પાડી,વધુ માદાફૂલો મેળવતા રહી અઢીગણું વધુ ઉત્પાદન લઈ શકાય છે તેનો જાત અનુભવ છે.

**૬- લાગેલા ફળો વધુ મોટા અને વજનદાર બનાવવા માટેઃ-** લીંબુ,સંતરાં,મોસંબી,ગ્રેફ્રુટ,ગોદડિયા લીંબુ વગેરે જેવા લીંબુવર્ગના ઝાડવામાં ચોમાસાની ઋતુમાં થડ પાસેથી જે પાણીપીલા નીકળ્યા કરે છે, તે માત્ર ખોરાક ખાવાનું જ કામ કરી જાણે છે-ફાલ આપતા નથી. તેને ન થવા દેવા થડ પર નજર રાખતા રહી નીકળતા પીલાની ડૂંખો કાપ્યા કરવાથી 'અસા' રૂપી નુકશાનીમાંથી ઝાડ બચશે,ફળોને મોટા અને વજનદાર બનાવવામાં એ તાકાત વાપરી શકશે.

**૭- કોઈ છોડ-ઝાડને નેસ્ત નાબુદ કરવું હોયઃ-** કોઈ બીનુપયોગી કે નડતર રૂપ ઝાડ દૂર કરવાનું થાય ત્યારે મૂળ સમેત ખોદી લેવાની પરિસ્થિતિ ન હોય ત્યારે તેને પ્રથમ જમીન લગોલગથી કુહાડા-કરવતથી કાપી લેવું અને પછી તે થડ પર ફૂટ્યા કરતી ડૂંખોને વારંવાર કાપતા રહેવી, એટલે ઝાડવું નવી કુપળો કાઢવાનું જોર તો જ્યાં સુધી મૂળિયામાં ખોરાકનો સ્ટોક હશે ત્યાં સુધી કર્યા કરશે પણ પાંદની હાજરી વિના નવો ખોરાક બનાવી શક્શે નહીં-સ્ટોકમાં હશે તે ખૂટી જશે, અંતે થાકીને નવી કુંપળો કાઢતું બંધ થઈ મરણને શરણ થઈ જશે. જમીનમાં રહેલાં સૂકામૂળિયાંને ઉધઈજેવા જીવડાઓ ખાઈ જશે અને આપણો પ્રશ્ન હલ થઈ જશે.

**અને અંતે :**

મિત્રો ! ડૂંખ કાપવાથી પાર વિનાના લાભ લઈ શકાય-પણ એ માટે પણ આવડત અને જાણકારીની જરૂર છે. ડૂંખ કાપવાનો અર્થ - આડેધડ છોડ-ઝાડનાં ઝપટે ચડ્યાં એટલા માથા મરડી તેને અધમુવા કરી નાખવા એવો નહીં, પણ ડૂંખ કાપશું તો વનસ્પતિ તેનો વળતો જવાબ આપણને અનુકૂળ હોય એવો વાળશે તેની બરાબરની સમજ અને પાકી ગણતરી હોય તો જ આ કામ કરવાનું. નહીં તો આંખનું કાજળ ગાલે જવાની પૂરી ભીતિ છે હો ભાઈ !

(પંચવટી બાગ, માલપરા જિ. ભાવનગર, મો. ૯૩૨૭૫ ૭૨૨૯૭)

## ૧૨ નિરાધાર, દીન, હીન, સર્વને સમાવતો ગાંધીજીનો સમાજવાદ

**સોનલ પરીખ**

---

સમાજવાદ એટલે ઉત્પાદનનાં તમામ સાધનોની પેદાશ, સર્જન, વહેંચણી તથા વિનિમય પર સમગ્ર સમાજની સામૂહિક માલિકીની તરફેણ કરતી આર્થિક અને રાજકીય વિચારસરણી. તેનો જન્મ કાર્લ માર્ક્સની રાજકીય વિચારધારામાંથી થયેલો હોવાથી તેને માર્ક્સવાદ પણ કહેવામાં આવે છે.

સમાજવાદ એ મૂડીવાદની વિચારસરણીની વિરોધી વિચારધારા છે. મૂડીવાદમાં ઉત્પાદનનાં સાધનોની માલિકી તથા તેના ઉપયોગ અને વિનિમય પરનો કાબૂ વ્યક્તિ કે સંસ્થા હસ્તક હોય છે જ્યારે સમાજવાદમાં તે રાજ્ય હસ્તક હોય છે. બીજું, મૂડીવાદમાં આર્થિક પ્રવૃત્તિઓનો હેતુ નફો કમાવાનો હોય છે અને એમ કરવા માટે મૂડીપતિઓ સંપૂર્ણપણે સ્વતંત્ર હોય છે, જ્યારે સમાજવાદમાં સાધનોની માલિકી રાજ્યની હોવાથી અને રાજ્ય એ સમાજકલ્યાણના ધ્યેયને વરેલી સંસ્થા હોવાથી આર્થિક પ્રવૃત્તિઓનો હેતુ સામુદાયિક કલ્યાણ સાધવાનો હોય છે. એટલા માટે જ મૂડીવાદમાં ખાનગી મિલકતના અધિકારો અબાધિત હોય છે, જ્યારે સમાજવાદમાં તેમના પર અંકુશો મૂકવામાં આવતા હોય છે. મૂડીવાદમાં સંપત્તિના કેન્દ્રીકરણ પર કોઈ મર્યાદાઓ હોતી નથી, જ્યારે સમાજવાદમાં રાષ્ટ્રીય આવકની ન્યાયી વહેંચણી પર ભાર મૂકવામાં આવતો હોય છે.

આમ છતાં, સમાજવાદ એ એક સંદિગ્ધ ખ્યાલ છે અને તેના અર્થ અંગે વિચારકોમાં મતમતાંતર જોવા મળે છે. સમાજવાદના જન્મ પછીના ગાળામાં જુદા જુદા વિદ્વાનોએ તેની જુદી જુદી સેંકડો વ્યાખ્યા આપી છે. પાશ્ચાત્ય વિચારક સી.ઈ.એમ. જોડ તો એટલે સુધી કહે છે કે, ‘સમાજવાદ એ એક એવી પાઘડી છે જે બધા જ પહેરતા હોવાથી તેનો કોઈ ચોક્કસ આકાર રહેલો નથી.’ સમાજવાદનો ખ્યાલ સમજવામાં બીજી મુશ્કેલી એ છે કે સમાજ શબ્દનો કોઈ ચોક્કસ અર્થ પકડી શકાતો નથી. જેમ કે ઉત્પાદનનાં સાધનોની માલિકી સમગ્ર સમાજની હોય છે એમ કહીએ તો કયો સમાજ અથવા તો તેના કયા ઘટકો? વિશ્વના જુદા જુદા સમાજવાદી દેશોમાં તેની જુદી જુદી પેટર્ન જોવા મળી છે.

ગાંધીવાદી સમાજવાદની વિચારધારા ગાંધીજીના ‘હિંદ સ્વરાજ’ અને ‘મારા સપનાનું ભારત’ પુસ્તકોમાં જોવા મળે છે. એમાં તેઓ આદર્શ સમાજનું વર્ણન કરે છે - જેમાં કોઈ શ્રીમંત કે ગરીબ, વર્ગના આંતર-સંઘર્ષ નહીં હોય, જ્યાં સંસાધનોની સરખી વહેંચણી હોય અને કોઈપણ શોષણ કે હિંસા વિના અર્થતંત્ર આત્મનિર્ભર હોય. આમ, ગાંધીવાદી સમાજવાદ પશ્ચિમી સમાજવાદથી જુદો છે. ગાંધીવાદી સમાજવાદની મુખ્ય લાક્ષણિકતાઓ ત્રણ છે. એક તો રાજકીય અને આર્થિક શક્તિનું સંયોજન, બીજું ટેક્નોલોજી, આધુનિકીકરણ અને મોટા પાયે ઔદ્યોગિકીકરણ પ્રત્યે પરંપરાગત વલણ, અને ત્રીજું સ્વ-રોજગાર અને આત્મનિર્ભરતા પર ભાર. ગાંધીજીના મતે રાષ્ટ્રની નૈતિક સુખાકારીને નુકસાન પહોંચાડનારું અર્થશાસ્ત્ર અનૈતિક છે અને તેથી પાપી છે. ગાંધીવાદી સમાજવાદના મૂળમાં આર્થિક-સામાજિક ન્યાય છે. ગાંધીવાદી સમાજવાદ સ્વ-રાજની આસપાસ કેન્દ્રિત છે. સ્વ-રાજ આર્થિક સ્વતંત્રતામાંથી ઉદ્ભવે છે. આર્થિક સ્વતંત્રતા સ્વાવલંબન અને આત્મનિર્ભરતા દ્વારા પ્રાપ્ત થાય છે. ગાંધીવાદી સમાજવાદ દરેકને તેના શ્રમનો યોગ્ય હિસ્સો મળે એવા આર્થિક વર્ગો વિનાના સમાજની હિમાયત કરે છે. ગાંધીજી જેને સર્વોદય કહેતા તે આ જ છે.

‘સર્વોદય’ શબ્દનું ગર્ભાધાન થયું ૧૯૦૪માં, જ્યારે રસ્કિનનું પુસ્તક ‘Unto this Last’ ’ ગાંધીજીના હાથમાં આવ્યું ત્યારે. તેના વિશે આત્મકથામાં એમણે લખ્યું છે : ‘આ પુસ્તકને લીધા પછી હું છોડી જ ન શક્યો. તેણે મને

પકડી લીધો. પુસ્તકમાં સૂચવેલા વિચારો અમલમાં મૂકવાનો મેં ઇરાદો કર્યો.'

રસ્કિનના પુસ્તકમાંથી ગાંધીજીને જીવનનું એક નવું દર્શન લાધ્યું. આ પુસ્તકના સારરૂપ મૂળ દર્શનના મુખ્ય સિદ્ધાંતો એમણે આ રીતે તારવી બતાવ્યાઃ

(૧) સહુના ભલામાં આપણું ભલું છે.

(૨) સહુના કામની કિંમત એકસરખી હોય, કેમ કે જીવનનિર્વાહનો અધિકાર સહુનો એકસરખો છે.

(૩) સાદું અને પરિશ્રમયુક્ત ખેડૂતનું જીવન જ સાચું જીવન છે.

બીજા દિવસથી જ એમણે પોતાના જીવનને વળાંક આપવાનું શરૂ કરી દીધું. દક્ષિણ આફ્રિકામાં જોહાનિસબર્ગ શહેર છોડી ગ્રામવિસ્તારમાં જઈ ફિનિક્સ આશ્રમ સ્થાપ્યો. ત્યાં તેમની ગહન ને ઉદાત્ત જીવન-સાધના ચાલી. ગાંધીજીએ રસ્કિનના શબ્દને પ્રત્યક્ષ જીવનમાં નાણી જોયો, માણી જોયો. ધરતીને ખોળે સાદું ને પરિશ્રમયુક્ત જીવન જીવી જોયું. રસ્કિનની સ્વનિયમન વાતને વ્યક્તિગત તેમજ સામુદાયિક કાર્યમાં ઉતારી જોઈ. આમ, રસ્કિનનું વિચારબીજ ગાંધીજીની મનોભૂમિમાં, કર્મભૂમિમાં વિકસતું રહ્યું. એક જીવન-દર્શનરૂપે જ્યારે એ પરિપક્વ થયું, ત્યારે 'સર્વોદય'ના મંત્રરૂપે પ્રગટ થયું.

ગાંધીજી કહે છે, 'આ દેશમાં જેમને હું સમાજવાદી તરીકે ઓળખું છું તેમણે સમાજવાદ અંગીકાર કર્યાનું જાહેર કર્યું તે અગાઉથી હું પોતે સમાજવાદી હોવાનો દાવો કરતો આવ્યો છું. પણ મારો સમાજવાદ મારામાં સ્વાભાવિકપણે વિકસ્યો છે, કશાં ગ્રંથકિતાબોમાંથી ગ્રહણ કરેલો નથી. અહિંસા વિષેની મારી અવિચળ શ્રદ્ધામાંથી તે આવ્યો છે. કોઈપણ માણસ સક્રિય અહિંસાની સાધના કરતો હોય તે સામાજિક અન્યાય સામે માથું ઊંચક્યા વિના રહી જ ન શકે, પછી એવો અન્યાય ગમે ત્યાં થતો હોય. કમનસીબે પશ્ચિમના સમાજવાદીઓએ સમાજવાદી સિદ્ધાંતોની બજાવણી કરવામાં હું જાણું છું, ત્યાં સુધી હિંસાને જરૂરી માની છે.

'મેં હંમેશાં માન્યું છે કે હિંસા વાટે નાનામાં નાના અને નીચલામાં નીચલા સુધીનાને સામાજિક ન્યાય અપાવવાનું અશક્ય છે. મેં વધુમાં એમ પણ માન્યું છે કે, સૌથી નીચલા થરના લોકોને પણ અહિંસા વાટે યોગ્ય તાલીમ આપવામાં આવે તો તેનામાં પોતાનાં દુઃખો ફેડવાની અને અન્યાયોની સામે લડવાની તાકાત આવે. એ માર્ગ અહિંસક અસહકારનો છે.'

'આપણા સમાજવાદી બિરાદરોની ત્યાગની ભાવનાની પૂરેપૂરી કદર કરવા છતાં, તેમની અને મારી પદ્ધતિ વચ્ચે રહેલો ચોખ્ખો ભેદ મેં હંમેશ સ્પષ્ટપણે બતાવ્યો છે. તેમનો આખો મદાર અને તેમની શ્રદ્ધા હિંસા પર અને હિંસામાં જે કંઈ સમાયેલું છે, તે બધાં પર છે. હું નિર્ભેળ અહિંસા પર શ્રદ્ધા રાખનારો ને તેને જ આધારે ચાલનારો છું...'

'મારા સમાજવાદમાં નિરાધાર, દીન, હીન સર્વનો સમાવેશ થાય છે, બલકે એમનો સૌ પહેલા સ્વીકાર અને સમાવેશ થાય છે. અજ્ઞાન અને આંધળાં, મૂંગા અને બહેરાં વગેરે અપંગોને ભોગે, તેમની રાખ પર મારે મારી વ્યવસ્થા ઊભી કરવી નથી. પશ્ચિમના લોકોના સમાજવાદની વ્યવસ્થામાં આ બધાનું કદાચ કશુંયે સ્થાન નહીં હોય. દુનિયાની ભૌતિક સાધનસંપત્તિ મેળવવામાં આગળ રહેવું, એ તેમની એકમાત્ર નેમ છે.'

'દાખલા તરીકે, અમેરિકાની નેમ પોતાના એકેએક વતનીને મોટરગાડી મેળવી આપવાની છે. મારી એવી નેમ નથી. મારી નેમ મારો, મારા વ્યક્તિત્વનો પૂરેપૂરો વિકાસ સાધવાની ને તેને વ્યક્ત કરવાની છે. આકાશમાં ઝગમગતા વ્યાધના તારા સુધી નિસરણી ઊભી કરવાની મારી મરજી હોય, તો તેમ કરવાની મને છૂટ હોવી જોઈએ. એનો અર્થ એવો નથી કે, મારે એવું કશુંક કરવા માંડ્યું છે. પશ્ચિમી પ્રકારના સમાજવાદમાં વ્યક્તિને કોઈ જાતની સ્વતંત્રતા કે છૂટ નથી. તેમાં તમારું પોતાનું એવું કશું નથી, તમારું શરીર પણ તમારું નથી.'

ગાંધીજીનો સમાજવાદ એક જીવનશૈલી બની શકે. સામાજિક અને આર્થિક સમસ્યાઓ તરફનો વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ બની શકે. અસ્તુ.

## ૧૩ સંસ્થા સમાચાર (એપ્રિલ, ૨૦૨૪)

**સંકલન : પ્રશાંત મહેતા**

---

### લોકભારતી સમાચાર

- તા. ૦૧ના રોજ લોકભારતી અધ્યાપનમંદિરના બીજા વર્ષના તાલીમાર્થીઓનો દીક્ષાંત- શુભેચ્છા કાર્યક્રમ યોજાયો. જેમાં મુખ્ય મહેમાન તરીકે ભાવનગર જિલ્લા શિક્ષણાધિકારીશ્રી હિતેન્દ્રસિંહ પઢેરિયા ઉપસ્થિત રહ્યા હતા. સંસ્થાના મોભીઓએ તાલીમાર્થીઓને શુભેચ્છા પાઠવી હતી. સાથે જ સમગ્ર વર્ષ દરમ્યાનની પ્રવૃત્તિઓની ઝાંખી કરાવતો અંક 'સ્મરણમ મધુરમ'નું વિમોચન પણ કરવામાં આવ્યું હતું.
- તા. ૦૨ના રોજ ટી.વાય.બી.આર.એસ. ના વિદ્યાર્થીઓનો ફોટો ફંકશન અને વિદાય શુભેચ્છા કાર્યક્રમ યોજાઈ ગયો. આ કાર્યક્રમમાં શ્રી અરુણભાઈ દવે અને સૌ હોદ્દેદારોએ વિદ્યાર્થીઓને કારકિર્દી અને જીવનમાં સફળતાના શિખરો પ્રાપ્ત કરે તેવી શુભેચ્છાઓ પાઠવી. સૌ વિદ્યાર્થીઓએ ત્રણ વર્ષના સંસ્મરણો વાગોળ્યા.
- તા. ૪ના રોજ લોકભારતી અધ્યાપનમંદિરમાં પ્રાચાર્યશ્રી હિરેનભાઈ ભટ્ટના નેતૃત્વમાં, પ્રા.શાળાના પ્રતિનિધિઓની બનેલી સાત સભ્યોની ટીમે વાર્ષિક નિરીક્ષણ સંદર્ભે આવીને શૈક્ષણિક અને વહીવટી કામગીરીનું નિરીક્ષણ કર્યું.
- કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ખાતે ભાવનગર જિલ્લાના ખેડૂત ઉત્પાદક સંઘને પોતાના પકવેલા ઉત્પાદિત અનાજ અને પેદાશ માટે બહારના રાજ્યમાં બજાર અને યોગ્ય કિંમત મળી રહે તે માટે અનંતનાગ, જમ્મુ કશ્મીરથી ખેડૂત ઉત્પાદક સંઘના પ્રતિનિધિઓ સાથે શ્રી રાજેન્દ્રભાઈ ખીમાણીની હાજરીમાં બેઠક યોજવામાં આવી.
- તા. ૦૪ના રોજ કલસાર મુકામે કૃષિ વિજ્ઞાન કેન્દ્રના આર્યા પ્રોજેક્ટ અંતર્ગત આપવામાં આવેલ માવા મેકીંગ મશીનના ઉદ્‌ઘાટન કાર્યક્રમમાં શ્રી શિલાબહેન બોરીચા, શ્રી પ્રદીપભાઈ કયાડા અને શ્રી વિનિતભાઈ સવાણી જઈ આવ્યા.
- તા. ૧૨ના રોજ લોકસેવા મહાવિદ્યાલય લોકભારતી સણોસરા અન્વયે UGC-NAAC અંર્તગત SSR રિપોર્ટ ઓનલાઈન સબમિટ કરવામાં આવ્યો. આ SSR રિપોર્ટ તૈયાર કરવામાં સૌ કાર્યકરો સહભાગી થયા. શ્રી હસમુખભાઈ સુથાર અને શ્રી કાંતિભાઈ ગોઠીએ માર્ગદર્શન આપ્યું.
- જામનગર મુકામે યોજાયેલ 'દર્શક ફાઉન્ડેશન' દ્વારા અપાતા ઍવૉર્ડનો કાર્યક્રમ વિકાસગૃહ, જામનગરમાં તા.૦૪ના રોજ યોજાયો, તેમાં લોકભારતી તરફથી શ્રી અરુણભાઈ દવે, શ્રી નીતિનભાઈ ભીંગરાડિયા અને શ્રી દર્શિતભાઈ સાકડેચા જઈ આવ્યા.
- તા.૧૭મીના રોજ Academic Quality Assurance Cell (AQAC) 'શૈક્ષણિક ગુણવત્તા સંવર્ધન એકમ'ના નવા બનાવાયેલ કાર્યાલયનો પ્રારંભ કાર્યક્રમ ગોઠવાયો. તેમાં સૌ સંબંધિતો ઉપસ્થિત રહ્યા.
- લોકભારતીના પૂર્વ કાર્યકર સ્વ. શ્રી દિનેશભાઈ ભટ્ટનાં પત્નીના અવસાન નિમિત્તે શ્રદ્ધાંજલિ

કાર્યક્રમમાં તા.૧૮મીના રોજ શ્રી અરુણભાઈ દવે ભાવનગર જઈ આવ્યા.

- તા.૨૦મીના રોજ શ્રી નીતિનભાઈ ભીંગરાડિયા લોકભારતીના અરણેજ ફાર્મની મુલાકાતે જઈ આવ્યા.
- તા.૨૨મીના રોજ લોકભારતી ગ્રામવિદ્યાપીઠ ટ્રસ્ટના વ્યવસ્થાપક મંડળની એક બેઠક મળી ગઈ.
- તા. ૨૪ના રોજ કૃષિ વિજ્ઞાન કેન્દ્રના શ્રી સરોજબહેન ચૌધરી અને શ્રી વિનિતભાઈ સવાણી માલપરા ગામે દર મહિનાના છેલ્લા બુધવારે યોજાતી મિટિંગનો સર્વે કરવા માટે જઈ આવ્યા.
- તા. ૨૫ના રોજ શ્રી રાજેન્દ્રભાઈ ખીમાણીએ ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ દ્વારા 'શ્રી ચીનુભાઈ આર. શાહ જીવનશિલ્પી એવોર્ડ'ની નિર્ણાયક સમિતિની બેઠકમાં હાજરી આપી.
- જિલ્લા ગ્રામવિકાસ એજન્સી-ભાવનગર દ્વારા ભાવનગર, અમરેલી અને બોટાદ જિલ્લાના, જિલ્લા ગ્રામવિકાસ એજન્સીના એન્જીનિયરોનો તા.૨૫ અને ૨૬ એમ બે દિવસનો એક વર્કશોપ લોકભારતીના આંગણે યોજાઈ ગયો, જેમાં ત્રણેય જિલ્લાના પંચોતેર જેટલા એન્જીનિયર્સ જોડાયા.
- તા. ૨૮ના રોજ અમદાવાદ ખાતે 'આરંગેત્રલ' કાર્યક્રમ શ્રી રાજેન્દ્રભાઈ ખીમાણીના પ્રમુખ સ્થાને યોજાઈ ગયો.
- પિંડવળ(તા.ધરમપુર)ના સર્વોદય પરિવારના ૪૫ વિદ્યાર્થી ભાઈઓ-બહેનોનો લોકભારતી પરિચય માટેનો પ્રવાસ તા.૨૯ના રોજ આવી ગયો, તેની સાથે લોકભારતીના પૂર્વ કાર્યકર શ્રી રણજિતભાઈ બારડ અને અન્ય કાર્યકરો હતા.

**આંબલા સમાચાર**

- તા. ૨૧ માર્ચ થી ૧૫ એપ્રિલ દરમિયાન ધોરણ-૧૨ના છ વિષયના પેપરો જોવા માટે ગાંધીનગર તરફથી મધ્યસ્થ મૂલ્યાંકન કેન્દ્ર તરીકે આંબલા પસંદ કરેલ. આ કેન્દ્રમાં બહારથી ૨૦૦ જેટલા શિક્ષકો પેપર તપાસવા માટે આવેલ.
- તા. ૨૨, માર્ચથી ૧૩ એપ્રિલ દરમિયાન શ્રી ગોરાંગભાઈ વોરા, શ્રી મુકેશભાઈ મહેતા, શ્રી બિપિનભાઈ ઠાકોર અંગ્રેજીના પેપર તપાસવા માટે જઈ આવ્યા.
- આશ્રમ શાળા પિંડવળ- ધરમપુરથી વિદ્યાર્થીઓ, કાર્યકરો સંસ્થા મુલાકાતે આવી ગયા.
- વર્ષ ૨૦૨૩-૨૪ માટે ભાવનગર જિલ્લા શિક્ષણાધિકારી કચેરી તરફથી ગ્રામદક્ષિણામૂર્તિ-આંબલાને શ્રેષ્ઠ શાળા તરીકે જાહેર કરેલ છે. આ માટે સરકાર તરફથી રૂપિયા ૧,૦૦,૦૦૦/-નું રોકડ પુરસ્કાર આપી સન્માનિત કરેલ છે.
- તા. ૩૦ના રોજ આંબલાની સ્વનિર્ભર પ્રાથમિક -મોજીલી શાળાને એક વર્ષ પૂર્ણ થતા એક માસ લાંબો બાલ-ઉત્સવ ઉજવેલ તેમાં ગામના તથા બહારગામના ૫૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ હતો. છેલ્લા દિવસે પૂર્ણાહુતિ કાર્યક્રમમાં શ્રી અરુણભાઈ દવે, શ્રી સુરસંગભાઈ ચોહાણ, શ્રી નલિનભાઈ પંડિત સાહેબ તથા તેમના પરિવાર, જિલ્લા શિક્ષણ તાલીમ ભવનના પ્રાચાર્ય શ્રી હિરેનભાઈ ભટ્ટ વાલી પરિવાર ગ્રામજનો ઉપસ્થિત રહેલ.

**મણાર સમાચાર**

- સંસ્થામાં હોળી,ધુળેટી મનાવવામાં આવી.
- તા. ૦૬ના રોજ ધોરણ ૯ અને ૧૧ માટે છાત્રાલય

પ્રવેશ પરીક્ષાનું સુંદર આયોજન કરવામાં આવ્યું.

- શાળામાં મતદાન જાગૃતિ અભિયાનનો કાર્યક્રમ ઉત્સાહપૂર્વક ઉજવવામાં આવ્યો.
- તા. ૧૨ના રોજ ગ્રામદક્ષિણામૂર્તિ-આંબલા ટ્રસ્ટના ટ્રસ્ટી મંડળની વાર્ષિક બેઠક ભાવનગર મુકામે યોજાઈ ગઈ, જેમાં ગતવર્ષના હિસાબોને મંજૂરી આપવામાં આવી. તથા કેટલાક નીતિવિષયક નિર્ણયો લેવામાં આવ્યા.
- ભાવનગર જિલ્લા ગ્રાન્ટેડ શાળાઓનાં સંચાલકોની બેઠકમાં ભાવનગર મુકામે તા.૧૩ના રોજ શ્રી સુરસંગભાઈ જઈ આવ્યા.
- તા.૧૬થી દર વરસની જેમ સોસીયા, અલંગ તથા સંસ્થામાં સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિ-રાજકોટની આર્થિક સહાયથી મફત છાસ વિતરણ કેન્દ્ર શરૂ કરવામાં આવ્યા.
- તા.૨૫ના રોજ કેન્દ્ર સરકાર દ્વારા સંચાલિત જવાહર નવોદય વિદ્યાલય-ભાવનગરની સૂચનાનુસાર શાળાના બે વિદ્યાર્થીઓ અને બે શિક્ષકો મોડેલ સ્કૂલ તળાજા ખાતે પ્રેરણા ઉત્સવના કાર્યક્રમમાં જઈ આવ્યા.
- શ્રી કરશનભાઈ જાંબુચા તથા શ્રી વિજયાબહેન જાંબુચાના પિતાશ્રી ભગવાનભાઈ જાંબુચાનું તા.૨૭ના રોજ ભાવનગર ખાતે અવસાન થયું. સર.ટી હોસ્પિટલને દેહદાન કરવામાં આવ્યું, તમામ લૌકિક ક્રિયાઓ સદંતર બંધ રાખીને પરિવાર દ્વારા બે હજાર ચકલીઓના માળાઓનું વિતરણ ભાવનગર તથા લોકશાળા મણારની પ્રાર્થનાસભામાં કરવામાં આવ્યું. પરિવારના તમામ સભ્યોના પણ દેહદાન માટે ચાર વર્ષ પહેલા ફોર્મ ભરી દેવામાં આવ્યા છે.
- તા.૨૮ના રોજ શાળાના ૩૪ વિદ્યાર્થી ભાઈઓ અને બહેનોએ રાજ્ય પરીક્ષા બોર્ડ આયોજિત સેકન્ડરી સ્કોલરશીપ એક્ઝામ આપવા માટે તળાજા ખાતે જઈ આવ્યા.
- ગ્રામદક્ષિણામૂર્તિ-મણાર સંસ્થામાંથી પસાર થતા રોડને પહોળો અને સિમેન્ટ કોંક્રીટ કરવાનું કામ સરકારશ્રીના જે તે વિભાગ દ્વારા પૂર્ણ કરવામાં આવ્યું.
- તા. ૨૫ના રોજ મોજીલું શિક્ષણ અંતર્ગત શ્રી રાજપરા કેન્દ્રવર્તી પ્રા.શાળામાં ટેકનો ફેર અને આનંદ મેળાનું આયોજન કર્યું હતું. તેમાં રાજપરા, સાંખડાંસર,પાલીયાળી, પાંચપીપળા, તણસા કન્યા શાળા જોડાઈ હતી.

**માઈધાર સમાચાર**

- તા.૧૩ના રોજ 'અગસ્ત્ય ફાઉન્ડેશન' માંથી નીમેષભાઈ અને હિરેનભાઈ આવિષ્કાર વિજ્ઞાન કેન્દ્રની મુલાકાતે અને ગણિતનાં નવા મોડલ્સ અંગે આવી ગયા.
- તા.૧૩ થી ૨૬ સુધી શ્રી ભરતભાઈ દવે સંગીત તાલીમ માટે રહી ગયા.
- તા. ૨૦ના રોજ લોકકલ્યાણ વિદ્યાલયનાં વિદ્યાર્થીઓ એક દિવસ શૈક્ષણિક પ્રવાસમાં જઈઆવ્યા.
- તા. ૨૦ થી ૨૯ દરમિયાન ધરમપુર પિંડવળનાં ધોરણ ૬ અને ૭ નાં બાળકોની શિબિર યોજાઈ. જેમાં આવિષ્કાર વિજ્ઞાન કેન્દ્રમાં બાળકો વિજ્ઞાનના પ્રયોગો જાતે કરીને શીખ્યા. મોજીલા શિક્ષણની પ્રવૃત્તિઓ અને રમતો તેમજ સ્ટેમલેબ, શ્રી ભાવનાબહેન દ્વારા અભિનય ગીતો, વાર્તા, નાટક, તેમજ માઈધાર સંસ્થાની પ્રવૃત્તિઓ

રસપ્રદ રીતે શીખ્યા.

- તા. ૨૫ના રોજ સંગીત સંધ્યાનો કાર્યક્રમ યોજાયો. જેમાં લોકવિદ્યાલય માઈધારના વિદ્યાર્થીઓ અને પિંડવળ ધરમપુરના વિદ્યાર્થીઓએ ગીતો રજૂ કર્યા.
- તા. ૨૭ના રોજ શ્રી હસમુખભાઈ દેવમુરારિ અને શ્રી ધરતીબહેન જોગરાણાએ આકાશદર્શન કરાવ્યું. જેમાં ધરમપુરના અને લોકવિદ્યાલય - માઈધારના વિદ્યાર્થીઓ અને શિક્ષકો જોડાયા.
- એપ્રિલ માસ દરમિયાન આજુબાજુના લાખાવડ, અનિડા, માંડવડા, ગાધેસર ગામોમાં રાત્રીસભા કરી ગ્રામજનોને માઈધાર કેન્દ્રની પ્રવૃત્તિઓથી વાકેફ કર્યા.

## શ્રદ્ધાંજલિ

- લોકભારતીના પૂર્વ કાર્યકર સ્વ. શ્રી દિનેશચંદ્ર ભટ્ટના ધર્મપત્ની શ્રી વિમળાબહેન ભટ્ટનું તા. ૧૩-૦૪-૨૦૨૪ના રોજ ૭૬ વર્ષની વયે ભાવનગર મુકામે દુઃખદ અવસાન થયેલ છે.
- લોકભારતીના કાર્યકર શ્રી રાજુભાઈ જોષીના બનેવી શ્રી હસમુખલાલ વ્રજલાલ જોષીનું તા. ૧૮-૦૪-૨૦૨૪ના રોજ ૫૪ વર્ષની વયે ભાવનગર મુકામે દુઃખદ અવસાન થયેલ છે.
- લોકભારતીના કાર્યકરશ્રી વાસુદેવભાઈ મહેતાના પિતાશ્રી મુકુંદભાઈ મહેતાનું તા. ૧૯-૦૪-૨૦૨૪ના રોજ ૮૫ વર્ષની વયે રાજકોટ મુકામે દુઃખદ અવસાન થયેલ છે.
- લોકભારતીના શુભેચ્છક, દાતા, પ્રખર ગાંધીવાદી, વિખ્યાત વિચારક-લેખક અને મુંબઈ કસ્તુરબા હેલ્થ સોસાયટીના પ્રમુખ શ્રી ધીરુભાઈ મહેતાનું તા. ૨૨-૦૪-૨૦૨૪ના રોજ ૮૮ વર્ષની વયે મુંબઈ મુકામે દુઃખદ અવસાન થયેલ છે.
- કલ્પસરના પ્રણેતા, ટેકનોક્રેટ અને એમ.એસ. યુનિવર્સિટી- વડોદરાના પૂર્વ કુલપતિ શ્રી અનિલભાઈ કાણેનું તા. ૨૬-૦૪-૨૦૨૪ના રોજ ૮૩ વર્ષની વયે દુઃખદ અવસાન થયેલ છે.
- મણાર લોકશાળાના કાર્યકરશ્રી કરશનભાઈ જાંબુચા અને શ્રી વિજયાબહેન જાંબુચાના પિતાશ્રી ભગવાનભાઈ જાંબુચાનું તા. ૨૭-૦૪-૨૦૨૪ના રોજ ૮૫ વર્ષની વયે ભાવનગર મુકામે દુઃખદ અવસાન થયું. તેમના પાર્થિવ દેહનું સર ટી. હોસ્પિટલને દેહદાન કરવામાં આવ્યું.
- લોકભારતીમાં યોજાયેલ રામકથાના પ્રમુખ વ્યવસ્થાપક અને જાણીતા લોકસેવક એવા તલગાજરડાના શ્રી ચીમનભાઈ વાઘેલાના ધર્મપત્ની શ્રી ઈન્દુબહેન વાઘેલાનું તા. ૩૦-૦૪-૨૦૨૪ના રોજ ૭૩ વર્ષની વયે તલગાજરડા મુકામે દુઃખદ અવસાન થયેલ છે.
- ગાંધીજન, લેખક, પ્રયોગશીલ શિક્ષણવિદ્ અને સ્ત્રી સશક્તિકરણના પ્રેરક શ્રી ઉષાબહેન ગુલાબભાઈ જાનીનું તા. ૦૧-૦૫-૨૦૨૪ના રોજ ૯૦ વર્ષની વયે રાજકોટ મુકામે દુઃખદ અવસાન થયેલ છે.

સમગ્ર લોકદક્ષિણામૂર્તિ પરિવાર તેઓના પરિવારો ઉપર આવી પડેલ આ દુઃખદ આઘાતને સહન કરવાની શક્તિ આપે અને દિવંગત આત્માઓને પરમ શાંતિ મળે તેવી પ્રભુ પ્રાર્થના કરે છે અને શ્રદ્ધાંજલિ અર્પણ કરે છે.

## બી.વૉક. અભ્યાસક્રમની પ્રથમ બેંચનો દીક્ષાંત સમારોહ





## પુનઃ ધબકતા થઈ રહેલ અરણેજ કૃષિ કેન્દ્રની વિવિધ પ્રવૃત્તિઓ
















To.

**From :**

**Registered** *BVR/151/2024-2026, RNI No. GUJ/1763-57, Renew upto 31-12-2026*

**Published on :** *14th of every month. Posted at : Amargadh Post office on 15th of every month*

**मालिक :** ग्रामदक्षिणामूर्ति-आंबला ट्रस्ट की ओर से **मुद्रक-प्रकाशक :** सुरसंगभाई चौहान - ग्रामदक्षिणामूर्ति-आंबला, पीन ३६४ २५० (गुजरात) द्वारा चामुंडा प्रिन्टिंग प्रेस, सोनगढ, पीन ३६४ २५० मे मुद्रित करके ग्रामदक्षिणामूर्ति : आंबला से प्रकाशित किया ।

**तंत्री :** डो. अरुण दवे : लोकभारती- सणोसरा, (गुजरात) Email : kodiyusanosara@gmail.com वार्षिक चंदा रु. २००/- प्रति अंक रु. २०/-